દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 133 ■ વિક્રમ સંવત ૨૦૮૨
અધિક જયેષ્ઠ વદ - ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 June 2026, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૬ જૂન ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ ૭ ૮ ૯ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ઑઈલના વધતા ભાવ અને યુદ્ધનાં કાળાં વાદળો વચ્ચે

# ભારતના આર્થિક વિકાસની રૉકેટ ગતિથી દુનિયા દંગ

## જાન્યુઆરી-માર્ચના ગાળામાં જીડીપીનો ૭.૮ ટકા અને આખા વર્ષનો ૭.૭ ટકા વૃદ્ધિદર

નવી દિલ્હીઃ દેશનું અર્થતંત્ર ૨૦૨૫-૨૬માં ૭.૭ ટકાના દરે વિકસ્યું હતું. આ ટકાવારી ૨૦૨૪-૨૫ના ૭.૧ ટકાથી વધુ હતી.

સ્ટેટિસ્ટિક્સ ઍન્ડ પ્રૉગ્રામ ઇમ્પ્લિમેન્ટેશન મંત્રાલયે જણાવ્યું હતું કે ૨૦૨૫-૨૬ના જાન્યુઆરી - માર્ચના સમયગાળામાં ગ્રૉસ ડૉમેસ્ટિક પ્રૉડક્ટ (કુલ સ્થાનિક ઉત્પાદન - જીડીપી)નો વિકાસદર ૭.૮ ટકા રહ્યો હોવાનો અંદાજ છે. ઇરાન અને અમેરિકા વચ્ચેના યુદ્ધને કારણે ઑઇલના વધતા ભાવ તથા એને કારણે દેશભરમાં ઊભા થયેલા સંકટ વચ્ચે પણ ભારતના આ જબરજસ્ત આર્થિક વિકાસથી દુનિયા દંગ થઈ ગઈ છે.

તેણે જણાવ્યું હતું કે રિયલ (ખરી) જીડીપી કે સ્થિર કિંમતોએ (કૉન્સ્ટન્ટ પ્રાઇઝીસ) જીડીપી ૨૦૨૫-૨૬માં રૂપિયા ૩૨૩.૧૨ લાખ કરોડના સ્તરે પહોંચી હોવાનો અંદાજ છે. તેની સરખામણીમાં ૨૦૨૪-૨૫ માટેની જીડીપીનો પ્રથમ સુધારિત અંદાજ (ફર્સ્ટ રિવાઇઝ્ડ એસ્ટીમેટ) રૂપિયા ૨૯૯.૮૯ લાખ કરોડ હતો.

'નોમિનલ જીડીપી' (દેશમાં ચોકક્સ સમયમાં તૈયાર થતાં ઉત્પાદનો અને અપાતી સેવાનું હાલના ભાવે કુલ મૂલ્ય) કે હાલના ભાવે જીડીપી ૨૦૨૫-૨૬માં રૂપિયા ૩૪૬.૩૬ લાખ કરોડના સ્તરે પહોંચી હોવાનો અંદાજ છે. અગાઉ ૨૦૨૪-૨૫માં આ રકમ રૂપિયા ૩૧૮.૦૭ લાખ કરોડ હતી એટલે ૨૦૨૫-૨૬માં ૮.૯ ટકાનો વધારો થયો હતો.

દરમિયાન, મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરને શુક્રવારે જણાવ્યું હતું કે વિકાસનો દર અનિશ્ચિત છે અને બાહ્ય પરિબળો પર આધારિત છે. 'મેક્રો સ્ટેબિલિટી' (બહારના 'આંચકા'ને પચાવીને સ્થિર આર્થિક વિકાસ કરવાની ક્ષમતા) અને સપ્લાય (પુરવઠા) ક્ષેત્રે યોગ્ય પગલાં લેવાય તો ૨૦૨૮ના નાણાકીય વર્ષમાં સાત ટકાનો વિકાસદર પ્રાપ્ત કરી શકાશે.

ભારતીય રિઝર્વ બૅન્કે શુક્રવારે નાણાકીય વર્ષ ૨૦૨૭ માટેની જીડીપીની આગાહી એપ્રિલના ૬.૯ ટકાથી ઘટાડીને ૬.૬ ટકા કરી હતી. તેના માટે પશ્ચિમ એશિયામાંના યુદ્ધને લીધે પુરવઠો ખોરવાતા ઊર્જા, ઈંધણ અને અન્ય ચીજોના થયેલા ભાવ-વધારાને જવાબદાર ઠેરવવામાં આવી હતી. (એજન્સી)

# ૨૨,૦૦૦ કરોડનાં વિકાસ-કામ સુરત-દમણને ભેટ આપ્યાં મોદીએ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સુરત સ્થિત લાર્સન એન્ડ ટુબ્રો (એલ એન્ડ ટી)ની હજીરા ફેસિલિટીની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે કાર્યરત ઔદ્યોગિક કામગીરી અને માળખાગત પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી હતી. પીએમ મોદીએ એલ એન્ડ ટીના અત્યાધુનિક મેન્યુફેક્ચરિંગ યુનિટ 'એ. એમ. નાઈક હેવી એન્જિનિયરિંગ કોમ્પ્લેક્સ'ની મુલાકાત લીધી, જ્યાં કંપનીના ઉચ્ચ અધિકારીઓએ તેમને સમગ્ર પ્લાન્ટનું નિરીક્ષણ કરાવ્યું હતું. આ મુલાકાત દરમિયાન વડા પ્રધાનને ખાસ કરીને ચીન સરહદે ઝડપી તૈનાતી માટે ડીઆરડીઓ અને એલ એન્ડ ટી ડિફેન્સ દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવેલી ૨૫ ટનની એર-ટ્રાન્સપોર્ટેબલ 'જોરાવર' લાઈટ ટેન્ક અને અન્ય સ્વદેશી સંરક્ષણ સાધનો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

પોતાના એક દિવસીય ગુજરાત અને દમણ પ્રવાસ દરમિયાન વડા પ્રધાન મોદી આશરે રૂ. ૨૨૦૦૦ કરોડના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યું હતું તેમજ એક વિશાળ જનમેદનીને સંબોધિત કરી હતી. આ અંતર્ગત પીએમ મોદી માત્ર સુરતમાં જ રોડ, પાવર અને ઔદ્યોગિક ક્ષેત્રના રૂ. ૧૮૮૦૦ કરોડથી વધુના પ્રોજેક્ટ્સ દેશને સમર્પિત કર્યા હતા. જેમાં સુરતમાં નવનિર્મિત ૨૦૦ બેડની સુવિધા ધરાવતી ઇએસઆઈસી હૉસ્પિટલનું લોકાર્પણ મુખ્ય હતું. આ ઉપરાંત, તેઓ કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં રૂ. ૨૯૭૦ કરોડના વિકાસકાર્યોની શરૂઆત કરાવી હતી, જેમાં દમણના નવનિર્મિત 'નમો એરપોર્ટ'ના નવા ટર્મિનલ બિલ્ડિંગનું ભવ્ય ઉદ્ઘાટન પણ કરવામાં આવ્યું હતું.

સુરત મુલાકાત દરમિયાન વડા પ્રધાને ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ તેમજ પાવરગ્રિડ કોર્પોરેશન ઑફ ઇન્ડિયા લિમિટેડના કુલ રૂ. ૪૯૫૦.૩૯ કરોડના ખર્ચના ચાર મહત્વપૂર્ણ વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યું હતું. જેમાં સુરત અને નવસારી જિલ્લામાં પાવરગ્રિડ દ્વારા રૂ. ૪૫૪૬ કરોડના ખર્ચે તૈયાર થયેલ 'ટ્રાન્સમિશન નેટવર્ક એક્સપાન્શન પ્રોજેક્ટ' મુખ્ય છે. આ પ્રોજેક્ટ થકી રાજ્યનું ટ્રાન્સમિશન નેટવર્ક મજબૂત બનશે અને ગુજરાતથી મહારાષ્ટ્ર સુધી ઉચ્ચ-ક્ષમતાવાળો વીજ પ્રવાહ પહોંચાડવો અત્યંત સરળ બની જશે.

લોકાર્પણ કાર્યક્રમ બાદ જનમેદનીને સંબોધિત કરતા વડા પ્રધાન મોદીએ સુરત મહાનગરપાલિકાના પૂર્વ મેયર કનુભાઈ માવાણીને અંજલિ આપી હતી અને સુરતના લોકોના 'સ્પિરિટ'ના વખાણ કર્યા હતા. એક સમયે પ્લેગનો ભોગ બનેલું સુરત આજે સ્વચ્છતામાં અગ્રેસર છે તે બદલ તેમણે એક લાખ લોકો દ્વારા એકઠા કરાયેલા કચરાના અભિયાનને બિરદાવ્યું હતું. આ સાથે જ તેમણે કેમિકલમુક્ત ખેતી અપનાવવા હાકલ કરી હતી અને જણાવ્યું હતું કે, ગુજરાતે ક્લાઈમેટ ચેન્જ વિભાગ બનાવીને ગ્રીન ફ્યુચર તરફ વર્ષો પહેલા જ કદમ ઉઠાવ્યા હતા. સુરતમાં દાયકાઓ સુધી પાણી મળે તે માટે મંજૂર થયેલો તાપી બેરેજ પ્રોજેક્ટ, મેટ્રો, ઇલેક્ટ્રિક બસો અને હજીરા ગ્રીન સ્ટીલ ઉત્પાદન તેનું ઉત્તમ ઉદાહરણ છે.


ગુજરાતના સુરત જિલ્લાસ્થિત હજીરાની મુલાકાત દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ અને ચાલી રહેલી ઔદ્યોગિક કામગીરીની સમીક્ષા ટૅન્કની પાસે ઊભા રહીને કરી હતી. (એજન્સી)

પોતાના સંબોધનમાં વડા પ્રધાને તાજેતરની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીને મળેલા ઐતિહાસિક જનસમર્થન અને રેકોર્ડ બ્રેક જીત બદલ ગુજરાતની પ્રજાનો આભાર માન્યો હતો. તેમણે નવા ચૂંટાયેલા જનપ્રતિનિધિઓને લોકોની વધુ સેવા કરવા ટકોર કરી હતી. ઉપરાંત, કોરોના અને યુદ્ધ જેવી વૈશ્વિક કટોકટીઓના કારણે ઊર્જા અને ઇંધણની સપ્લાય પર પડેલી અસરનો ઉલ્લેખ કરીને ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતા પર ભાર મૂક્યો હતો અને ગર્વભેર જણાવ્યું હતું કે આજે ભારત સૌર ઊર્જા અને ઇથેનોલ ઉત્પાદનમાં વિશ્વમાં ઉચ્ચ ક્રમાંકે છે.

અંતમાં વડા પ્રધાન મોદીએ વિપક્ષ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે દેશમાં કેટલાક નિરાશાવાદી લોકો આત્મનિર્ભર ભારતના અભિયાનની મજાક ઉડાવે છે અને દેશને હંમેશા અન્ય પર નિર્ભર માને છે. કૉંગ્રેસ પર નિશાન સાધતા તેમણે કહ્યું હતું કે, લોકો હવે અરાજકતા અને અનિશ્ચિતતાને પસંદ કરતા નથી, જેના કારણે ગુજરાતે કૉંગ્રેસને હાંસિયામાં ધકેલી દીધી છે અને કર્ણાટકમાં તેમણે મુખ્ય પ્રધાન બદલવા પડ્યા છે. બુલેટ ટ્રેન અને વડોદરા-મુંબઈ એક્સપ્રેસ વે જેવા પ્રોજેક્ટ્સને વિકાસના પરિણામ ગણાવીને તેમણે દેશની જનતાને રાષ્ટ્રહિતમાં થાક્યા વિના પરિશ્રમ કરતા રહેવાની અપીલ કરી હતી.

# માનવો એઆઇ પરનો 'અંકુશ' ગુમાવશેઃ એન્થ્રોપિકની વૉર્નિંગ

વૉશિંગ્ટનઃ એન્થ્રોપિકે કૃત્રિમ બુદ્ધિમત્તા (આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ - એઆઇ)ની વૈશ્વિક કંપનીઓને એડવાન્સ્ડ એઆઇ સિસ્ટમ્સ વિકસાવવાનું હાલમાં બંધ કરવા ભેગા થવાની અપીલ કરતા ભય વ્યક્ત કર્યો હતો કે આ ટૅક્નોલૉજી એટલી બધી ઝડપથી વિકસી રહી છે કે તેનાથી માનવો એઆઇ સિસ્ટમ પરનો 'અંકુશ' ગુમાવે એવો ભય રહેલો છે.

ક્લાઉડ ચેટબોટની આ કંપનીએ ગુરુવારે બ્લોગ પોસ્ટમાં જણાવ્યું હતું કે એઆઇ ટૅક્નોલૉજીમાં બહુ જ ઝડપથી વિકાસ થઇ રહ્યો છે અને તે મોટા ભાગના કામ જાતે બહુ જ જલદી કરી શકે છે. આ ક્ષેત્રની વૈશ્વિક કંપનીઓ એઆઇ સિસ્ટમ્સ વધુ વિકસાવવાનું હાલમાં કામચલાઉ રોકી દે તો સારું રહેશે.

એન્થ્રોપિકે જણાવ્યું હતું કે અમે એઆઇ સિસ્ટમ્સ વધુ વિકસાવવાનું હાલમાં અટકાવવા અન્ય કંપનીઓનો સંપર્ક કરી રહ્યા છે. એઆઇ સિસ્ટમ્સથી હાલમાં કૉડિંગ જેવું સૉફ્ટવેર ટાસ્ક પણ ઝડપથી થઇ જાય છે. એઆઇ સિસ્ટમ પોતાના 'અનુગામી'ની ડિઝાઇન પણ તૈયાર કરી શકે છે. જાતે જ વિકસવાની ક્ષમતા ધરાવતી એઆઇ વિજ્ઞાન, આરોગ્ય ક્ષેત્ર અને અન્ય ક્ષેત્રે લાભદાયક બની શકે છે, પરંતુ તેનાથી માનવો એઆઇ સિસ્ટમ્સ પરનો અંકુશ ગુમાવે એવી શક્યતા પણ વધી છે. (એજન્સી)

# ઇએમઆઇ નહીં વધે પણ મોંઘવારી વધશે

## આરબીઆઈએ રેપો રેટ યથાવત્ રાખ્યો પણ આગાહી કરી કે આર્થિક વિકાસદર ઘટશે

મુંબઈઃ ભારતીય રિઝર્વ બેન્કની નાણાકીય નીતિ સમિતિની બેઠકમાં લેવાયેલા નિર્ણયની જાહેરાત કરવામાં આવી છે. આરબીઆઇ ગવર્નર સંજય મલ્હોત્રાએ જાહેરાત કરી હતી કે રેપો રેટ ૫.૨૫ ટકા પર યથાવત્ રહેશે. આનો અર્થ એ છે કે તમારી લોનની ઇએમઆઇ વધશે નહીં. તમારા લોનનો વ્યાજ દર સ્થિર રહેશે.

લાંબા સમયથી ચાલતા પશ્ચિમ એશિયા યુદ્ધ, વધેલા ઊર્જા ભાવ અને વૈશ્વિક પુરવઠા સપ્લાયની વિક્ષેપોને કારણે વૃદ્ધિ અને ફુગાવાના વધતા જોખમો વચ્ચે વિદેશી મૂડી આકર્ષવા અને રૂપિયાને ટેકો આપવા માટે અનેક પગલાંની જાહેરાત કરી હતી. રૂપિયાને ટેકો આપવા માટે સરકારી સિક્યોરિટીઝમાં લાયક વિદેશી રોકાણકારો માટે વ્યાજ આવક અને મૂડી લાભ પર કર રદ કરવા, બિન-નિવાસી ભારતીયો પાસેથી વિદેશી ચલણ થાપણો માટે રાહત શરતો ઑફર કરવા અને પસંદગીના ઓફશોર બોરોઇંગ માટે હેજિંગ ખર્ચમાં સબસિડી આપવાનો સમાવેશ થાય છે. મોનિટરી પોલિસી કમિટીએ સર્વાનુમતે પોલિસી રેપો રેટને ૫.૨૫ ટકા પર યથાવત્ રાખવાનો નિર્ણય લીધો હતો

આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે ભારતે અગાઉના કટોકટી કરતાં વધુ મજબૂત મેક્રોઇકોનોમિક ફંડામેન્ટલ્સ સાથે વૈશ્વિક અશાંતિના નવા સમયગાળામાં પ્રવેશ કર્યો છે. પરંતુ ચેતવણી આપી હતી કે વધતા ભૂ-રાજકીય તણાવ, વધેલા કોમોડિટીના ભાવ અને પુરવઠા વિક્ષેપો આર્થિક દૃષ્ટિકોણને ખતરો મંડરાઈ રહ્યો છે. પોલિસીનો નિર્ણય સંભળાવતા તેમણે કહ્યું હતું કે સમિતિને લાગ્યું હતું કે વૈશ્વિક વાતાવરણ ખરાબ છે. સમિતિને લાગ્યું કે વધુ સ્પષ્ટતા જાણવા મળે ત્યાં સુધી રાહ જોવી સમજદારીપૂર્વકનો નિર્ણય છે.

કેન્દ્રીય બેન્કે કહ્યું કે ફુગાવાનું દબાણ હજુ ઓછું થયું છે, પરંતુ ચેતવણી આપી છે કે વધતા ખર્ચની અસર પગાર અને ફુગાવાની અપેક્ષાઓ પર પડી શકે છે. તેમણે સામાન્ય કરતા નબળા ચોમાસાની આગાહી અને સંભવિત અલ નિનો પરિસ્થિતિઓના જોખમોનો પણ ઉલ્લેખ કર્યો છે, જે આગામી મહિનાઓમાં ખાદ્યપદાર્થોના ભાવ પર દબાણ લાવી શકે છે.

આરબીઆઇએ ચાલુ નાણાકીય વર્ષ માટે વૃદ્ધિનો પોતાનો અંદાજ ઘટાડી દીધો છે. ૨૦૨૬-૨૭ માં વાસ્તવિક જીડીપી વૃદ્ધિ દર ૬.૬ ટકા રહેવાનો અંદાજ લગાવ્યો છે જે એપ્રિલમાં લગાવવામાં આવેલા ૬.૯ ટકાના અંદાજ કરતા ઓછો છે. આ અંદાજ ૨૦૨૫-૨૬ માટે અંદાજિત ૭.૬ ટકા કરતા પણ ઓછો છે. આ ઉપરાંત ફુગાવો ૫.૧ ટકા પર પહોંચે એવી આગાહી કરી છે. અગાઉ ફુગાવાનો અંદાજ ૪.૬ ટકા મૂકવામાં આવ્યો હતો. સરકારે કહ્યું કે તે ૧ એપ્રિલ, ૨૦૨૬થી સરકારી સિક્યોરિટીઝમાં પાત્ર વિદેશી રોકાણકારો માટે વ્યાજ આવક અને મૂડી લાભ પરના કરને રદ કરશે, જ્યારે આરબીઆઈએ તેના અનિયંત્રિત વિદેશી રોકાણ માર્ગ હેઠળ ઉપલબ્ધ સોવરિન બોન્ડ્સનો દાયરો વધારશે. આરબીઆઈએ વિદેશી દેવું એકત્ર કરતી સરકારી કંપનીઓ માટે રાહત દરે ફોરેક્સ સ્વેપની પણ જાહેરાત કરી અને કહ્યું કે તે બિન-નિવાસી ભારતીયો પાસેથી ડોલરના પ્રવાહને આકર્ષવા માટે ૩૦ સપ્ટેમ્બર સુધી નવી ત્રણ થી પાંચ વર્ષની એફસીએનઆર (બી) થાપણો પર હેજિંગ ખર્ચ સહન કરશે. (એજન્સી)

# કૉક્રોચ જનતા પાર્ટીના આજના આંદોલનને જેન-ઝી સફળ બનાવશે?

નવી દિલ્હીઃ કૉક્રોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજિત દીપકેએ શુક્રવારે જણાવ્યું હતું કે હું દિલ્હીના જંતર મંતરમાં સૂચિત વિરોધ પ્રદર્શન કરવા ભારત આવી રહ્યો છું. સૂત્રોના જણાવ્યાનુસાર કૉક્રોચ જનતા પાર્ટીએ પોતાના આંદોલન માટે ચોક્કસ નિયમોનું પાલન કરવા માટે જેન-ઝીને કહ્યું છે. હવે જોવું એ રહ્યું કે શું જેન-ઝી કૉક્રોચ જનતા પાર્ટીના આંદોલનને સફળ બનાવે છે કે નહીં?

દરમિયાન, આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલે સોશ્યલ મીડિયા 'એક્સ' પર લખ્યું હતું કે પરીક્ષાના પેપર ફોડવાનો અબજો રૂપિયાનો ધંધો ચાલે છે. જવાબદાર લોકો સામે પગલાં લેવા દબાણ લાવવાની જરૂર છે અને એ માટે યુવાનોએ રસ્તા પર ઊતરવાની જરૂર છે.

અભિજિત દીપકે 'નીટ', સીયુઇટી, સીબીએસઇ, એસએસસી જીડી સહિતની રાષ્ટ્રીય સ્તરની અનેક પરીક્ષામાંની કહેવાતી ગેરરીતિ માટે કેન્દ્રના શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનનાં રાજીનામાની માગણી કરી રહ્યા છે.

દીપકેની છ જૂને ભારત આવવાની આશા છે અને તેઓ દેશની પરીક્ષાની યંત્રણામાંની નિષ્ફળતા બદલ પ્રધાનનાં રાજીનામાની માગણી લઇને શાંતિથી દેખાવ કરવાના છે.

કૉક્રોચ જનતા પાર્ટીના સ્થાપકે જંતર મંતર ખાતે દેખાવ વખતે શિસ્ત જાળવવા પોતાના ટેકેદારોની વિનંતિ કરી હતી. દેખાવ કરવા જંતર મંતર ખાતે આવનારા લોકોને રાષ્ટ્રીય ધ્વજ અને એક પુસ્તક સાથે લાવવા કહેવાયું છે. કૉક્રોચ જનતા પાર્ટીએ ટેકેદારોને કોઇનું શંકાસ્પદ વર્તન જણાય તો તેની જાણ પોલીસને કરવા સૂચના આપી છે. આ ઉપરાંત, ગરમીને ધ્યાનમાં રાખીને તબિયત ન બગડે તે માટે સરખું પાણી પીતા રહેવા પણ કહેવાયું છે. (એજન્સી)


મધ્ય પ્રદેશના ભોપાલમાં ગુરુવારે ભારે વરસાદ સાથે આવેલા વાવાઝોડાને કારણે બસ સ્ટેન્ડનું માળખું તૂટી પડ્યું હતું. (એજન્સી)

# ઑ પરેશન સિંદૂર રોકવા બદલ ટ્રમ્પના આભારીઃ શરીફ

ઈસ્લામાબાદઃ ભારત-પાકિસ્તાન વચ્ચે સમયસર યુદ્ધવિરામ કરાવવા બદલ અમે અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પના હંમેશા આભારી રહીશું, એમ પાકિસ્તાનના વડા પ્રધાન શેહબાઝ શરીફે કહ્યું હતું. અમેરિકાના ૨૫૦મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણીના ભાગરૂપ અહીંની અમેરિકાની એલચીકચેરી દ્વારા યોજવામાં આવેલા કાર્યક્રમને સંબોધન કરતાં શેહબાઝ શરીફે અમેરિકા-પાકિસ્તાનના સંબંધોને સાચા અને વિશેષ લેખાવ્યા હતા અને કહ્યું હતું કે છેલ્લાં આઠ દાયકાથી બંને દેશ વચ્ચેના સંબંધ મજબૂત અને મિત્રતાપૂર્ણ રહ્યા છે. ૨૬ નિર્દોષ નાગરિકોનો ભોગ લેનારાં પહલગામ આતંકવાદી હુમલાને પગલે ગયા વરસે ભારત અને પાકિસ્તાનના લશ્કર વચ્ચે ચાર વખત થયેલી અથડામણનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે ટ્રમ્પની સમયસરની નિર્ણાયક દખલગીરીને કારણે ભારત અને પાકિસ્તાન વચ્ચે ગયા વર્ષની ૧૦મી મેએ યુદ્ધવિરામ થયું હતું. દક્ષિણ એશિયા વિસ્તારમાં શાંતિ સ્થાપવા અને લાખો લોકોના જીવ બચાવવા બદલ અમે ટ્રમ્પના સદાય આભારી રહીશું, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

# સરકારી બૉન્ડમાં વિદેશી રોકાણ પર કૅપિટલ ગૅઇન્સ ટૅક્સ નહિ લાગે

નવી દિલ્હીઃ સરકારે વિદેશી રોકાણકારોને સરકારી સિક્યોરિટીઝના કૅપિટલ ગૅઇન્સ અને વ્યાજની આવક પરના ઇન્કમ ટૅક્સમાંથી બાકાત રાખવાની શુક્રવારે જાહેરાત કરી હતી.

રૂપિયા પર વધી રહેલા દબાણનો સામનો કરવા વિદેશી મૂડીને આકર્ષવાના પ્રયાસના ભાગરૂપે આ પગલું ભરાયું છે. સરકારે પહેલી એપ્રિલથી અસરમાં આવે એ રીતે વિદેશી રોકાણકારોને સરકારી સિક્યોરિટીઝના વેચાણ, એક્સ્ચેન્જ કે ટ્રાન્સફરથી મળતા કૅપિટલ ગૅઇન્સ અને વ્યાજની આવક પરના ઇન્કમ ટૅક્સમાંથી બાકાત રાખવા ઇન્કમ ટૅક્સ ઍક્ટમાં સુધારા કરતો વટહુકમ બહાર પાડ્યો હતો. સરકારે પાંચ જૂને આ સંબંધમાં ગૅઝેટમાં નૉટિફિકેશન બહાર પાડ્યું હતું.

નાણાં મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે વિદેશી રોકાણકારોને ઇન્કમ ટૅક્સમાંની આ માફી પહેલી એપ્રિલથી લાગુ પડશે એટલે કે સરકારી સિક્યોરિટીઝમાંના રોકાણથી થતી આવક પર ફૉરેન પોર્ટફોલિયો ઇન્વેસ્ટમેન્ટ (એફપીઆઇ)ને પહેલી એપ્રિલથી ઇન્કમ ટૅક્સ નહિ લાગે.

વિદેશી રોકાણકારોને ૧૨ મહિનાથી વધારે સમય માટે રાખેલા લિસ્ટેડ શૅર્સ અને બૉન્ડ્સ પર ૧૨.૫ ટકા લૉન્ગ-ટર્મ કૅપિટલ ગૅઇન્સ ટૅક્સ લાગતો હતો. તેઓએ સરકારી બૉન્ડ્સની આવક પર ૨૦ ટકા વિથહૉલ્ડિંગ ટૅક્સ ચૂકવવા પડતો હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ દ્વારા સહી કરાયેલા આ વટહુકમમાં બીઆઇએસની વ્યાખ્યા કરતા લખાયું હતું કે 'સ્વિટ્ઝર્લૅન્ડના બાઝલમાં વડું મથક ધરાવતી અને ૧૯૩૦માં સ્થપાયેલી આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થા.'

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અન્નામલાઈ ભવિષ્યમાં તમિળનાડુના મુખ્ય પ્રધાન બની શકે

**તમિળનાડુમાં** લાંબા સમયથી ચાલતા ડ્રામાનો અંત લાવીને અંતે કે. અન્નામલાઈએ ભાજપને રામ રામ કરી દીધા. અન્નામલાઈએ અઠવાડિયા પહેલાં જ ભાજપ છોડવાનું નક્કી કરી નાખેલું પણ ભાજપ હાઈકમાન્ડ અન્નામલાઈને છોડવા તૈયાર નહોતું કેમ કે તમિળનાડુમાં ભાજપ પાસે બીજો કોઈ નેતા જ નથી. આ કારણે અન્નામલાઈને મનાવવા માટે ભરપૂર કોશિશ કરાઈ.

ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નીતિન નબીનથી માંડીને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સુધીના નેતાઓએ અન્ના સાથે મીટિંગ કરી. અન્નાને રાજ્યસભાની બેઠકથી માંડીને કેન્દ્ર સરકારમાં મંત્રીપદ સુધીની ઓફર કરાઈ હોવાના અહેવાલ છે. સામે અન્નાને તમિળનાડુ ભાજપ પ્રમુખપદથી ઓછું કશું ખપતું નહોતું ને પ્રમુખપદ પણ પૂરાં સાત વર્ષ લગી જોઈતું હતું એવું કહેવાય છે. ભાજપ એવી ખાતરી આપી શકે તેમ નહોતો તેથી છેવટે તું તારા રસ્તે ને અમે અમારા રસ્તે એમ કરીને અન્નાનું રાજીનામું સ્વીકારી લેવાયું.

અન્નામલાઈની ભાજપમાંથી વિદાય સાથે તમિળનાડુમાં ભાજપની ફરી બેઠા થવાની રહીસહી આશા પણ ખતમ થઈ ગઈ છે એવું મોટા ભાગના રાજકીય વિશ્લેષકો માને છે. ભાજપે અન્નામલાઈને કોરાણે મૂકીને વિધાનસભા ચૂંટણીમાં અન્ના દ્રમુકે સાથે જોડાણ કરેલું તેમાં સાવ ધોવાઈ ગયો. લોકસભાની ચૂંટણી વખતે અન્ના ભાજપનો પ્રમુખ હતો ને ભાજપને કુલ મતોમાંથી ૧૧ ટકા મત મળ્યા હતા. વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ગણીને ૩ ટકા મત મળ્યા ને ૩૩ ઉમેદવાર ઊભા રાખેલા તેમાંથી માત્ર ૧ જીત્યો છે.

અન્નાએ જયલલિતાને ભ્રષ્ટાચારી ગણાવ્યાં તેનાથી ગિન્નાઈને અન્ના દ્રમુકે અન્ના પ્રમુખ હોય તો ધોળે ધરમેય ભાજપ સાથે જોડાણ નહીં થાય એવું કહેલું તેથી ભાજપે અન્નાને બદલે નૈનાર નાગેન્દ્રનને ૨૦૨૫ના એપ્રિલમાં પ્રદેશ પ્રમુખ બનાવેલા. ભાજપ એ હદે અન્ના દ્રમુકની નેતાગીરીના પગમાં આળોટી ગયેલો કે, સ્વચ્છ ઈમેજ ધરાવતા અન્નાના બદલે ભ્રષ્ટાચારના કેસોમાં સંડાવાયેલા નાગેન્દ્રનને પ્રદેશ પ્રમુખ બનાવી દીધેલા. નાગેન્દ્રન જયલલિતાની સરકારમાં પ્રધાન રહી ચૂકેલા અને અન્ના દ્રમુક છોડીને ભાજપમાં આવેલા તેથી અન્ના દ્રમુકની નેતાગીરીએ એક રીતે પોતાની કઠપૂતળીને બેસાડી દીધેલી. અપમાનિત થયેલો અન્ના ત્યારથી સક્રિય નહોતો ને વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના ધોવાણે તેને ભાજપ છોડવા કારણ આપી દીધું.

અન્નામલાઈ પોતાનો પ્રાદેશિક પક્ષ બનાવશે. અન્નામલાઈ પ્રાદેશિક પક્ષ બનાવે તો ભવિષ્યમાં વિજયની પાર્ટીને ટક્કર આપી શકે છે. તમિળનાડુમાં વરસો સુધી દ્રમુક અને અન્ના દ્રમુકના દ્રવિડિયન રાજકારણની બોલબાલા રહી છે. ભાજપે હિંદુત્વના જોરે દ્રમુક અને અન્ના દ્રમુકેનું સ્થાન લેવાની કોશિશ કરી પણ સફળ ના થયો કેમ કે ભાજપે હિંદુત્વની સાથે હિંદી ભાષાની ભેળસેળ કરી નાખી. વિજય દ્રમુક અને અન્ના દ્રમુકની ચુંગાલમાંથી તમિળનાડુને મુક્ત કરાવી શક્યો તેમાં વિજયની સુપરસ્ટાર તરીકેની ઈમેજનો તો ફાળો છે જ પણ વિજય પાસે તાજગી છે એ પણ એક કારણ છે. વિજયે લોકોને લહાણી કરવાનાં વચન આપ્યાં તેનું પણ મોટું યોગદાન છે પણ મૂળ વાત લોકોએ તેના પર ભરોસો કર્યો તેની છે. વિજય વિચારધારાની રીતે દ્રમુક અને અન્ના દ્રમુકથી બહુ અલગ નથી છતાં લોકોએ ઓરિજિનલ દ્રવિડિયન પાર્ટીઓને કોરાણે મૂકીને વિજય પર ભરોસો કર્યો કેમ કે વિજય ખાઈ બદેલો નથી ને કોરી સ્લેટ ધરાવે છે. તમિળ પ્રજા વરસોથી દ્રવિડિયન સંસ્કૃતિની વાતો કરીને પોતાના સત્તાલાલસા સંતોષ્યા કરતા ને પ્રજાનું કોઈ ભલું નહીં કરતા નમૂનાઓથી થાકેલી છે એટલે વિજયને તક આપી દીધી. યુવા અને મહિલાઓ વિજય પર ઓળઘોળ થઈ ગયા તેમાં વિજયનો ચાન્સ લાગી ગયો.

અન્નામલાઈના કિસ્સામાં પણ આ વાત લાગુ પડે છે. અન્નામલાઈએ ભાજપ માટે કામ કર્યું પણ ભાજપની લોકોને મૂરખ બનાવતી હિંદુત્વની વિચારધારાથી એક અંતર જાળવ્યું. ભાજપનું હિંદુત્વ મુસ્લિમ વિરોધી કુપ્રચાર અને પાકિસ્તાનની બદબોઈ પર આધારિત છે. ભારત ૧૫૦ કરોડની વસતી ધરાવતો દેશ હોવા છતાં અમેરિકા કે જાપાનની વાત છોડો પણ આપણા જેટલી જ વસતી ધરાવતા ચીન જેવો વિકાસ પણ કેમ નથી કરી શકતો તેની વાત કરવાના બદલે પાકિસ્તાન ને બાંગ્લાદેશ જેવા ભૂખડી બારસ દેશો સાથે સરખામણી કરીને હિંદુઓને ફાંકામાં રાખવા એ ભાજપનું હિંદુત્વ છે. હિંદુત્વના મસિહા હોવાનો ડોળ કરીને બાંગ્લાદેશ ને પાકિસ્તાનની ખોટી ખોટી ચિંતાઓ કરવી પણ બાંગ્લાદેશમાં હિંદુઓ પર થતા અત્યાચાર મુદ્દે કશું નહીં કરવું એ ભાજપનું હિંદુત્વ છે. આપણા જ દેશમાં વરસોથી રઝળી પડેલા કાશ્મીરી હિંદુઓને ફરી પોતાના વતનમાં વસાવવા માટે કશું જ નહીં કરવું એ ભાજપનું હિંદુત્વ છે.

બીજું ઘણું આવું ગણાવી શકાય પણ આપણે અત્યારે વાત અન્નામલાઈની કરી રહ્યા છીએ તેથી એ મુદ્દો બાજુ પર મૂકીએ. અન્નામલાઈએ આ બધી વાતો કરવાના બદલે, માત્ર દ્રમુકના ભ્રષ્ટાચારની વાતો કરી ભાજપની જેમ બેવડાં ધોરણો ન બતાવ્યા અને મહાભ્રષ્ટાચારી જયલલિતાના ભ્રષ્ટાચાર વિશે ચૂપ રહેવાના બદલે જયલલિતાનો અસલી ચહેરો લોકો સામે મૂક્યો. અન્નામલાઈએ હિંદીનો વિરોધ ના કર્યો પણ હિંદી થોપવાની પણ તરફેણ નથી કરી. તેના કારણે તમિળ પ્રજાની લાગણી ના દુભાઈ. તમિળનાડુનો હિંદુ તમિળ ભાષાને પોતાનું ગૌરવ માને છે તેથી ભાજપ હિંદી ભાષાનું વાજું વગાડ્યા કરે એ તેને નથી ગમતું. આ કારણે તમિળનાડુમાં બહુમતી હિંદુઓની હોવા છતાં ભાજપ ઘૂસી શકતો નથી.

અન્નામલાઈ તમિળ છે, તમિળ ભાષાનો સમર્થક છે અને તમિળ હિંદુઓની લાગણીને સારી રીતે સમજે છે. ભાજપની જેમ હિંદુત્વ સાથે હિંદી ભાષાની ભેળસેળ કરવાના બદલે તમિળ ભાષા અને હિંદુત્વની મસ્ત મિલાવટ કરી શકે છે એ જોતાં ભાજપથી નોખો થાય તો તેને લોકોનો આવકાર વધારે મળે એવું બને. ભાજપ સત્તામાં આવશે તો ઉત્તર ભારતનું કલ્ચર તમિલ પ્રજા પર થોપી બેસાડશે એવો કુપ્રચાર પણ અન્નામલાઈ સામે કરી શકાય તેમ નથી એ જોતાં અન્નામલાઈ તમિળ પ્રજામાં સ્વીકૃત બની શકે છે.

ભાજપ એક સમયે મહેનત કરીને સત્તા સુધી પહોંચવા મથતી પાર્ટી હતી. હવે ભાજપ એ બધું છોડીને વિપક્ષના નેતાઓને તોડી લાવીને તેમને મોટા ભા કરીને ને રેવડીઓ ખવડાવીને સત્તા મેળવવાનો શોર્ટ કટ અપનાવતી પાર્ટી બની ગઈ છે. અન્ના હજુય મહેનત કરીને સંગઠનેન મજબૂત કરીને અને લોકોની સમસ્યાઓ વિશે વાત કરીને પ્રભાવ ઉભો કરવામાં માને છે. તમિળનાડુમાં ભાજપ ઝીરો હતો તેમાંથી તેણે મજબૂત સંગઠન બનાવેલું. આ આવડત અને સંગઠન બંને તેને મદદ કરી શકે છે.

અન્નામલાઈ શિક્ષિત છે અને આઈપીએસ છોડીને રાજકારણમાં આવ્યો છે. આઈપીએસ તરીકે અન્નાએ એક પ્રમાણિક અધિકારી તરીકેની ઈમેજ ઊભી કરી હતી. આ જ ઈમેજ તેણે રાજકારણમાં પણ જાળવી છે. બીજા રાજકારણીઓ ભ્રષ્ટાચારીઓ અને ગુનાઈત ઈતિહાસ ધરાવતા રાજકારણીઓના પગોમાં આળોટી જાય છે ત્યારે અન્નાએ તેમનાથી અંતર જાળવ્યું. યુવાઓને આવી ઈમેજ ગમે છે એ જોતાં અન્ના માટે સારી તક છે અને ભવિષ્યમાં એ તમિળનાડુના મુખ્ય પ્રધાન બની શકે છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ, શનિવાર, તા. ૬-૬-૨૦૨૬, પંચક પ્રારંભ

- ભારતીય દિનાંક ૧૬, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અધિક જયેષ્ઠ વદ-૬
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અધિક જયેષ્ઠ, તિથિ વદ-૬
- પારસી શહેનશાહી રોજ ૨૬મો આસતાદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૬મો આસતાદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૦મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૧મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- નક્ષત્ર શ્રવણ સવારે ક. ૦૬-૦૨ સુધી, પછી ધનિષ્ઠા
- ચંદ્ર મકર રાત્રે ક. ૧૯-૦૩ સુધી, પછી કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ), કુંભ (ગ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૧, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૫-૪૬, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૪૬ (તા. ૭)
- ઓટઃ સવારે ક. ૦૮-૪૬, રાત્રે ક. ૨૨-૧૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, અધિક જયેષ્ઠ કૃષ્ણ – ષષ્ઠી. પંચક પ્રારંભ રાત્રે ક. ૧૯-૦૩
- શુભાશુભ દિનશુદ્ધિઃ સવારે ક. ૧૦-૦૫ સુધી શુભ
- મુહૂર્ત વિશેષઃ શનિ-મંગળ ગ્રહદેવતાનું પૂજન, વસુદેવતાનું પૂજન, ખીજડીનું વૃક્ષ વાવવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિ પૂજા, પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા-કળશ પતાકા ચઢાવવી, નવાં વસ્રો, આભૂષણ રત્ન ધારણ, ધાન્ય ભરવું, ધાન્ય વેંચવું, બી વાવવું, ખેતીવાડી, હજામત, વૃક્ષ રોપવા, પશુ લે-વેંચ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન,
- પુરુષોત્તમ માસ મહિમાઃ કોઈપણ ઉચ્ચ ઉમદા, સમાજોપયોગી કાર્યને નિયમિતપણે કરતાં રહીએ, લેખન-વાંચન, અભ્યાસ, ધ્યાન, જપ, મંત્ર, અનુષ્ઠાન, સંશોધન, ડોક્ટર, વૈદ્યની, રુગ્ણની સારવાર ઈત્યાદિને તપ કહી શકાય. ગૃહસ્થીને માટે તપશ્ચર્યા પણ આવશ્યક છે. અધિક માસમાં થતાં મંત્ર અનુષ્ઠાન, જપ, ઈત્યાદિ તપનો એક સુંદર અવસર કયો હોઈ શકે? આ મહિનામાં શ્રી વિષ્ણુ સહસ્ત્ર નામ સ્તોત્રનો પાઠ કરવાથી કુંડળીના ગ્રહ દોષો શાંત થાય છે અને જીવનમાં સ્થિરતા આવે છે.
- આચમનઃ ચંદ્ર-બુધ અર્ધચતુષ્કોણ ગપ્પા મારવાની આદત.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ અર્ધચતુષ્કોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-મેષ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-મિથુન, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## ભારત-અમેરિકા વચગાળાના વેપાર કરારનો ટૂંકમાં અમલ શક્ય

વિશાખાપટ્ટનમઃ ભારત અને અમેરિકા વચગાળાના વેપાર કરારના તમામ ખુલ્લા છેડા જોડવા તરફ આગળ વધી રહ્યા છે, અને બંને પક્ષ આગામી મહિનાના મધ્ય સુધીમાં કરારના ''ખૂબ જ ગતિશીલ'' પ્રથમ તબક્કાને અમલમાં મૂકે તેવી શક્યતા છે, એમ વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પિયુષ ગોયલે શુક્રવારે જણાવ્યું હતું.તેમણે કહ્યું કે યુએસ ટીમ સોદાને અંતિમ સ્વરૂપ આપવા માટે ૨-૪ જૂન સુધી નવી દિલ્હીમાં હતી. તેમણે ભારતીય ટીમ સાથે ચર્ચા કરી હતી. હું ગઈકાલે પણ તેમને મળ્યો હતો, અને અમે બધા ખુલ્લા છેડા બંધ કરવા તરફ ઝડપથી આગળ વધી રહ્યા છીએ, અને મને લાગે છે કે આવતા મહિનાના મધ્ય સુધીમાં, આપણે ખૂબ જ ગતિશીલ પ્રથમ તબક્કાને અમલમાં મૂકવાની સ્થિતિમાં હોઈશું. આ આપણા દ્વિપક્ષી વેપાર કરારનો ફક્ત પહેલો તબક્કો છે, જે આપણા સ્પર્ધકો કરતાં ભારતને પ્રાથમિકતા આપશે.આપતા સંયુક્ત નિવેદન બહાર પાડ્યું હતું.

## ટીએમસીના નેતા ફિરહાદ હકીમનું કોલકાતાના મેયરપદેથી રાજીનામું

કોલકાતાઃ ટીએમસીના નેતા ફિરહાદ હકીમે શુક્રવારે કોલકાતાના મેયરપદ પરથી રાજીનામું આપી દીધું હતું. આ બાબત વિધાનસભાની ચૂંટણીમાં પક્ષનો થયેલો નાલેશીજનક પરાજય લાંબા સમયથી રાજકીય પ્રભુત્વ જાળવી રાખનાર પક્ષના શહેરી સત્તાકીય માળખાને હચમચાવી રહ્યો હોવાનાં સંકેત આપે છે. મેયરના રાજીનામાને પગલે રાજ્ય સરકાર આગામી પગલાં અંગે નિર્ણય ન લે ત્યાં સુધી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા-નગરપાલિકાનો વહીવટ અમલદારોના હાથમાં જતો રહે એવી શક્યતા છે. લઘુમતી કોમનો ટીએમસીનો સૌથી જાણીતો ચહેરો અને પક્ષનાં સુપ્રીમો મમતા બેનરજીને સૌથી લાંબો સમય સાથ આપનાર હકીમે કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશન (કેએમસી)ના અધ્યક્ષ માલા રોયના કાર્યાલયને રાજીનામું સુપરત કર્યું હતું.

હકીમે કહ્યું હતું કે કાર્યાલયની માગણી પ્રમાણે હું આ હોદ્દાની જવાબદારી હવે નિભાવી શકું એમ નથી. (એજન્સી)

## ટ્રમ્પને ૭૦ અબજ ડૉલરનું ભંડોળ આપતું ઈમિગ્રેશન બિલ સેનેટમાં મંજૂર

વૉશિંગ્ટનઃ અમેરિકાની સેનેટે પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની ઇમિગ્રેશન એન્ફૉર્સમેન્ટ એજન્સીઝને ભંડોળ પૂરું પાડવા માટેની જોગવાઇ ધરાવતા ખરડાને શુક્રવારે વહેલી સવારે ભારે વિરોધની વચ્ચે પાતળી બહુમતીથી પસાર કર્યું હતું.

સેનેટર્સે ઇમિગ્રેશન ઍન્ડ કસ્ટમ્સ એન્ફૉર્સમેન્ટ અને બૉર્ડર પેટ્રોલને આગામી ત્રણ વર્ષ એટલે કે ટ્રમ્પની પ્રમુખપદની બીજી મુદત પૂરી થાય ત્યાં સુધી ૭૦ અબજ ડૉલરનું ભંડોળ આપવાની જોગવાઇ ધરાવતા ખરડાને '૫૨ (બાવન) વિરુદ્ધ ૪૭' મતથી પસાર કર્યો હતો. આ ખરડા પર અંતિમ મતદાન સવારના પાંચ વાગ્યા કરતાં થોડી મિનિટ પહેલાં જ થયું હતું.

રાજકીય ત્રાસનો સામનો કરનારા કહેવાતા 'રાજકીય સાથીઓ' માટેના ટ્રમ્પના સેટલમેન્ટ ફંડ પર કાયમી પ્રતિબંધ મૂકતા લખાણનો આ ખરડામાં સમાવેશ કરવા ડેમોક્રેટ્સ અને અમુક રિપબ્લિકન્સે કરેલા પ્રયાસને નિષ્ફળ બનાવવામાં રિપબ્લિકન્સને અંતે વહેલી સવારે સફળતા મળી હતી.

રિપબ્લિકન્સને લુઇસિયાનામાંના પોતાના (રિપબ્લિકન) સેનેટર બિલ કેસિડી દ્વારા આ ખરડામાં સુધારો કરવા રજૂ કરેલા સુધારા ખરડાને હરાવવામાં રાતના જ સફળતા મળી હતી. આ સુધારા ખરડામાં સેટલમેન્ટ્સ માટેના ભંડોળને કેપિટલ પર ૨૦૨૧ની છઠ્ઠી જાન્યુઆરીએ થયેલા હુમલામાં ઘાયલ થયેલા લૉ એન્ફૉર્સમેન્ટ એજન્સીઝના સભ્યો માટે વાપરવાની જોગવાઇ હતી, પરંતુ તે સુધારા ખરડો પસાર થઇ નહોતો શક્યો.

સેનેટમાંના મેજોરિટી લીડર એટલે કે સેનેટમાં બહુમતી ધરાવતા પક્ષના મુખ્ય પ્રવક્તા અને વ્યૂહ ઘડનારા જૉન થુનેએ જજમેન્ટ ફંડની આકરી ટીકા કરી હતી. આ જજમેન્ટ ફંડમાં ટ્રમ્પના ટૅક્સ રિટર્ન્સ જાહેર થવાના કિસ્સામાં ઇન્ટરનલ રેવેન્યુ સર્વિસ સામેના કેસના સેટલમેન્ટ (સમાધાન)ની જોગવાઇ હતી. (એજન્સી)

## ભારતીય મૂળના દંપતીએ અમેરિકામાં સ્વાસ્થ્ય ક્ષેત્ર માટે પંચાવન લાખ ડૉલર આપ્યા

હ્યુસ્ટનઃ એક અગ્રણી ભારતીય-અમેરિકન ઉદ્યોગસાહસિક દંપતીએ અમેરિકામાં ગ્રેટર હ્યુસ્ટન વિસ્તાર અને તેના ઉપનગરોમાં તબીબી સેવાઓના વિસ્તરણ માટે પંચાવન લાખ ડોલરનું દાન આપ્યું છે.

બ્રિજ અગ્રવાલ અને તેમની પત્ની સુનિતા અગ્રવાલ દ્વારા આપવામાં આવેલ દાન, સેન્ટ લ્યુક્સ હેલ્થ-સુગર લેન્ડ હોસ્પિટલ ખાતે ક્લિનિકલ કાર્યક્રમોને ટેકો આપશે અને પ્રાથમિક આરોગ્યસંભાળની મર્યાદિત પહોંચ ધરાવતા શહેરમાં નજીકમાં પ્રાઇમરી કેર કોમ્યુનિટી ક્લિનિક સ્થાપિત કરવામાં મદદ કરશે.આ યોગદાન ત્યારે આવે છે જ્યારે અમેરિકામાં આરોગ્યસંભાળ પ્રદાતાઓ પ્રાથમિક અને નિવારક સંભાળની વધતી માંગનો સામનો કરી રહ્યા છે.

આ દાન સમગ્ર વિશ્વમાં મુખ્ય આરોગ્યસંભાળ, શૈક્ષણિક અને નાગરિક સંસ્થાઓને ટેકો આપવામાં ભારતીય-અમેરિકનોની અમેરિકામાં વધતી ભૂમિકાને પણ પ્રકાશિત કરે છે.

હોસ્પિટલના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ દાન હોસ્પિટલના ઇતિહાસમાં સૌથી મોટી ભેટ છે. એવું માનવામાં આવે છે કે, હોસ્પિટલના મુખ્ય દર્દી ટાવર અને પેવેલિયનનું નામ અગ્રવાલ પરિવારના માનમાં રાખવામાં આવશે.

લાંબા સમયથી સુગર લેન્ડના રહેવાસી આ દંપતીએ આરોગ્યસંભાળ, શિક્ષણ અને સમુદાય વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને વ્યવસાયિક સફળતા સાથે પરોપકારનું જોડાણ કર્યું છે.

છત્તીસગઢના વતની બ્રિજ અગ્રવાલે ૧૯૭૯માં હ્યુસ્ટન જઈને હ્યુસ્ટન યુનિવર્સિટીમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગમાં ડિગ્રી મેળવી હતી.

## પ્રજામત


### અખબારોની કામગીરી

આજના ભાગદોડના જમાનામાં સમાચારો પ્રસ્તુત કરતાં અખબારોનું આગવું સ્થાન છે. આવું જ તમારું અખબાર... માતબર ફાળો ફાળવીને સમાજમાં સભાનતા, દરેકે દરેક વિષય પરની ચોક્કસ જ્ઞાનની લહાણી કરીને એક નૈતિક ફરજ બજાવીને દેશની મહાન સેવા કરે છે. અખબાર વગર જીવનમાં કોઈ કડી ખૂટે છે એવી પ્રતીતિ થાય છે. અખબાર પ્રેરણા છે તો એ જ્ઞાનદર્શક પણ છે. તમારા અખબારની રજૂઆત જ જ્ઞાનની જાણે વિદ્યાપીઠ છે. તમારી અજબગજબની યુક્તિઓ જ્ઞાનના દરવાજા ખોલી નાખે છે, અખબાર વગર સવાર ફીકી લાગે...

અખબાર વગરની જીવનસફર જાણે માન વગરની સફર. અખબારને ધન્ય છે...

**હર્ષદ દડિયા, ઘાટકોપર (ઈસ્ટ)**

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. – તંત્રી



ઉત્તર પ્રદેશના બલિયા જિલ્લામાં આવેલા ભારતના ૧૦૦મા રામસર સ્થળ તરીકે જાહેર કરાયેલા જયપ્રકાશ નારાયણ પક્ષી અભયારણ્યસ્થિત તળાવમાં ઘાસ પર બેઠેલું લાલ લટકણીયું ટીટોડી પક્ષી. (એજન્સી)

# મોદી કોઈના દબાણમાં નહીં આવેઃ પુતિન

સેન્ટ પીટર્સબર્ગઃ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને ભારત અને રશિયા વચ્ચેના ઐતિહાસિક સંબંધોની પ્રશંસા કરતા પશ્ચિમી દેશોને એક મજબૂત સંદેશ આપ્યો છે. સેન્ટ પીટર્સબર્ગમાં પત્રકારો સાથે વાત કરતા પુતિને સ્પષ્ટ કર્યું કે અમેરિકા સાથે ભારતનો વધતો સહયોગ રશિયા સાથેના તેના લાંબા સમયથી ચાલતા અને મજબૂત સંબંધોને નબળો પાડતો નથી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે રશિયા સાથેના સંબંધો અંગે નવી દિલ્હી પર દબાણ કરવાના વોશિંગ્ટનના તમામ પ્રયાસો સંપૂર્ણપણે નિષ્ફળ જશે.

રશિયન પ્રમુખે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વની પ્રશંસા કરતા કહ્યું કે અમેરિકા રશિયા સાથેના સંબંધોને કારણે ભારત પર દબાણ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર દબાણ કરવાનો પ્રયાસ સંપૂર્ણપણે નિરર્થક છે.

રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને ચેતવણી આપી છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર રશિયા સાથેના સંબંધો નબળા પાડવા માટે પશ્ચિમી દબાણ વૈશ્વિક સ્થિરતાને નુકસાન પહોંચાડશે. ભારતની પ્રગતિ અચાનક થઈ નથી પરંતુ મોદીના નેતૃત્વ હેઠળ સખત મહેનતનું પરિણામ છે. ગુરુવારે રાત્રે અગ્રણી વૈશ્વિક સમાચાર એજન્સીઓના વડાઓ સાથેની વાતચીતમાં પુતિને ભારતની સ્વતંત્ર વિદેશ નીતિની પણ પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે રશિયા ભારત સાથે તેના સંબંધોને વિસ્તૃત કરવા માટે કટિબદ્ધ છે અને દ્વિપક્ષી વેપારને હાલમાં ૬૦ અબજ ડોલરથી વધારીને ૧૦૦ અબજ ડોલર સુધી પહોંચાડવાની કલ્પના કરે છે. તેમણે વેપાર અને રોકાણ સંબંધોમાં ઉપરના માર્ગને આગળ વધારવા માટે મુખ્ય ક્ષેત્રો તરીકે સ્વચ્છ ઊર્જા, ફાર્માસ્યુટિકલ્સ અને હાઇડ્રોકાર્બનને ગણાવ્યા હતા.

એક સવાલના જવાબમાં પુતિને કહ્યું હતું કે ભારત વિશ્વની અગ્રણી અર્થવ્યવસ્થાઓમાંની એક છે જેણે આર્થિક વિકાસનો સૌથી વધુ દર દર્શાવ્યો છે. આ કોઈ અચાનક પ્રગતિ થઈ નથી. આ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સરકાર દ્વારા કરવામાં આવતી મહેનતનું પરિણામ છે. અમને આશા છે કે આગામી વર્ષોમાં આપણે પરસ્પર વેપારમાં ૧૦૦ અબજ ડોલર સુધી પહોંચીશું. વધુ સક્રિય રીતે કામ કરવા અને વધુ મહત્વાકાંક્ષી લક્ષ્યો સુધી પહોંચવા માટે આપણી પાસે બધા પાયા છે. અને અમે ફક્ત ઊર્જા ક્ષેત્રમાં આપણી યોજનાઓ વિશે જ વાત કરી રહ્યા નથી કારણ કે હાઇડ્રોકાર્બનના સંદર્ભમાં નવા પ્લેટફોર્મ ઊભરી આવશે.

રશિયા સાથેના સંબંધો કાપવા માટે ભારત પર દબાણ લાવવા બદલ પશ્ચિમી શક્તિઓની કડક ટીકા કરતા પુતિને કહ્યું કે મોસ્કોએ તેના કોઈ નકારાત્મક પરિણામો જોયા નથી અને કહ્યું કે આવી યુક્તિઓ વિપરીત પરિણામ આપશે.

### 'ભારત અને ચીનના વિવાદમાં દખલ નહીં'

સેન્ટ પિટ્સબર્ગઃ ભારત અને ચીન વચ્ચેના નાજુક અને સંવેદનશીલ સંબંધમાં દખલગીરી ન કરવાનું રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિને વચન આપ્યું હતું અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના પ્રમુખ શી જિનપિંગ બંને દેશ વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલી મડાગાંઠનો ઉકેલ લાવવા સક્ષમ છે.

મોદી અને જિનપિંગની પ્રશંસા કરતાં પુતિને કહ્યું હતું કે બંને દેશ સાથેની રશિયાની દાયકાઓની જૂની ભાગીદારી કુદરતી રીતે જ વિકસી છે અને રશિયા બંને દેશ સાથે સ્વતંત્ર સંબંધ ધરાવે છે.

ભારત અને ચીન વચ્ચેના સંબંધ નાજુક તેમ જ સંવેદનશીલ છે અને તેમાં દખલગીરી કરવાનો વિચાર યોગ્ય નહીં ગણાય, એમ તેમણે કહ્યું હતું.

મોદી અને જિનપિંગ સરહદી વિવાદ સહિત બંને દેશના પરસ્પર હિતો સંબંધિત મુદ્દાઓનો ઉકેલ લાવવાના પ્રયાસ કરી રહ્યા છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

### 'યુક્રેન સમાધાન કરે તો અમે પણ તૈયાર છીએ'

સેન્ટ પીટર્સબર્ગઃ જો યુક્રેન સમાધાન કરવા તૈયાર હોય તો રશિયા અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના શાંતિ પ્રસ્તાવ હેઠળ શાંતિ કરાર માટે તૈયાર છે, એમ રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને જણાવ્યું હતું.

વિશ્વની અગ્રણી સમાચાર એજન્સીઓના વડાઓ સાથેની વાતચીતમાં પુતિને જણાવ્યું કે મોસ્કો યુક્રેનના ડ્રૉન હુમલાઓનો સામનો કરવા માટે તેની હવાઇ સંરક્ષણ પ્રણાલીને મજબૂત બનાવી રહ્યું છે. તેમજ તેમણે ભારપૂર્વક કહ્યું કે રશિયન સેના યુદ્ધના મેદાનમાં હાવી છે.

આ જ ઘટનાક્રમમાં યુક્રેનિયન પ્રમુખ વોલોડીમીર ઝેલેન્સકીએ પુતિનને લખેલા એક ખુલ્લા પત્રમાં યુદ્ધનો શાંતિપૂર્ણ અંત લાવવા માટે તેમની અને રશિયન પ્રમુખ વચ્ચે રુબરુ મુલાકાતની હાકલ કરી હતી. ઝેલેન્સકીએ બંને પક્ષો વચ્ચે વાટાઘાટો માટે સંપૂર્ણ યુદ્ધવિરામનો પ્રસ્તાવ મૂક્યો છે. તેમજ તર્ક આપ્યો છે કે શાંતિ માત્ર યુક્રેન અને રશિયા વચ્ચે સીધી વાતચીત દ્વારા જ આવી શકશે. આ બાજુ ક્રેમલિને પત્ર મળ્યો હોવાની વાત સ્વીકારી છે.

### સ્ટીલ્થ એસયુ-૫૭નું સાથે મળી ઉત્પાદન કરવાની તૈયારી

સેન્ટ પિટ્સબર્ગઃ રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિને ભારતને ફિફ્થ જનરેશન સ્ટિલ્થ ઍરક્રાફ્ટ સુખોઈ-૫૭ આપવાનો પ્રસ્તાવ મૂક્યો છે અને કહ્યું હતું કે બંને દેશ વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારી અંતર્ગત આ ઍરક્રાફ્ટનું ભારતમાં સંયુક્ત રીતે ઉત્પાદન પણ કરી શકાશે. દાયકાઓ સુધી રશિયાએ ભારતના સંરક્ષણ ક્ષેત્રના મુખ્ય પુરવઠાકાર તરીકેની ભૂમિકા ભજવી છે. જોકે યુક્રેન યુદ્ધને કારણે આ સપ્લાય ચૅઈન ખોરવાતાં ડિલિવરીમાં થયેલા વિલંબને કારણે ભારતે સંરક્ષણ સરંજામ પ્રાપ્ત કરવાની તેની નીતિ અને વ્યૂહમાં આક્રમક રીતે ફેરફાર કર્યો હતો. ફિફ્થ જનરેશન ફાઈટર જૅટ મેળવવાની વરસોની શોધખોળ બાદ ભારતે તેનો મહત્ત્વાકાંક્ષી ઍડવાન્સ મલ્ટી કોમ્બેટ ઍરક્રાફ્ટ (એએમસીએ) પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. આ પ્રોજેક્ટને વ્યાપક રીતે ભારતનો સ્વતંત્ર રીતે હાથ ધરાયેલો સૌથી મોટો ઍરોસ્પેસ પ્રોજેક્ટ માનવામાં આવે છે. ભારત સાથે વિવિધ સંરક્ષણ અને સૈન્ય યોજનાઓમાં સહકાર સાધવા રશિયા ઉત્સુક હોવાનું જણાવતાં પુતિને કહ્યું હતું કે રશિયા સુખોઈ-૫૭ ઍરક્રાફ્ટ પ્રોજેક્ટમાં પણ ભારતને સાથે રાખવા ઉત્સુક છે. (એજન્સી)

## બિહારના પ્લમ્બરના ખાતામાં અચાનક ૨૯૪ કરોડ રૂપિયા આવ્યા

ગયાજી (બિહાર): બિહારના ગયાજી જિલ્લામાં એક એવો કિસ્સો સામે આવ્યો છે જેની રાજ્યભરમાં ચર્ચા થઈ રહી છે. બોધ ગયા પોલીસ સ્ટેશન વિસ્તારના મસ્તપુરા ગામના યુવાન વિકાસ કુમારના ખાતામાં અચાનક ૨,૯૪૮,૦૦૦ રૂપિયા જમા થયા હતા. કુમાર એક પ્લમ્બર અને ઇલેક્ટ્રિકલ મિકેનિક છે.

વિકાસ કુમારના ખાતામાં અચાનક ૨,૯૪૮,૦૦૦ રૂપિયા જમા થયા હતા. જ્યારે તેણે તેના પરિચિતો, પડોશીઓ અને વોર્ડ કાઉન્સિલરને બેલેન્સ વિશે જાણ કરી ત્યારે બધા ચોંકી ગયા હતા. આટલું મોટું બેલેન્સ જોઈને તે ગભરાઈ ગયો અને માગ કરી કે સરકાર પૈસા લઈ લે અને આ મામલાની તપાસ કરે. બોધ ગયા પોલીસ સ્ટેશનના એસએચઓ મનોજ કુમાર સિંહે કહ્યું હતું કે, આ એક સંવેદનશીલ નાણાકીય મામલો છે. બેન્ક રેકોર્ડ, સર્વર લોગ, ટ્રાન્ઝેક્શન આઈડી અને લિંક્ડ એકાઉન્ટ્સની તપાસ કરવામાં આવી રહી છે.''

## ગુજરાત પાઠ્યપુસ્તક મંડળની જાહેરાત, આ વર્ષે શાળાનાં પાઠ્યપુસ્તકોના ભાવ નહીં વધે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આગામી સપ્તાહથી નવું શૈક્ષણિક સત્ર શરૂ થઈ રહ્યું છે. જો કે, રાજ્ય સરકારે આ વર્ષે પાઠ્ય પુસ્તકોના ભાવમાં કોઈ વધારો નહીં કરવાનો મહત્ત્વનો નિર્ણય કર્યો છે.

પાઠ્ય પુસ્તક મંડળના જણાવ્યા મુજબ, પુસ્તકોના છાપકામ ખર્ચમાં વધારો થયો હોવા છતાં વિદ્યાર્થીઓ પર વધારાનો આર્થિક બોજ ન પડે તે માટે ગત વર્ષની કિંમતો જ યથાવત રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તમામ ધોરણોનાં પાઠ્યપુસ્તકો અગાઉના વર્ષના ભાવ પ્રમાણે જ ઉપલબ્ધ કરાવવામાં આવશે. મંડળના આ નિર્ણયથી લાખો વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને સીધો લાભ મળશે અને શિક્ષણ ખર્ચમાં વધારો થતો અટકશે. આ જાહેરાતથી મોંઘવારીથી ત્રસ્ત વિદ્યાર્થીઓ અને વાલીઓએ હાશકારો અનુભવ્યો છે.

પાઠ્યપુસ્તક બોર્ડ કાર્યવાહક ચેરમેન મનુભાઈ પાવરાએ જણાવ્યું હતું કે, વિદેશથી આયાત થતા કાગળ અને ઈંધણના ભાવ વધતા અન્ય ખર્ચ વધ્યો છે. તેમ છતાં વાલીઓ પર આર્થિક બોજ ન પડે તે હેતુથી ગુજરાત સરકારે પાઠ્યપુસ્તકોમાં ભાવ વધારો નહીં કરવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત પાઠ્યપુસ્તકો સમયસર પહોંચે તે માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. જોકે વધેલી માગ અને અન્ય પરિસ્થિતિઓને કારણે કેટલાક વિસ્તારોમાં વિતરણમાં થોડો વિલંબ થઈ શકે છે.

## વીઆઈપી કનેક્શનના જોરે ૧૫ લોકોને ₹ ૨૦ કરોડથી વધુનો ચૂનો લગાવનાર દંપતી અમદાવાદથી ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં લોકોને વીઆઈપી કનેક્શનનો રોફ જમાવી કરોડો રૂપિયાનો ચૂનો લગાવનાર એક દંપતીનો પર્દાફાશ થયો હતો. પોલીસ દ્વારા અનિલ વિભાણી અને તેની પત્ની વિમ્મી વિભાણીની ધરપકડ કરવામાં આવી હતી.

આ દંપતી રાજકારણીઓ, ઉચ્ચ સરકારી અધિકારીઓ અને જાણીતી હસ્તીઓ સાથેના પોતાના ફોટોગ્રાફ્સ બતાવીને લોકોનો વિશ્વાસ કેળવતા હતા. મોજશોખ અને વૈભવી જીવનશૈલીની લાલચમાં આ દંપતીએ અત્યાર સુધીમાં અંદાજે ૧૫ જેટલા લોકોને પોતાની જાળમાં ફસાવીને ૨૦ કરોડ રૂપિયાથી વધુની રકમની છેતરપિંડી આચરી હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં ખૂલ્યું હતું.

મળતી વિગતો અનુસાર, મુખ્ય આરોપી અનિલનો ભૂતકાળ ગુનાહિત રહ્યો હતો. અગાઉ ટ્રક ડ્રાઈવર તરીકે અને પથ્થરની ખાણમાં સામાન્ય મજૂરી કરતો અનિલે વર્ષ ૨૦૧૨માં સુરતમાં પોતાની પહેલી પત્નીની ઘાતકી હત્યા કરી હતી. જેલમાંથી છૂટ્યા બાદ વર્ષ ૨૦૧૯થી તેણે બીજી પત્ની વિમ્મીને સાથે રાખીને આર્થિક ઠગાઈનો કાળો કારોબાર શરૂ કર્યો હતો.

તાજેતરમાં જ તેમણે એક ફરિયાદીને કેનેડામાં ફસાયેલા તેમના ૨૪ કરોડ રૂપિયા પરત કઢાવી આપવાની ખાતરી આપીને કટકે-કટકે ૨ કરોડ ૨૭ લાખ રૂપિયા ખંખેરી લીધા હતા, જેના પરથી આ સમગ્ર કૌભાંડનો ભાંડો ફૂટ્યો હતો.

આ હાઈપ્રોફાઈલ કેસમાં પોલીસે આરોપીઓ પાસેથી કરોડો રૂપિયાની કિંમતની લક્ઝુરિયસ કારોનો કાફલો જપ્ત કર્યો હતો અને તેમના ૧૦ જેટલા બેન્ક ખાતા તેમજ ૩ લોકર્સ તાત્કાલિક અસરથી ફ્રીઝ કરી દીધા હતા. પોલીસની સઘન પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે તેણે લોકો સાથે કરેલી આ છેતરપિંડીના રૂપિયામાંથી જ પોતાની દીકરીના લગ્નમાં ૩૦ તોલા સોનાના દાગીનાની ભેટ આપી હતી. હાલમાં પોલીસ દ્વારા આ દંપતીના રિમાન્ડ મેળવીને તેમના આ કૌભાંડની વધુ તપાસ હાથ ધરી હતી.

## ગુજરાતમાં સાત દિવસ ગાજવીજ સાથે વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સહિત દેશભરમાં ચોમાસાના આગમનની કાગડોળે રાહ જોવામાં આવી રહી છે. ત્યારે હવામાન વિભાગના જણાવ્યા અનુસાર કેરળમાં ચોમાસાનું આગમન થઈ ગયું છે. કેરળના ઘણા ભાગોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગનું અનુમાન છે કે કેરળ પહોંચેલું ચોમાસું પણ આગામી બે-ત્રણ દિવસમાં વધુ આગળ વધશે. રાજ્ય પર બે સાયક્લોનિક સર્ક્યુલેશન અને ઉત્તરી પાકિસ્તાન નજીક સક્રિય વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર જોવા મળી રહી છે. જેથી ગુજરાતમાં આગામી સાત દિવસ સૌરાષ્ટ્ર, ઉત્તર-મધ્ય અને દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી દિવસો દરમિયાન રાજ્યમાં વરસાદી માહોલ યથાવત્ રહેશે. ગુજરાતના તમામ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ૪૦થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવા સાથે ગાજવીજ અને વીજળીના કડાકા સાથે વરસાદ પડી શકે છે. ગુજરાતમાં ચોમાસું શરૂ થવાની સામાન્ય તારીખ ૧૫ જૂન છે. સૌપ્રથમ ચોમાસું દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં પહોંચે છે અને તે બાદ આગળ વધીને સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત તથા પૂર્વ ગુજરાતના વિસ્તારો સુધી પહોંચે છે. ૩૦ જૂન સુધીમાં સામાન્ય રીતે ચોમાસું રાજ્યના તમામ વિસ્તારોને આવરી લે છે. જોકે, સામાન્ય રીતે દર વર્ષે ચોમાસાની ચાલ અલગ હોય છે.

## ગીરમાં સાવજો પરનો રોગચાળાનો ખતરો ટળતા સારવાર બાદ ૧૧ સિંહોને જંગલમાં મુક્ત કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તાજેતરમાં ગીર પૂર્વની જસાધાર અને પશ્ચિમની બાબરિયા રેન્જમાં છેલ્લા ૧૫ દિવસથી સિંહો પર તોળાઈ રહેલો રોગચાળાનો ખતરો હવે ધીમે ધીમે ટળી રહ્યો છે. બેબેસિયા અને સીવીડી વાયરસની આશંકા વચ્ચે અચાનક ફાટી નીકળેલા આ જીવલેણ રોગચાળાએ ૧૨ જેટલા સાવજોનો ભોગ લીધો હતો. આ ગંભીર ઘટનાના પડઘા છેક દિલ્હી સુધી પડ્યા બાદ તંત્ર યુદ્ધના ધોરણે હરકતમાં આવ્યું હતું અને ખુદ રાજ્યના વન પ્રધાને અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. સાવચેતીના ભાગરૂપે વન વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે કુલ ૧૭ સિંહોને આઇસોલેટ કરીને જામવાળા અને જસાધાર એનિમલ કેર સેન્ટરમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.


(તસવીરઃ ફારૂખ કાઝી)

આ વન્યજીવોને બચાવવા માટે જામનગરની 'વનતારા' સંસ્થાની ટીમ, સાસણના નિષ્ણાત પશુચિકિત્સકો અને વન વિભાગના ઉચ્ચ અધિકારીઓએ સતત દેખરેખ રાખીને સઘન સારવાર શરૂ કરી હતી. તબીબોની આ મહેનત રંગ લાવી હતી અને સિંહોના સ્વાસ્થ્યમાં ઝડપી સુધારો જોવા મળ્યો હતો. સંપૂર્ણ સ્વસ્થ થયેલા કુલ ૧૧ સિંહોને જંગલમાં પરત મુક્ત કરવામાં આવ્યા હતા, જેનાથી વન વિભાગે મોટો હાશકારો અનુભવ્યો છે. મુક્ત કરાયેલા આ વન્યજીવોમાં જસાધાર કેર સેન્ટરના ચાર અને જામવાળા સેન્ટરના સાત સિંહોનો સમાવેશ થાય છે.

વનવિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, હાલમાં અન્ય છ સિંહો હજુ સારવાર હેઠળ છે, જેમાં બે નર, એક માદા અને ત્રણ સિંહબાળનો સમાવેશ થાય છે. આ તમામની તબિયતમાં પણ સંતોષકારક સુધારો થઈ રહ્યો છે અને ટૂંક સમયમાં તેમને પણ જંગલમાં છોડી દેવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે હવે ગીરમાં સ્થિતિ સંપૂર્ણપણે કાબૂમાં છે. વન વિભાગની વિવિધ ટીમો દ્વારા જંગલ વિસ્તારમાં સતત અને સઘન મોનિટરિંગ કરવામાં આવી રહ્યું હોવાનું જણાવ્યું હતું.

## ગોંડલના શેમળા ગામમાં તળાવમાં ડૂબી જવાથી એક જ પરિવારનાં ત્રણ માસૂમ બાળકોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના શેમળા ગામમાં એક દુર્ઘટના સર્જાઈ હતી, જેમાં તળાવમાં ડૂબી જવાથી એક જ શ્રમજીવી પરિવારના ત્રણ માસૂમ બાળકોનાં મોત નિપજ્યાં હતાં. મામા-ફોઈના આ બાળકો તળાવના કિનારે રમતા-રમતા અચાનક ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયાં હતાં. આ ગોઝારી ઘટનામાં અન્ય એક બાળકની હાલત ગંભીર હોવાથી તેને રાજકોટ સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

મળતી વિગતો અનુસાર, ગામના ખેડૂત નિરૂભા હકુભા જાડેજાની વાડીમાં મજૂરી કરતા પરિવારનાં આ બાળકો વાડીની નજીક આવેલા ડેમ પાસે રમી રહ્યાં હતાં. આ દરમિયાન બાળકો અચાનક પાણીમાં ડૂબવા લાગ્યાં હતાં અને બનાવની જાણ થતાં જ વાડી માલિકે સમયસૂચકતા વાપરીને સ્થાનિકોની મદદથી ચારેય બાળકોને પાણીમાંથી બહાર કાઢ્યાં હતાં. તાત્કાલિક સારવાર માટે તેમને ગોંડલની ખાનગી હોસ્પિટલ અને ત્યારબાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જોકે, ત્યાં ફરજ પરના તબીબોએ ત્રણ બાળકોને મૃત જાહેર કર્યાં હતાં.

આ દુર્ઘટનાનો ભોગ બનનાર તમામ બાળકોમાં કરશનભાઈ ડામોરના બે બાળકો લખત (ઉં.વ. ૬) અને લક્ષ્મી (ઉ.વ. ૩) તથા તેમના સાળાના પુત્ર અર્જુન ભુરાભાઈ બબેરિયા (ઉં.વ. ૬) નો સમાવેશ થાય છે. જ્યારે ભુરાભાઈના અન્ય એક ત્રણ વર્ષીય પુત્ર સાહિલ બબેરિયાની હાલત અત્યંત નાજુક હોવાથી તેને વધુ સઘન સારવાર અર્થે રાજકોટ ખસેડવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## આસારામ આશ્રમની જમીન પાછી ખેંચવા મામલે સુપ્રીમ કોર્ટનો 'જૈસે થે'નો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દુષ્કર્મના ગંભીર કેસમાં આજીવન કારાવાસની સજા ભોગવી રહેલા આસારામના અમદાવાદના મોટેરા સ્થિત આશ્રમની ૪૫ હજાર ચોરસ મીટર જમીન પરત લેવાની સરકારની કાનૂની લડત હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચી છે. શરત ભંગ બદલ અમદાવાદ જિલ્લા કલેક્ટરે આ જમીન પાછી ખેંચવાનો આદેશ કર્યો હતો. આ આદેશ સામે આશ્રમે ગુજરાત હાઈ કોર્ટમાં અપીલ કરી હતી, પરંતુ સિંગલ જજ અને ત્યારબાદ ૧૭ એપ્રિલના રોજ ડબલ જજની બેન્ચે પણ અરજી ફગાવી દેતા આશ્રમ દ્વારા સુપ્રીમ કોર્ટના દરવાજા ખખડાવવામાં આવ્યા છે. આ મામલે સુપ્રીમ કોર્ટે હાલ પક્ષકારોને 'સ્ટેટ્સ ક્વો' જાળવી રાખવાનો આદેશ આપ્યો છે. આ હુકમને પગલે સરકારી ઑથોરિટી હાલ જમીનને લઈને આગળની કોઈ કાર્યવાહી કરી શકશે નહીં, જ્યારે આ કેસની વધુ સુનાવણી આગામી મહિનામાં યોજાય તેવી શક્યતા છે. આ જમીન અત્યંત મોકાની છે કારણ કે તે અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અને સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની બિલકુલ બાજુમાં આવેલી છે. આગામી કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ અને ઓલિમ્પિકના ભવ્ય આયોજન માટે સરકારને આ જગ્યા ખૂબ જ ઉપયોગી સાબિત થઈ શકે તેમ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દુષ્કર્મના ગંભીર કેસમાં આજીવન કારાવાસની સજા ભોગવી રહેલા આસારામને તાજેતરમાં જ ગુજરાત હાઇ કોર્ટ તરફથી ૧૫ જૂન સુધીના હંગામી જામીન મળ્યા છે.

## રાજ્યસભા ચૂંટણીના ઉમેદવારોમાં ભાજપે સાચવ્યાં સામાજિક સમીકરણઃ ઓબીસી-આદિવાસી પર ફોકસ

અમદાવાદઃ ગુજરાતમાં રાજ્યસભાની ખાલી પડી રહેલી ચાર બેઠક માટે આગામી ૧૮ જૂનના રોજ મતદાન યોજાવાનું છે. ભારતીય જનતા પાર્ટી (ભાજપ) દ્વારા આ ચૂંટણી માટે પોતાના ચાર ઉમેદવારોના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી, જેમાં રાજુભાઈ શુક્લા, મુકેશભાઈ રાઠવા, માનસિંહ પરમાર અને જિતેન્દ્ર મેઘજીભાઈ કણઝારિયાનો સમાવેશ થાય છે. ભાજપે પસંદ કરેલા આ ઉમેદવારોમાં બે સૌરાષ્ટ્રના, એક ઉત્તર ગુજરાતના અને એક મધ્ય ગુજરાતના છે. સૌરાષ્ટ્રમાંથી પસંદ કરાયેલા ઉમેદવાર માનસિંહ પરમાર પ્રદેશ ભાજપ પક્ષીપંચ મોરચાના અધ્યક્ષ અને કારડિયા રાજપૂત સમાજના અગ્રણી નેતા છે. તેઓ પૂર્વ મંત્રી અને હાલ ગુજકોમાસોલના ડિરેક્ટર ગોવિંદભાઈ પરમારના સગા ભત્રીજા છે. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં સોમનાથ બેઠક પરથી તેમનો કોંગ્રેસના વિમલ ચુડાસમા સામે ૯૨૨ મતોની પાતળી સરસાઈથી પરાજય થયો હતો. સૌરાષ્ટ્રના અન્ય ઉમેદવાર જિતેન્દ્ર કણઝારિયા દેવભૂમિ દ્વારકા જિલ્લાના સક્રિય નેતા છે અને સતવારા સમાજમાંથી આવે છે. તેઓ કોરોનામાં અવસાન પામેલા પૂર્વ ધારાસભ્ય મેઘજીભાઈ કણઝારિયાના દીકરા છે.

મધ્ય ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા મુકેશ રાઠવા છોટાઉદેપુર જિલ્લાના કવાંટના વતની છે અને આદિવાસી સમાજના અગ્રણી છે. તેઓ છોટાઉદેપુર ભાજપના મહામંત્રી તેમજ ભાજપ યુવા મોરચાના પ્રદેશ ઉપાધ્યક્ષ રહી ચૂક્યા છે. નિવૃત્ત થઈ રહેલાં આદિવાસી સાંસદ રમીલાબેન બારાના સ્થાને તેમને ટિકિટ આપવામાં આવી છે. મુકેશ રાઠવા યુવા અને શિક્ષિત હોવાથી તેમને ચૈતર વસાવાના જવાબ તરીકે પણ જોવામાં આવે છે.

ઉત્તર ગુજરાતના અને જનરલ કેટેગરીમાંથી આવતા બ્રહ્મ સમાજના ઉમેદવાર રાજુ શુક્લ ૬૨ વર્ષની ઉંમર ધરાવે છે અને તેમણે એમ. કોમ., એલએલબીનો અભ્યાસ કરેલો છે. તેઓ મૂળ કડીના અને હાલ ગાંધીનગરમાં રહે છે. રામ મોકરિયાના સ્થાને ટિકિટ મેળવનાર રાજુ શુક્લ હાલ સુરેન્દ્રનગર જિલ્લાના ભાજપ પ્રભારી છે.

## થાઈલેન્ડમાં માનવ તસ્કરીનો શિકાર બનેલી આણંદની બે સગી બહેનોનું ૨૦ દિવસ બાદ સફળ રેસ્ક્યૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આણંદ જિલ્લાના બોરસદ તાલુકાની બે સગી બહેનો નોકરીની શોધમાં થાઈલેન્ડ ગઈ હતી, પરંતુ ત્યાં પહોંચ્યા બાદ તેમને છેતરપિંડીથી સરહદ પાર કરાવીને લાઓસમાં માનવ તસ્કરી કરતી ગેંગના સકંજામાં ધકેલી દેવામાં આવી હોવાની ચોંકવાનારી ઘટના પ્રકાશમાં આવી હતી.

લગભગ ૨૦ દિવસ સુધી બંને દીકરીઓનો કોઈ સંપર્ક ન થતાં પરિવારે આણંદના સાંસદ મિતેશ પટેલનો સંપર્ક સાધ્યો હતો. આ ઘટનાની ગંભીરતાને પારખીને સાંસદે તાત્કાલિક વિદેશ મંત્રાલય, ભારતીય દૂતાવાસ અને ઉચ્ચ રાજદ્વારી ચેનલો મારફતે યુવતીઓને શોધવા માટે સઘન રજૂઆત કરી હતી.

કેન્દ્ર સરકારની ત્વરિત કાર્યવાહીના પગલે, ભારતીય દૂતાવાસ, લાઓસ પોલીસ અને લાઓસ આર્મીના સંયુક્ત પ્રયાસોથી 'ઓપરેશન મહીસાગર ૨.૦' શરૂ કરવામાં આવ્યું હતું. આ સઘન અને સંકલિત બચાવ કામગીરીના પરિણામે લાઓસના હૌઆફાન પ્રાંતમાંથી બંને બહેનોને હેમખેમ મુક્ત કરાવવામાં સફળતા મળી હતી. બચાવ કામગીરી પૂર્ણ થયા બાદ તરત જ ભારતીય દૂતાવાસે બહેનોનો તેમના પરિવાર સાથે વિડિયો કોલ કરાવ્યો હતો, જેનાથી ત્રણ અઠવાડિયાથી દીકરીઓની સુરક્ષા માટે ચિંતાતુર માતાપિતાએ રાહતનો શ્વાસ લીધો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, હાલ બંને યુવતીઓ સંપૂર્ણપણે સુરક્ષિત છે અને તેમને વહેલી તકે ભારત પરત લાવવા માટેની જરૂરી કાનૂની અને વહીવટી પ્રક્રિયાઓ ચાલી રહી હોવાનું જણાવ્યું હતું.

## નવસારીમાં ૧૪ વર્ષની સગીર દીકરી પર દુષ્કર્મ ગુજારનાર નરાધમ પિતાની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવસારી જિલ્લામાં એક હચમચાવી દે તેવી ઘટના બહાર આવી હતી, જેમાં એક પિતા પર જ પોતાની ૧૪ વર્ષની સગીર પુત્રી પર વારંવાર બળાત્કાર ગુજારવાનો આરોપ લાગતા ખળભળાટ મચી ગયો હતો. પીડિતાની માતાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, આરોપી પિતાએ સળંગ ત્રણ દિવસ સુધી પોતાની જ દીકરી પર દુષ્કર્મ આચર્યું હતું. આ જઘન્ય અપરાધ બાદ તેણે દીકરીને ગર્ભનિરોધક ગોળીઓ ખવડાવી હતી અને જો તે આ વિશે કોઈને પણ જાણ કરશે તો તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો. પિતાની આ ધમકીથી અત્યંત ડરી ગયેલી દીકરી કોઈને કંઈ કહી શકી ન હતી, પરંતુ અંતે માતાએ આગળ આવીને પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

સગીરાની માતા દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે આ ગંભીર મામલે પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ (પોક્સો) એક્ટ હેઠળ ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગુનો નોંધાયાની જાણ થતાં આરોપી પિતાએ ભાગી છૂટવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પોલીસે સતર્કતા દાખવીને ગણતરીના કલાકોમાં જ આરોપીનું લોકેશન ટ્રેસ કરીને તેની ધરપકડ કરી લીધી હતી અને તેને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## પૂર્વ કચ્છમાંથી ૨૭ બાંગ્લાદેશી ઘૂસણખોરો ઝડપાયાઃ ટૂંક સમયમાં ડિપોર્ટ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ રાજ્ય સરકારની કડક સૂચના બાદ શરૂ કરાયેલા 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' હેઠળ પૂર્વ કચ્છ પોલીસે ઝડપી પાડેલા ૨૭ બાંગ્લાદેશી નાગરિકોની સામે હવે કાયદાકીય સકંજો વધુ મજબૂત કરવામાં આવ્યો છે.

ગેરકાયદે રીતે વસવાટ કરતા આ તમામ ઘૂસણખોરોને પૂર્વ કચ્છ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપની કચેરીએ લાવીને દેશ વિરોધી પ્રવૃત્તિ કે સ્થાનિક સ્તરે કોઈ મોટા નેટવર્કની સંડોવણી અંગે સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે.

મળતી વિગતો મુજબ, પૂર્વ કચ્છ પોલીસની જુદી-જુદી ટીમોએ ગાંધીધામ, આદિપુર, અંજાર અને ભચાઉ પંથકમાં આવેલી વિવિધ ઔદ્યોગિક કંપનીઓ તેમજ લાકડાનાં બેન્સાઓમાં આકસ્મિક દરોડા પાડીને કુલ ૩૭ શંકાસ્પદ શ્રમિકોની અટકાયત કરી હતી. સ્થાનિક પોલીસ મથકે કરાયેલી પ્રાથમિક પૂછપરછ દરમિયાન દસ્તાવેજોની ચકાસણી કરતાં તેમાંથી બાળકો અને મહિલાઓ સહિત ૨૭ નાગરિકો કોઈપણ કાયદેસરના પાસપોર્ટ કે વિઝા વિના ભારતીય સરહદમાં ઘૂસીને વસવાટ કરતા હોવાનું સ્પષ્ટ થયું હતું.

આ પકડાયેલા તમામ બાંગ્લાદેશી નાગરિકોને એસ.ઓ.જી. પોલીસ સમક્ષ હાજર કરી તેમની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરાઈ છે.

આ તપાસ દરમિયાન તેઓ કોના મારફતે ભારતમાં પ્રવેશ્યા અને સ્થાનિક સ્તરે તેમને આશ્રય તેમજ રોજગારી અપાવવામાં કોણે મદદ કરી તે અંગેની મહત્વની કડીઓ મેળવવામાં આવી રહી છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, પૂછપરછમાં ગુનાહિત વિગતો સ્પષ્ટ થયા બાદ આ તમામ નાગરિકોના સત્તાવાર દસ્તાવેજો બાંગ્લાદેશી દૂતાવાસ ખાતે મોકલવામાં આવશે. ત્યાંથી ગેરકાયદે વસવાટ અંગેનો આખરી અભિપ્રાય અને મંજૂરી ન મળે ત્યાં સુધી આ તમામ ૨૭ લોકોને પોલીસ હેડક્વાર્ટર અથવા અન્ય નિયત કરાયેલી સુરક્ષિત જગ્યાએ કડક જાપ્તા હેઠળ રાખવામાં આવશે. દૂતાવાસ દ્વારા મંજૂરી મળ્યા બાદ જ તમામને સરહદ પાર પરત મોકલવાની કાનૂની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે.

બીજી તરફ, જિલ્લામાં હજુ પણ આવા અન્ય કોઈ વિદેશી નાગરિકો ગેરકાયદે રીતે આશ્રય મેળવીને રહેતા નથી ને, તેની ખરાઈ કરવા માટે પોલીસે સઘન કોમ્બિંગ ડ્રાઈવ ચાલુ રાખી છે.

## ભૂપેન્દ્ર પટેલે પર્યાવરણ દિવસથી 'એક પેડ માં કે નામ 3.0'નો રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે પાંચમી જૂન, વિશ્વ પર્યાવરણ દિવસથી 'એક પેડ માં કે નામ ૩.૦' વૃક્ષારોપણ અભિયાનની રાજ્યવ્યાપી શરૂઆત ગાંધીનગરથી કરાવી હતી. મુખ્ય પ્રધાને ગાંધીનગરના 'જ' રોડ પર આવેલા લોકભવન સ્ટાફ ક્વાટર્સની બાજુમાં આશરે ૦.૫ હેક્ટર વિસ્તારમાં કુલ ૫૦૦૦ જેટલા રોપાઓનું વાવેતર રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ પ્રધાન પ્રવીણ માળીની વિશેષ ઉપસ્થિતિમાં કરાયું હતું.

આ પ્રસંગે તેમણે નાગરિકોને અનુરોધ કર્યો કે, પર્યાવરણ દિવસ માત્ર ઉજવણી નહિ, પરંતુ લોકોની રોજિંદી જીવનશૈલીનો ભાગ બને તે જરૂરી છે. વડા પ્રધાને આપેલા મિશન લાઈફ (લાઈફ સ્ટાઈલ ફોર એનવાયરમેન્ટ)ને અપનાવી રોજબરોજના વપરાશમાં પાણી અને પેટ્રોલ જેવા પરંપરાગત ઇંધણનો બચાવ કરવા અને વધુને વધુ વૃક્ષારોપણ કરવાની પણ તેમણે અપીલ કરી હતી.

રાજ્ય સરકારના વન વિભાગ દ્વારા ૨૦૨૬-૨૭ દરમિયાન એક પેડ માં કે નામ ૩.૦ અને વન મહોત્સવ અન્વયે સમગ્ર રાજ્યમાં કુલ ૭૪૪૫૩.૯૦ હેક્ટર વિસ્તારમાં ૫૫૧.૯૧ લાખ રોપાઓનું વાવેતર કરવાનું આયોજન છે. આગામી ચોમાસામાં પ્રજાજનોને સરળતાથી રોપા મળી રહે તે માટે ૪૨૩ નર્સરીમાંથી કુલ ૧૧.૮૦ કરોડ રોપાઓનું વિતરણ કરવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## સુરતમાં હિંદુ યુવતીને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચરનારો વિધર્મી રાજકોટથી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં વધુ એક લવ જેહાદનો કિસ્સો બહાર આવ્યો છે. શહેરના વેસુ વિસ્તારમાં બે સંતાનના બાપ મુસ્લિમ યુવકે પોતે હિન્દુ હોવાની ઓળખ આપી એક હિંદુ યુવતીને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી તેની પર દુષ્કર્મ આચર્યું હતું. તે ઉપરાત આ યુવતી પાસેથી રૂ. ૩.૫૦ લાખ જેટલી રકમ પણ મેળવી લીધી હતી. અંતે યુવકની હકીકત બહાર આવતા યુવતીએ તેની સામે ફરિયાદ નોંધાવી હતી, જો કે તે યુવક ફરાર થઈ ગયો હતો. વેસુ પોલીસે તેને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા અને યુવકને રાજકોટમાંથી અટકાયત કરી હતી. પોલીસે આ મામલે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી વિગત મુજબ, આરોપી વિધર્મી યુવકે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ અને ડેટિંગ એપ મારફતે આ ભોગ બનનાર સુરતની યુવતી સાથે સંપર્ક સાધ્યો હતો. શરૂઆતમાં મિત્રતા કેળવી પોતે હિંદુ અને અપરિણીત હોવાનું ખોટું જણાવી યુવતીનો વિશ્વાસ જીત્યો હતો. ધીમે ધીમે સંબંધો ગાઢ બનતા તેણે યુવતીને લગ્ન કરવાનાં વચનો આપ્યાં હતાં અને તેને પોતાના પ્રેમજાળમાં ફસાવી હતી. યુવતીને સુરત તેમ જ દ્વારકાની વિવિધ હોટલોમાં લઈ ગયો હતો. જ્યાં અનેક વખત તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા.

## ડાંગની આહવા સબ જેલમાંથી બે રીઢા આરોપી ફરાર

અમદાવાદઃ ગુજરાતમાં પોલીસ કેદમાંથી ગુનેગારોની ફરાર થવાની ઘટનાઓ સતત વધી રહી છે. ડાંગ જિલ્લાના વડા મથક આહવા ખાતે આવેલી સબ જેલમાંથી બે રીઢા આરોપીઓ ફરાર થવાના બનાવથી પોલીસ તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. પોક્સો અને હત્યા જેવા ગંભીર ગુનાના આ બંને કેદીઓ જેલના સ્ટાફને ધક્કો મારીને ભાગી જતાં સમગ્ર ડાંગ પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ છે.

આ મામલે જેલના ઇન્ચાર્જ જેલરે ફરજ પરના કર્મચારીઓની ગંભીર નિષ્કાળજી બદલ આહવા પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ ગુરુવારની રાત્રે આ બન્ને કેદીઓએ પેટમાં દુઃખાવો થવાનું બહાનું કરી બેરેક ગાર્ડ પાસે તાળું ખોલાવ્યું હતું. બેરેકમાંથી બહાર આવ્યા બાદ જેલના મેન ગેટ પર તાળું ન હોવાનો ગેરલાભ લઈ બન્ને કેદીઓ બેરેક ગાર્ડ અને જેલગાર્ડને ધક્કો મારી નાસી છૂટ્યા હતા. ફરારની ઘટનાના પગલે સબ જેલના ૨ બેરેક ગાર્ડ અને જેલના ગેટ પર ફરજ બજાવતા બે જેલગાર્ડ વિરુદ્ધ ફરજમાં નિષ્કાળજી બદલ ગુનો નોંધાયો છે.

# કૉક્રોચ જનતા પાર્ટીને અણ્ણા હઝારેએ સમર્થન આપવું જોઈએ: રાઉત

મહારાષ્ટ્ર: કૉક્રોચ જનતા પાર્ટી છઠ્ઠી જૂને દિલ્હીના જંતર મંતર ખાતે આંદોલન કરશે એ પહેલા ઉદ્ધવ જૂથના નેતા સંજય રાઉતે કહ્યું હતું કે, અન્ના હઝારે આ આંદોલનનું સમર્થન કરે અને દિલ્હી જાય.

મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં એક વાતચીત દરમિયાન સંજય રાઉતનું નિવેદન સામે આવ્યું હતું. જેમાં તેમને કહ્યું હતું કે , કોકરોચ જનતા પાર્ટીનું સમર્થન કરવા માટે અન્ના હઝારેને પણ દિલ્હી જવું જોઈએ.

આ એક આંદોલન છે. રાજનીતિ સાથે આ આંદોલનનો કોઈ સબંધ નથી. સામાજિક કાર્યકર્તા અન્ના હઝારેએ દિલ્હી કોક્રોચ જનતા પાર્ટીના યુવાનોનું સમર્થન કરવા માટે જવું જોઈએ. તેમને રાલેગાંવથી દિલ્હી જવું જોઈએ. આ યુવાનોને આશીર્વાદ આપી તેમને સહકાર આપવો જોઈએ. કૉક્રોચ જનતા પાર્ટીએ પોતાની માંગોને લઈને સરકાર અને વિપક્ષ બંને સાથે વાતચીત કરી છે. તેઓ આ સપ્તાહમાં રાજધાનીમાં નીટ અને સીબીએસઈને લઈને હાલમાં ચાલતા વિવાદોને કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગને લઈને આંદોલનની તૈયારીઓ પણ કરી લીધી છે.

સીજેપી પ્રવક્તાએ કોન્સ્ટિટ્યુશન ક્લબ ઓફ ઇન્ડિયામાં આયોજિત પાર્ટી પહેલા સંવાદ સંમેલનમાં કહ્યું હતું કે સરકાર દ્વારા સીબીએસસીના ચેરમેન રાહુલસિંઘ અને સચિવ હિમાંશુ ગુપ્તાની બદલી ફક્ત દેખાડો હતો.

કૉક્રોચ જનતા પાર્ટીએ સમગ્ર દેશના યુવાનોને આ આંદોલનમાં ભાગ લેવાની અરજી કરી હતી. સીજેપીના સંસ્થાપક અભિજીત દીપકે દ્વારા છઠ્ઠી જૂનના થનાર વિરોધ આંદોલનમાં દેશના યુવાનોને જોડાવા માટે નિવેદન કર્યું હતું. તેણે કહ્યું હતું કે , અમે બધાને આમંત્રણ આપ્યું છે,

# મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડના કચરાની સફાઈ માટે હજી રાહ જોવી પડશે

## પાલિકાએ કૉન્ટ્રેક્ટરને ચોથી વખત મુદત લંબાવી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડને સંપૂર્ણ કચરામુક્ત થવામાં હજી થોડા સમય લાગવાનો છે. પશ્ચિમ એશિયામાં સર્જાયેલી યુદ્ધજનક પરિસ્થિતિને પગલે નિર્માણ થયેલી ડીઝલની અછતનો ઉલ્લેખ કરીને કૉન્ટ્રેક્ટરે મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડ પર કામ પૂર્ણ કરવા માટે મુદત લંબાવી આપવાની માગણીના અઠવાડિયા બાદ પાલિકા કચરાના પરિવહન માટે વધારાનો સમય આપવા માટે આખરે તૈયાર થઈ ગઈ છે. એ સાથે જ કૉન્ટ્રેક્ટરને ચોથી વખત મુદત લંબાવી આપવામામાં આવી છે.

મૂળમાં ૨૦૨૪ સુધીમાં બાયોમાઇનિંગ પ્રોજેક્ટ પૂર્ણ કરવાનો હતો. પાલિકાએ ૨૦૧૮ માં કૉન્ટ્રેક્ટરને મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડ પરના ૭૦ લાખ મેટ્રિક ટન કચરાને સાફ કરવાનો કોન્ટ્રેક્ટ આપ્યો હતો, જેનું કામ ૨૦૧૯ માં શરૂ થયું હતું. એ બાદ ત્રણ વખત તેને મુદત લંબાવી આપવામાં આવી હતી, જેમાં પહેલી વખત કોરોના સમયે મુદત લંબાવી આપવામાં આવી હતી.

આ દરમ્યાન ૧૩ મેના બાયો માઇનિંગ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડે મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડમાંથી ૭૦ લાખ મેટ્રિક ટન પ્રોસેસ કચરામાંથી ૭ લાખ મેટ્રિક ટન પરિવહન માટે સમયમર્યાદા વધારવાની માંગણી કરતો પત્ર પાલિકાને લખ્યો હતો, જેમાં યુદ્ધને પગલે ડીઝલની અછતનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. કોન્ટ્રાક્ટરે ૧૦ લાખ મેટ્રિક ટન કચરાને સાફ કરવા માટે વધારાનો સમય પણ માંગ્યો હતો જેનો અગાઉના સર્વેમાં હિસાબ કરવામાં આવ્યો ન હતો. જ્યારે પાલિકાના ટેન્ડરમાં મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્માંથી ૭૦ લાખ મેટ્રિક ટન કચરાને સાફ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. પાલિકાએ પાછળથી ૧૦ લાખ મેટ્રિક ટનથી વધુ વધારાના કચરાને ઓળખી કાઢ્યો હતો, જેના પર પ્રક્રિયા કરવાની બાકી હતી. કોન્ટ્રેક્ટરે ૭૦ લાખ મેટ્રિક ટન કચરાનું બાયોમાઇનિંગ પૂર્ણ કરી દીધું છે, પરંતુ ડીઝલની અછતને કારણે પ્રોસેસ મટિરિયલના પરિવહન માટે સમયમર્યાદા માંગી હતી. કંપનીએ વધારાના કચરાને સાફ કરવા માટે પણ સમય માંગ્યો હતા. પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું કે નવું ટેન્ડર બહાર પાડવાને બદલે હાલના દરે તે જ કોન્ટ્રેક્ટરને કામ સોંપવાનું નક્કી કર્યું છે. મુલુંડ ડમ્પિંગનું કામ આગામી છ મહિનામાં એટલે કે ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે.

# મહારાષ્ટ્ર સરકારે નાશિક કુંભ મેળા પ્રોજેક્ટ માટે જમીન સંપાદન માટે ₹ ૨,૨૬૭ કરોડને મંજૂરી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે શુક્રવારે નાશિક-ત્ર્યંબકેશ્વર કુંભ મેળા-૨૦૨૭ માટે સાધુ ગ્રામ પ્રોજેક્ટ માટે અનામત રાખેલી ૧૯૧.૨૧ એકર જમીનના સંપાદન માટે રૂ. ૨,૨૬૭ કરોડને મંજૂરી આપી.

સરકારે એવી ચેતવણી આપી હતી કે કુંભમેળા પ્રોજેક્ટ સાથે જોડાયેલા ભંડોળને અન્ય કોઈપણ હેતુ માટે વાળવું એને ગંભીર નાણાકીય અનિયમિતતા માનવામાં આવશે અને જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવશે. નગર વિકાસ વિભાગે એક સરકારી ઠરાવ (જીઆર) જારી કરીને નાશિક-ત્ર્યંબકેશ્વર કુંભ મેળા ઓથોરિટીને અસ્થાયી ટાઉનશીપ (સાધુ ગ્રામ) માટે પાલિકાની હદમાં અનામત રાખેલી જમીન સંપાદન માટે રૂ. ૨,૨૬૭ કરોડને મંજૂરી આપી હતી, જેમાં કુંભમેળા દરમિયાન સંતો અને ધાર્મિક અખાડા રહેશે. જીઆરમાં જણાવાયું છે કે મંજૂર રકમમાં ૧૯૧.૨૧ એકર જમીન સંપાદન માટે વળતર અને સંપાદન પ્રક્રિયા સાથે જોડાયેલા વહીવટી ખર્ચ માટે રૂ. ૩ કરોડનો સમાવેશ થાય છે. સરકારના જણાવ્યા મુજબ, નાશિક વિકાસ યોજના-૨૦૧૭માં સાધુ ગ્રામ અને સંલગ્ન ઉપયોગો માટે લગભગ ૩૭૭ એકર અનામત રાખવામાં આવી હતી. આમાંથી, લગભગ ૯૪ એકર જમીન પહેલાથી જ સંપાદિત કરવામાં આવી છે, જ્યારે બાકીની જમીન ૨૦૨૭ કુંભ મેળા પહેલા સંપાદન કરવાની જરૂર છે.

ઠરાવમાં નિર્દેશ આપવામાં આવ્યો હતો કે જમીન માલિકોને ચૂકવવાપાત્ર વળતર આરટીજીએસ (રીઅલ-ટાઇમ ગ્રોસ સેટલમેન્ટ, એક ઇલેક્ટ્રોનિક ચુકવણી સિસ્ટમ) દ્વારા તાત્કાલિક ચુકવવામાં આવે અને ટ્રાન્સફર કરવામાં આવે. તેમાં નાસિક જિલ્લા કલેક્ટર અને શહેરના મ્યુનિસિપલ કમિશનર પર સંયુક્ત જવાબદારી નક્કી કરવામાં આવી હતી કે તેઓ સમયસર સંપાદન અને જમીનનો કબજો સુનિશ્ચિત કરે જેથી પ્રોજેક્ટમાં વિલંબ ન થાય.

સરકારે સ્પષ્ટ કર્યું છે કે મંજૂરી એક વખતની ભંડોળ વ્યવસ્થા છે અને મંજૂર રકમથી વધુ પ્રોજેક્ટ ખર્ચમાં કોઈપણ વધારો સંપૂર્ણપણે નાશિક મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ભોગવવાનો રહેશે. રાજ્ય સરકાર દ્વારા મંજૂર રકમથી વધુ કોઈ વધારાની ગ્રાન્ટ આપવામાં આવશે નહીં, એમ જીઆરમાં ભારપુર્વક જણાવવામાં આવ્યું છે.

# ગોવાથી આવેલી વ્હિસ્કીની ૭૩ હજાર બૉટલ જપ્ત

થાણે: એક્સાઈઝ વિભાગે પનવેલ-મુંબ્રા હાઈવે પર એક ટ્રકને રોકી અંદાજે ૧.૮૯ કરોડ રૂપિયાની ગોવાથી લાવવામાં આવેલી આઈએમએફએલની ૭૩,૪૪૦ બૉટલ્સ જપ્ત કરી હતી. આધારભૂત માહિતીને આધારે બુધવારે સાંજે આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું સ્ટેટ એક્સાઈઝના કોંકણ ડિવિઝનલ ડેપ્યુટી કમિશનર પ્રદીપ પવારે જણાવ્યું હતું.

અધિકારીઓએ ટ્રકને રોકી ત્યારે ડ્રાઈવરે દાવો કર્યો હતો કે વાહનમાં ઓટોમોબાઈલ પાર્ટ્સ છે, પરંતુ તપાસ કરતાં ગોવાની વ્હિસ્કીની ૭૩,૪૪૦ બૉટલ્સ મળી આવી હતી. એના પર બૅચ નંબર કે એમઆરપી પ્રિન્ટ કરાઈ નહોતી. આ બૉટલ્સનું મહારાષ્ટ્રમાં વેચાણ પર પ્રતિબંધ હોવાનું પવારે ઉમેર્યું હતું. આ પ્રકરણે ડ્રાઈવરને તાબામાં લઈ વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. (પીટીઆઈ)

# જૂહુના દરિયામાં કિશોર તણાઈ ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: જૂહુ ચોપાટી પર દરિયામાં તરવા માટે ગયેલો ૧૬ વર્ષનો ટીનએજર તણાઈ ગયો હતો. મોડેથી તેનો મૃતદેહ હાથ લાગ્યો હતો.

ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ શુક્રવારે સાંજના ૪.૨૫ વાગ્યાની આસપાસ આ દુર્ઘટના બની હતી, જેમાં અમુક યુવકો ચોપાટી પર ફરવા આવ્યા હતા. એ દરમ્યાન દરિયામાં તેઓ અંદર ગયા હતા અને મોજાની થપાટ સાથે ૧૬ વર્ષનો કિશોર અંદર તણાઈ ગયો હતો. ચોપાટી પર હાજર રહેલા લાઈફગાર્ડની સાથે જ ફાયરબ્રિગેડે તેને બચાવવાની બહુ પ્રયાસ ધર્યા હતા. જોકે તે અંદર તણાઈ ગયો હતો. ભારે જહેમત બાદ તેને દરિયામાંથી બહાર કાઢવામાં આવ્યો હતો અને કૂપર હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં ડૉક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. મૃતકનું નામ સરફરાઝ ખાન હોવાનું પોલીસે જણાવ્યું હતું.

## હિન્દુ મરણ

હંસા કે. સોમૈયા (ઉં.વ. ૮૪) કરસનદાસ માવજી સોમૈયા અને ગોમતી કરસનદાસ સોમૈયાની પુત્રી તથા સ્વ. ડૉ. રમેશ ઠક્કર અને સ્વ. ડૉ. શ્રીમતી ચંપા દેવિદાસ સંપટની બહેન. તેમનું શનિવાર, ૧૬ મેના રોજ અવસાન થયું છે. લૌકિક વ્યવહાર બંધ છે. ડૉ. ઉદિત રમેશ ઠક્કર/પારીંદ્ર દેવિદાસ સંપટ.

ભાવનગરના વતની, ગં.સ્વ. દીપ્તિબેન જે. પરમાર (ઉં.વ. ૮૭) તા. ૪-૬-૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. જયંતભાઈ પરમારના ધર્મપત્ની. સ્વ. વર્ષા તથા ફાલ્ગુની, નિકિતા, નંદિતાના માતુશ્રી. લૌકિક વ્યવહાર બંધ છે.

**સિહોર સંપ્રદાય અગિયારસે ઔદીચ્ય બ્રાહ્મણ**

સ્વ. પ્રભાલક્ષ્મી હરિપ્રસાદ ઔદીચ્યના પુત્ર ત્રિલોકનાથ હરિપ્રસાદ ઔદીચ્ય (ઉં.વ. ૭૯) (હાલ કાંદિવલી) તે સ્વ. નિરંજના (બેનાબેન)ના પતિ, જીગ્નેશ અને પીતાંબરીના પિતા. તથા વિક્રમ અને અજયના મોટાભાઈ, સ્વ. પન્ના તથા તૃપ્તિના જેઠ, રિદ્ધિ તથા હિરેનના સસરા તથા સ્વ. રતિલાલ પુરષોત્તમ દવેના જમાઈ. તા.૫ જૂન ૨૦૨૬એ કૈલાસવાસ પામ્યા છે. બન્ને પક્ષની સાદડી (પ્રાર્થનાસભા ) રવિવાર તારીખ ૭ જૂને ૨૦૨૬ ના રોજ, શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન હોલ, ડાયમંડ ટોકીઝ સામે એલ. ટી. રોડ, બોરીવલી વેસ્ટ, મુંબઈ ખાતે રાખેલ છે. સમય સાંજે ૪.૦૦ થી ૬.૦૦

**કચ્છી લોહાણા**

સ્વ. રતનબેન દયારામ લધા પવાણી ગામ વડવા (હાજાપુર) કચ્છ હાલ મુલુંડ, મુંબઇ વાળાના પુત્રવધૂ કમળાબેન (ઉં. વ. ૯૫) તા. ૧-૬-૨૬ના રામશરણ પામેલ છે. તે સ્વ. કલ્યાણજીભાઇના પત્ની. સ્વ. દેવકાબેન કાનજીભાઇ પોપટ ગામ ભુજ કચ્છના દીકરી. તે બકુલાબેન નીતિનભાઇ પલણ, હીનાબેન પ્રકાશભાઇ ઠક્કર, દક્ષાબેન, સ્વ. પ્રકાશભાઇ, કવિતાબેન પંકજભાઇ ગોંડલિયાના માતોશ્રી. તે સરલાબેન ગોવિંદજીભાઇ પવાણી, હસુમતીબેન વલ્લભદાસ પવાણીના જેઠાણી. તે સ્વ. ધનજીભાઇ, સ્વ. હરીલાલભાઇ, સ્વ. રમેશભાઇ, સ્વ. રસિકભાઇ, કિશોરભાઇના બેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**સૌરાષ્ટ્ર કડવા પાટીદાર**

સ્વ. ભગવાનજીભાઇ નાથાભાઇ કણસાગરા (ઉં. વ. ૮૮) મૂળ ગામ ગિંગણી હાલ વસઇ વેસ્ટ, તે ગં. સ્વ. સવિતાબેનના પતિ. પ્રકાશભાઇના પિતા. રીનાબેનના સસરા. વૃજલાલ અને સ્વ. ધીરજલાલ નાથાભાઇ કણસાગરાના ભાઇ. શુભ, દિશા, રાખીના દાદા. તા. ૫, જૂન ૨૦૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તેમનું બેસણું તા. ૬, જૂન ૨૦૨૬ શનિવારે સાંજે ૪થી ૫.૩૦. ઠે. કે. ટી. વાડી, પહેલા માળે, ૬૦ ફૂટ રોડ, તેરાપંથ ભવનની બાજુમાં, વસઇ રોડ (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ અંજાર, હાલ મુલુંડ, સ્વ. મેઘજી પ્રાગજી ઠક્કર (ગંધા) (ઉં.વ. ૭૯) સોમવાર, તા. ૧/૬/૨૬ના શ્રીરામશરણ પામેલ છે. સ્વ. શાંતાબેન પ્રાગજી કાનજી ગંધાના સુપુત્ર. ગં.સ્વ. મીનાબેનના પતિશ્રી. સ્વ. કરમશી નારણજી કતિરા (નારાયણસરોવર)ના નાનાજમાઈ. ગં.સ્વ. ટિલીબેન ભુપેન્દ્ર તન્ના તથા નીલાબેન ભુપેન્દ્ર પરબીઆના ભાઈ. મનિષ, વિદ્યા, પુનિતના પિતાશ્રી. જયશ્રી, કવિતા, અમિત ઠક્કરના સસરાજી. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. દમયંતીબેન (ડાઇભેણ) નરશીભાઇ રૂપારેલ/ઠક્કર સંગડવારાના પુત્ર મોહનલાલના ધર્મપત્ની મંગળાબહેન (ઉં.વ. ૭૩) તે સ્વ. કંકુબહેન તુલસીદાસ માણેક દુધઇવારાના પુત્રી. વિશાલના માતુશ્રી. વસુમતીબહેન, નીરમળાબહેન, વનીતાબહેન, દક્ષાબહેન, હરીશભાઇ, સ્વ. અશ્વિનભાઇ, સ્વ. હરીલાલભાઇ, રામજીભાઇ, સ્વ. અમૃતબહેન, ગં.સ્વ. ગંગગવરીબહેનના ભાભી/બહેન. બુધવાર, તા. ૩-૬-૨૬ના રોજે શ્રીરામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૬-૬-૨૬ને શનિવાર ૫.૦૦ થી ૬.૩૦. સ્થળ: ગીતા હોલ, શ્રી જલારામ મંદિરની બાજુમાં, દીનાબાબા પાટીલ સ્ટેટ ભાંડુપ વેસ્ટ.

## પારસી મરણ

સોલી રુસ્તમજી હતારયા તે દીનાના ખાવીંદ. તે મરુહમો બાઇમાઇ રુસ્તમજી હતારયાના દીકરા. તે ઝીનોબીયાના પપા. તે મેરવાનના સસરા. તે મરહુમો બમન, ઝરુ, અરદેશીર, નાજુ નરગીશ ને ફેનીના ભાઇ. તે પરઝાના ને ઝાઇશાના મમાવાજી. તે મરહુમો વીરબઇજી કેરશાસપ ખંદાદીયાના જમાઇ. (ઉં. વ. ૮૨) રે. ઠે. ડી-૪, ૩૫ ભરૂચા બાગ, એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા તા. ૬-૬-૨૦૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે માલકમબાગ અગિયારીમાં છેજી.

## જૈન મરણ

મહુવા નિવાસી હાલ વસઇ સ્વ. વલ્લભદાસ દયાળજી ખોખાણીના સુપુત્ર ચીમનલાલ (ઉં. વ. ૮૯) તા. ૪-૬-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. ઇન્દિરાબેનના પતિ. ઉદય, અ. સૌ. કામિની વિજયા અદાણી, અ. સૌ. રુપલ ધવલ શાહના પિતાશ્રી. અ. સૌ. સોનલબેનના સસરા. સ્વ. શાંતાબેન, સ્વ. મંજુલાબેન, સ્વ. કલાબેનના ભાઇ. દામનગર નિવાસી સ્વ. જેકુવરબેન છગનલાલ ગાંધીના જમાઇ. કૃતિકા, ઋષભ, યુતિકાના નાના. પ્રાર્થનાસભા તા. ૭-૬-૨૬ રવિવારના સવારે ૧૦થી ૧૨. ઠે. વિશ્વકર્મા હોલ, વીરસાવરકર નગર, આનંદનગર, વસઇ રોડ (વેસ્ટ).

**દશા શ્રીમાળી દિગંબર જૈન**

જેતપુર નિવાસી હાલ મુંબઇ જયવંતીબેન મહનરલાલ દેસાઇ (ઉં. વ. ૯૭) તા. ૪-૬-૨૬ના દેહપરિવર્તન થયેલ છે. જે બાલુભાઇ ભુરાભાઇ કામાણીના દીકરી. સ્વ. મનહરલાલ પ્રાણલાલ દેસાઇના ધર્મપત્ની. નિખીલ, જગદીશ તથા નયનના માતુશ્રી. રેખા, સુનીતા, રાજુભાઇ ગાંધીના સાસુ. સુનીલ, નિરવ, આદિત્ય, વૈશાલી, હર્ષ તથા નેહલના દાદી. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૭-૬-૨૬ સવારના ૧૦થી ૧૨. ઠે. એફ. પી. એચ. ગરવારે સભાગૃહ, પમે માળે, લાલ લજપતરાય રોડ, હાજીઅલી, મુંબઇ.

**ઘોઘારી દશાશ્રીમાળી જૈન**

વણોત નિવાસી હાલ દહાણુ રોડ, સ્વ. ભૂપતરાય શામજી મહેતાના પુત્ર અશોકભાઈ (ઉં.વ. ૭૦) બુધવાર, તા. ૩/૬/૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તે કલ્પનાબહેનના પતિ. સ્વ. વનેચંદ વચ્છરાજ શાહના જમાઈ. શારદા વિનોદ શેઠ, રેખા ભાસ્કર મહેતા, નયના પ્રફુલ શાહ, જયશ્રી અશોક દામાણી, ભાવના અતુલ મહેતા, સ્વ. હસમુખ તથા વિપુલના ભાઈ. ગં.સ્વ. હીનાબેન, દક્ષાબેનના જેઠ. ભૂમિકા, ભવ્યતા, ચાર્મી, સ્વ. વૃષાંકના પિતા. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૭/૬/૨૬ના. ઠે : દશાશ્રીમાળી વાડી, દહાણુ રોડ સાંજે ૪ થી ૬.

**ઘોઘારી દશા શ્રીમાળી જૈન**

પાલીતાણા નિવાસી હાલ ગોરેગામ, ગં.સ્વ. શારદાબેન ભાનુચંદ્ર મહેતા (ઉં.વ. ૯૦) સ્વ. વિજયાબેન મનસુખલાલ શાહના દીકરી. રાજુભાઈ તથા નિલેશભાઈના માતુશ્રી. મીતાબેન, હીનાબેનના સાસુ. રોનક, રીના, દેવાંશીના દાદી. પુજા, જીમીત, હર્ષના દાદીસાસુ. મનહરભાઈ, ભૂપતભાઈના ભાભી. ગુરૂવાર, તા. ૫/૬/૨૬ના રોજ અરીહંત શરણ થયેલ છે. પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ છે. નિલેશભાઈ ભાનુચંદ્ર મહેતા ૯૦૩ - પમ્પા કો.ઓ. સોસાયટી, ગજાનન કોલોની રોડ, એસ.આર.વી હોસ્પિટલની બાજુમાં, ગોરેગામ વેસ્ટ.

**કચ્છી વિશા ઓસવાળ જૈન**

મોટી ઉનડોઠના હરખચંદ દામજી લધુ વિસરીયા (ઉં.વ. ૬૩) તા. ૩-૬ના અવસાન પામેલ છે. સ્વ. ગોરબાઇ દામજીના પુત્ર. સ્વ. ભારતીના પતિ. કોટડા રોહાના સ્વ. ધનબાઇ દામજીના જમાઇ. સ્વ. હીરબાઇ, પુષ્પાના ભાઇ. મિત્તલ, પલ્લવી, પ્રિયંકા, બીજલ, કેનીલના પિતા. પ્રાર્થના રાખેલ નથી. ઠે. દામજી લધુ ગુલિતા એપાર્ટમેન્ટ, લોટસ કંપાઉન્ડ, અચોલે રોડ, નાલાસોપારા (ઇ.).

કુંદરોડીના માતુશ્રી શાંતાબેન વલ્લભભાઈ વેલજી મામણીયા (ઉં.વ. ૮૨) તા. ૩-૬ના અવસાન પામેલ છે. માતુશ્રી મમીભાઈ વેલજી ઘેલાના પુત્રવધૂ. વલ્લભભાઈના પત્ની. જયેશ, નિલેશ, રીટાના માતુશ્રી. કાંડાગરા માતુશ્રી નિર્મળા નાનજી છેડાના સુપુત્રી. સાકર, હસમુખ, પ્રફુલ, વાસંતીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. નિલેશ મામણીયા, બી-૨૦૨, હરી એપાર્ટમેન્ટ, વસીયતપાડા-૧, કુરાર વિલેજ, મલાડ (ઇસ્ટ).

કોટડી (મહાદેવપુરી)ના મણીલાલ ગોસર નાગડા (ઉં.વ. ૮૩) તા. ૩-૬-૨૬ના અવસાન પામેલ છે. સ્વ. રતનબેન ગોસર વરસંગના સુપુત્ર. મુલબાઈના પતિ. હિતેષ, પીયુષના પિતાશ્રી. લક્ષ્મીચંદ, કલ્યાણજી, અમૃત, રાજેશ, ચંદ્રીકાના ભાઈ. મો. ઉનડોઠ લક્ષ્મીબેન દેવજી વરજાંગના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. મણીલાલ ગોસર, એ/૩, વિનાયક સદન, એલ. બી. એસ માર્ગ, ભાંડુપ (વે.).

પાંચમા પાનાનું ચાલુ

### મુંબઈની હોટલોમાં

સાધનો, સ્પ્રિંકલર સિસ્ટમ, ફાયર એલાર્મ એન્ડ ડીટેક્શન સિસ્ટમ, કિચન ડક્ટિંગ વ્યવસ્થા, હાઈડ્રન્ટ સિસ્ટમ તેમ જ ઈમરજન્સી એક્ઝિટ રૂટ જેવા તમામ ફાયર સેફ્ટી સિસ્ટમ ૨૪ કલાક ઉપલબ્ધ હોવી જોઈએ. તેમ જ વર્ષમાં બે વખત જાન્યુઆરી અને જુલાઈ મહિનામાં સરકારી લાઈન્સધારક સંસ્થા મારફત તેની તપાસ કરાવવી પણ આવશ્યક રહેશે.

આ તપાસ બાદ મળનારું 'ફોર્મ-બી' તાત્કાલિક નિયમિત રીતે મુંબઈ ફાયરબ્રિગેડને સબમીટ કરવાનું હોય છે.

### પાલિકાના ઠેકેદારોએ

ચૂકવે છે, છતાં બાળકો પાસે શ્રમ કરાવવામાં આવ્યો હતો. આધુનિક મશીનો અને પ્રશિક્ષિત અને વ્યસ્ક મજૂરોને સુરક્ષા સાથે સજજ કરીને આ કામ કરાવવામાં આવતું હોય છે , પણ વડાલામાં કાયદાઓ અને માણસાઈની ખુલ્લેઆમ મજાક બનાવી દેવામાં આવી હતી.

શાળાએ જવાની ઉંમરમાં આ બાળકો પાસે કાળી મજૂરી કરાવવામાં આવી હતી. આ બાળકોને કોઈ પણ સુરક્ષા ઉપકરણો ઉપલબ્ધ કરવામાં આવ્યા નહોતા.

માસ્ક, હેન્ડ ગ્લોવ્સ વગર જ આ ઝેરીલા ગેસો અને સ્વાસ્થ્ય જોખમી કચરાનો નિકાલ કરવા માટે બાળકોને નાળામાં ઉતારવામાં આવ્યા હતા.

### કમર્શિયલ રજિસ્ટ્રેશન

શોપ ઍન્ડ એસ્ટાબ્લિશમેન્ટ વિભાગના મુખ્ય અધિકારીઓ સાથે કમર્શિયલ રજિસ્ટ્રેશન અને રીન્યુઅલ ફી બાબતે ચર્ચા કરી હતી અને તેમની સમસ્યાઓ જાણી હતી. કેન્દ્ર સરકારની 'એક રાષ્ટ્ર, એક કર' ની સંકલ્પના ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) સિસ્ટમ લાગુ થવાને કારણે પાલિકાએ જકાત વસૂલવાનું બંધ કરી દીધું હતું. આ કારણે પાલિકાની આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

તેમાં પાછું છેલ્લા નવ વર્ષથી શોપ ઍન્ડ એસ્ટાબ્લિશમેન્ટ વિભાગ હેઠળ નોંધાયેલા વ્યવસાય માલિકો પાસેથી રજિસ્ટ્રેશન ફી અને ટ્રેડ રિફ્યુસ ચાર્જિસ (ટીઆરસી) વસૂલવાની પ્રક્રિયા બંધ કરી દેવામાં આવી છે, તેને કારણે પણ પાલિકાની આવકમાં મોટો ઘટાડો થયો છે.

૨૦૧૭ પહેલા પાલિકા શોપ ઍન્ડ એસ્ટાબ્લિશમેન્ટ કાયદા હેઠળ નોંધાયેલા વ્યવસાય માલિકો પાસેથી રજિસ્ટ્રેશન અને રીન્યુઅલ ફી તથા ટીઆરસી દ્વારા વાર્ષિક રૂ. ૬૦ થી ૮૦ કરોડની આવક રળતું હતું.

જોકે છેલ્લા નવ વર્ષથી આ પ્રક્રિયા બંધ હોવાથી પાલિકા પ્રશાસનને બિનજરૂરી રીતે લગભગ રૂ. ૩૦૦ થી ૫૦૦ કરોડની આવક ગુમાવી પડી છે.

### કલ્યાણ-ડોંબિવલીકરોને

૧૦૯૦ મીટરની લંબાઈ ધરાવતો આ ઓવરબ્રિજ હવે ૪ લેનનો કરવામાં આવશે.

બીજી તરફ, ઠાકુરલી રેલવે ફાટકથી મ્હસોબા ચોક વચ્ચેના એલિવેટેડ રૂટના બાકી રહેલા કામને પણ હવે ગતિ મળશે. જેમાં આ પ્રોજેક્ટ માટે આશરે ૩૬૦ મીટર લાંબો અને ૭.૫ મીટર પહોળો એલિવેટેડ રૂટ બનાવવામાં આવનાર છે. ૧૦૫૦ મીટર લંબાઈનો એપ્રોચ રોડ પણ તૈયાર કરવામાં આવશે. આ પ્રોજેક્ટનું કામ પૂરૂં થવાથી કલ્યાણ, ડોમ્બિવલી અને ઉલ્હાસનગરના લાખો પ્રવાસીઓને મોટી રાહત મળશે.

### પાકિસ્તાની-ભારતીય

ઉપયોગ કરીને ગણતરીપૂર્વકની માનસિક-ધાર્મિક ચાલાકીની ઝુંબેશ ચલાવી હતી. તેણે જણાવ્યું હતું કે તેને ખાતરી હતી કે જો તે ઇસ્લામ સ્વીકારશે તો તેનો માનસિક તાણ ઓછો થશે અને તે ધીમે ધીમે વસ્તુઓ પર વિશ્વાસ કરવા લાગી હતી.ચાર્જશીટમાં ધરપકડ કરાયેલા દાનિશ શેખ, તૌસિફ અત્તાર અને નિદા ખાન ઉપરાંત છત્રપતિ સંભાજીનગરના એઆઇએમઆઇએમના નગરસેવક મતીન પટેલનો પણ આરોપી તરીકે ઉલ્લેખ છે, જેણે નિદા ખાનને આશ્રય આપ્યો હતો.

મહિલાએ પોલીસને જણાવ્યું હતું કે દાનિશ શેખે તેને પાકિસ્તાની ધર્મગુરુ અને ઉપદેશક તેમ જ તબલીઘી જમાતના સભ્ય તારીક જમીલના વીડિયો જોવા અને ભાષણો સાંભળવાનું કહ્યું હતું. તેના બૅંક ખાતાં અને યુપીઆઇ પીન વિશે સંપૂર્ણ માહિતી દાનિશને હતી અને બૅંકમાં રહેતા રૂપિયા વિશે પણ તે વાકેફ હતો.

દરમિયાન પીડિતાની માતાએ પોલીસને જણાવ્યું હતું કે તેની પુત્રીને ઇસ્લામ ધર્મ સ્વીકારવા માટે દબાણ કરવામાં આવ્યું હતું અને તેના પરિવારને નુકસાન પહોંચાડવાની ધમકી આપવામાં આવ્યા બાદ પુત્રીનું જાતીય શોષણ કરવામાં આવ્યું હતું. (પીટીઆઇ)

### પહેલી જુલાઈથી

પર રિક્ષા ચલાવવી અને પરિવારનું ગુજરાન ચલાવવું ખૂબ મુશ્કેલ બની ગયું હોવાથી ભાડા વધારાનો તાત્કાલિક અમલ કરવો જોઈએ.

સૂત્રોના જણાવ્યા અનુસાર આ નવા પ્રસ્તાવમાં રિક્ષાનું લઘુત્તમ ભાડું ૨૩ રૂપિયાથી વધારીને ૨૭ રૂપિયા કરવાની માંગ કરવામાં આવી છે. જો એમએમઆરટીએની બેઠકમાં પ્રસ્તાવ મંજૂર થશે તો પહેલી જુલાઈથી મુંબઈમાં રિક્ષાનું લઘુત્તમ ભાડું ૨૭ રૂપિયા થઈ શકે છે. મુંબઈમાં ઘણી જગ્યાએ શેરિંગ રિક્ષાઓ ચાલે છે. આ ભાવ વધારા પછી શેરિંગ રિક્ષાઓના ભાવ પણ વધશે.

### બેસ્ટની જમીન

આ પુનર્વિકાસ પ્રક્રિયાના ભાગ રૂપે બેસ્ટની માલિકીની કોઈપણ જમીન વેચવામાં આવશે નહીં. તેના બદલે, વિકાસ નાણાકીય ભાગીદારો સાથે જાહેર-ખાનગી ભાગીદારી (પીપીપી) દ્વારા હાથ ધરવામાં આવશે. જમીન અને સંપત્તિની માલિકી બેસ્ટ પાસે જ રહેશે, જ્યારે પ્રોજેક્ટ્સ લાંબા ગાળાના લીઝ મૉડેલ દ્વારા અમલમાં મૂકવામાં આવશે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે વિકાસ આખરે મુંબઈના નાગરિકોને લાભ આપવો જોઈએ. દરેક ડેપો પુનર્વિકાસ પ્રોજેક્ટ ફક્ત વ્યાપારી ઉપયોગ પૂરતો મર્યાદિત ન હોવો જોઈએ પરંતુ તેમાં સંગ્રહાલયો, રમતગમત સુવિધાઓ, સાંસ્કૃતિક જગ્યાઓ અને અન્ય સામાજિક માળખાકીય સુવિધાઓનો પણ સમાવેશ થવો જોઈએ. આવા પ્રોજેક્ટ્સ શહેરના સામાજિક અને સાંસ્કૃતિક જીવનમાં નોંધપાત્ર યોગદાન આપશે.

તેમણે પસંદગીના ડેપો પર મરાઠી ફિલ્મો માટે ૩૦૦-૪૦૦ ની બેઠક ક્ષમતાવાળા સમર્પિત સિનેમા હોલના નિર્માણ પર વિચાર કરવાનું સૂચન પણ કર્યું હતું. આ થિયેટરો મરાઠી ફિલ્મોને રાહત દરે સ્ક્રીનિંગ સુવિધાઓ પૂરી પાડી શકે છે. વધુમાં, બેસ્ટના કર્મચારીઓના જીવનની ગુણવત્તા સુધારવા માટે આધુનિક રહેણાંક સંકુલ વિકસાવવા જોઈએ.

#### મુંબઈ ૨૦૪૭ માટે આયોજન

ફડણવીસે જણાવ્યું હતું કે આયોજન 'વિકસિત ભારત ૨૦૪૭'ના વ્યાપક માળખા હેઠળ 'વિકસિત મહારાષ્ટ્ર'ના વિઝન સાથે સુસંગત હોવું જોઈએ. આગામી ૨૨ વર્ષ માટે બેસ્ટની જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવા માટે એક વિગતવાર અભ્યાસ હાથ ધરવો જોઈએ.

લાંબા ગાળાના આયોજનમાં ભવિષ્યના બસ કાફલાની જરૂરિયાતો, કાર્યબળની જરૂરિયાતો, આવક ઉત્પન્ન કરવા અને ખર્ચના અંદાજોનો સમાવેશ થવો જોઈએ.પર્યાપ્ત નાણાકીય અને તકનીકી ક્ષમતા ધરાવતી સંસ્થાઓને જ પ્રોજેક્ટ અમલનું કામ સોંપવું જોઈએ. સરળ અમલ સુનિશ્ચિત કરવા માટે જરૂરી મંજૂરીઓ, પરવાનગીઓ અને વહીવટી પ્રક્રિયાઓ અગાઉથી પૂર્ણ કરવી જોઈએ. બેઠક દરમિયાન મળેલા તમામ સૂચનોને અંતિમ યોજનામાં યોગ્ય રીતે સમાવિષ્ટ કરવા જોઈએ.

#### પાર્કિંગની ગંભીર સમસ્યા

મુંબઈના ગંભીર પાર્કિંગ પડકારો પર પ્રકાશ પાડતા, ફડણવીસે જણાવ્યું હતું કે મોટા પાયે પાર્કિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવું એ શહેર માટે મહત્વપૂર્ણ યોગદાન હોઈ શકે છે. તેથી, આ પ્રોજેક્ટ્સ હેઠળ વિકસાવવામાં આવેલી જગ્યાઓ અને સુવિધાઓનું આયોજન વ્યાપક શહેરી દ્રષ્ટિકોણથી કરવું જોઈએ.તેમણે વધુમાં નોંધ્યું હતું કે પ્રોજેક્ટની કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવા અને ભવિષ્યની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે લાંબા ગાળાનો નાણાકીય રોડમેપ જરૂરી છે. સંબંધિત વિભાગે અપેક્ષિત સરકારી આવક, શહેરને થતા લાભો અને સંસ્થાની ભવિષ્યની જરૂરિયાતોની રૂપરેખા આપતો વિગતવાર પ્રસ્તાવ તૈયાર કરવો જોઈએ. આ પ્રસ્તાવ ત્રણ સ્તંભો પર આધારિત હોવો જોઈએ: જાહેર હિત, કર્મચારી કલ્યાણ અને નગર વિકાસ.

મુખ્ય પ્રધાને તમામ હિસ્સેદારોને મહત્તમ ગતિ, પ્રામાણિકતા અને સંકલન સાથે કામ કરવા અને પ્રોજેક્ટ્સ સમયસર પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા માટે સમયબદ્ધ અમલ સમયપત્રક સ્થાપિત કરવા સૂચના આપી હતી.

### રાજુરા ડેમ

શિવાની જીવતી હોવાની ખાતરી થતાં પોલીસ તપાસના જાણે ધજાગરા ઊડ્યા હતા. પોલીસની ગંભીર બેદરકારી સામે આવી હતી, જેને પગલે એક સબ-ઈન્સ્પેક્ટર સહિત ત્રણ પોલીસને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. હવે પોલીસે નવેસરથી તપાસ શરૂ કરવી પડી છે. ડેમ પાસેથી મળેલા મૃતદેહની ઓળખ મેળવવા પોલીસ પ્રયત્ન કરી રહી છે. આ માટે મૃતદેહના શારીરિક બાંધાને અનુરૂપ એક કમ્પ્યુટર ઈમેજ બનાવવામાં આવી છે. જળગાંવ જામોદ પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ ઈન્સ્પેક્ટર નીતિન પાટીલે જણાવ્યું હતું કે શિવાનીના પિતા અને ભાઈએ ગુનો કબૂલ્યા છતાં મૃતદેહ શિવાનીનો જ હોવાની ખાતરી કરવા ડીએનએ ટેસ્ટની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. આ માટે ડીએનએ પ્રોફાઈલ પણ તૈયાર કરવામાં આવી હતી અને યુવતીના મૃતદેહને જમીનમાં દાટવામાં આવ્યો હતો.

પોલીસે આ કેસને લગતી માહિતી આપનારા માટે ૫૦ હજાર રૂપિયાનું ઇનામ જાહેર કર્યું છે અને માહિતી આપનારાની ઓળખ છૂપી રાખવાનું વચન આપ્યું છે. અંદાજે પાંચ ફૂટની યુવતીના ડાબા હાથમાં લીલી બંગડી, જ્યારે જમણા હાથમાં કાળો દોરો હતો. તેણે ગુલાબી સૅન્ડલ પહેર્યાં હતાં.

### સંજય રાઉત

થયો હતો અને આ જ બાબત પર સંજય રાઉતે આ ગંભીર આક્ષેપ કર્યો હતો. હવે સંજય રાઉતે રાજ ઠાકરેની મુલાકાત લીધી તેની પાછળ આ જ કારણ છે કે અન્ય કંઈક, તે હજુ સ્પષ્ટ થયું નથી.

સંજય રાઉત બંને ઠાકરે ભાઈઓ વચ્ચેની મહત્વની કડી મનાય છે. મુંબઈ મનપા ચૂંટણીમાં મરાઠી મતો ન વહેંચાય તે માટે તેમણે બંનેને સાથે લાવવામાં મોટી ભૂમિકા ભજવી હતી, જોકે ચૂંટણીમાં ઉદ્ધવ જૂથને ૬૫ અને રાજ ઠાકરેની પાર્ટીને છ બેઠકો મળી હતી. પરિણામો બાદ બંને વચ્ચે પહેલા જેવો સુમેળ દેખાયો નથી અને હાલ ઠાકરે ભાઈઓના મોરચે શાંતિ છે. રાજ ઠાકરેએ પણ આ ચૂંટણી પર કોઈ ટિપ્પણી કરી નથી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

## મોંઘવારી ચીંટિયો ભરશે

# પહેલી જુલાઈથી રીક્ષાનું ભાડું મિનિમમ રૂ. ૨૭ કરવાની માગણી

મુંબઈ: ઈંધણના ભાવ વધારાની અસર હવે સામાન્ય માણસ પર પડવા લાગી છે. એલપીજી અને પીએનજી ગેસના ભાવ વધારાને કારણે રસોડાનું બજેટ વધી ગયા બાદ હવે મુસાફરી પણ મોંઘી બનવા જઈ રહી છે. મુંબઈમાં દરરોજ લાખો મુસાફરોને ઇચ્છિત સ્થળોએ પહોંચાડતી રિક્ષા હવે સામાન્ય માણસના ખિસ્સા પર પ્રહાર તૈયારી કરી રહી છે. રિક્ષા ભાડા વધારાનો નવો બોજ મુંબઈગરો પર પડશે એવી ભારોભાર સંભાવના છે.

મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં ઓટો રિક્ષા ભાડામાં વધારો કરવાનો પ્રસ્તાવ હવે નિર્ણય લેવાની આરે છે. મુંબઈ મેટ્રોપોલિટન રિજન ટ્રાન્સપોર્ટ ઓથોરિટી (એમએમઆરટીએ)ની આગામી બેઠકમાં તેને અંતિમ મંજૂરી મળે તેવી શક્યતા છે. ટૂંકમાં મુંબઈવાસીઓ માટે ઓટો રિક્ષા મુસાફરી ટૂંક સમયમાં મોંઘી બનશે.

આ સંભવિત ભાડા વધારા પાછળનું મુખ્ય કારણ સીએનજીના ભાવમાં સતત વધારો હોવાનું કહેવાય છે. થોડા દિવસો પહેલા રાજ્યભરમાં સ્કૂલ બસના ભાડામાં વધારો જાહેર કરવામાં આવ્યો હતો અને હવે તેના અનુસંધાનમાં રિક્ષા ભાડા વધારાનો મુદ્દો સામે આવ્યો છે. મુંબઈ રિક્ષાચાલક સંઘે આ સંદર્ભમાં પ્રાદેશિક પરિવહન કાર્યાલય (આરટીઓ) સમક્ષ વિગતવાર રજૂઆત કરી છે. રિક્ષાચાલક સંગઠન દાવો કરી રહ્યું છે કે સીએનજીના ભાવમાં વધારાને કારણે વર્તમાન ભાડા (જુઓ પાનું ૪) ▶▶

# પાલિકાના ઠેકેદારોએ બાળકો પાસે કરાવી નાળાસફાઈ

મુંબઈઃ મુંબઈ મહાનગર પાલિકા દ્વારા દર વર્ષે વરસાદ પહેલા નાળાની સાફ-સફાઈ કરવામાં આવે છે. આ નાળાની સાફ-સફાઈ માટે દર વર્ષે કરોડો રૂપિયાના ટેન્ડરો બહાર પાડવામાં આવે છે. તેના માટે પાલિકા કોન્ટ્રાક્ટરોને એપોઇન્ટ કરવામાં આવતા હોય છે, પરંતુ આ વખતે દૃશ્ય કંઈક અલગ જ દેખાઈ રહ્યું હતું. નાળા સફાઇ નાના બાળકો પાસે કરાવવામાં આવી હતી.

દરવર્ષે ચોમાસા પહેલા બીએમસી દ્વારા સાફ-સફાઈ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. દર વર્ષે નાળાની સાફ-સફાઈ માટે કરોડો રૂપિયાના ટેન્ડર પાસ કરાવવામાં આવતા હોય છે. મોટા કોન્ટ્રાક્ટરોને આનું કામ સોંપવામાં આવતું હોય છે, પણ તળિયાની સચ્ચાઈ તો કંઈક જુદી અને શરમજનક છે.

તાજેતરમાં જ મુંબઈના વડાલા વિસ્તારમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. જેમાં બીએમસી અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની સંવેદના પર ગંભીર સવાલો ઊભા થયા હતા.

મુંબઈના વડાલા વિસ્તારમાં નાળાની સાફસફાઈ માટે બીએમસી ઠેકેદારો દ્વારા બાળ શ્રમિકોનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો. આ નાળાઓની સાફસફાઈ માટે દર વર્ષે નાગરિકો કરોડો કર (જુઓ પાનું ૪) ▶▶

# મરાઠા સમુદાયને ઓબીસી જેવી સવલતો મળશેઃ રાજ્ય સરકાર

મુંબઈ: રાજ્ય સરકારે આજે મરાઠા સમુદાય માટે મોટો નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે મરાઠા સમુદાયને ઓબીસી જેવી છૂટછાટો અને સુવિધાઓ આપવાનો નિર્ણય લીધો છે. આ દ્વારા મરાઠા સમુદાય માટે શૈક્ષણિક છૂટછાટો અને ઓબીસી જેવી આઠ યોજનાઓ શરૂ કરવામાં આવશે.

છેલ્લા ઘણા વર્ષોથી અનામતની માગ કરી રહેલા મરાઠા સમુદાયને સરકાર દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયથી મોટી રાહત મળે તેવી શક્યતા છે. આમાં મુખ્યત્વે શૈક્ષણિક સુવિધાઓ અને છૂટછાટોનો સમાવેશ થાય છે. તેમાં શાળા છોડવાની પરીક્ષામાં શિષ્યવૃત્તિ યોજના, મોટર વાહન ડ્રાઇવર તાલીમ યોજના, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વર્ગના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ યોજનાનો સમાવેશ થાય છે.

આ સાથે મહારાષ્ટ્રના રહેવાસી અને અન્ય રાજ્યોમાં સહાયિત અને બિન-સહાયિત વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ માટેની યોજના પણ મરાઠા સમુદાય માટે લાગુ કરવામાં આવશે. ઉપરાંત અન્ય પછાત વર્ગોને લાગુ પડતી તમામ શૈક્ષણિક છૂટછાટો આ મરાઠા સમુદાયને લાગુ કરવામાં આવશે. ■

# કમર્શિયલ રજિસ્ટ્રેશન અને રીન્યુઅલ ફીના અભાવે પાલિકાને ૫૦૦ કરોડ રૂપિયાનું નુકસાન

## ફી વસૂલવાની પ્રક્રિયા ફરી શરૂ કરવાની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા પ્રશાસને ૨૦૧૭થી એસ્ટાબ્લિશમેન્ટ કાયદા હેઠળ કમર્શિયલ રજિસ્ટ્રેશન અને રીન્યુઅલ પ્રક્રિયા બંધ કરી દીધી છે. પરિણામે કમર્શિયલ રજિસ્ટ્રેશન અને રીન્યુઅલ ફી તેમ જ ટ્રેડ રિફ્યુઝ ચાર્જિસ (ટીઆરસી) ફી દ્વારા થતી આવકને પણ મોટો ફટકો પડ્યો છે. એક અંદાજ મુજબ આ નિર્ણયથી મહાનગરપાલિકાને લગભગ ૫૦૦ કરોડ રૂપિયાથી હાથ ધોવા પડ્યા છે.

પાલિકાની લો કમિટીના અધ્યક્ષ દીક્ષા કરકરેએ તાજેતરમાં મહાનગરપાલિકાના (જુઓ પાનું ૪) ▶▶

# રાજુરા ડેમ પાસે મળેલું શબ કોનું?

## યુવતીના હત્યા કેસમાં નાટ્યાત્મક વળાંકો પછી પોલીસનું ટેન્શન વધ્યુંઃ પોલીસે કમ્પ્યુટર ઇમેજ બનાવીઃ માહિતી આપનારાને ૫૦ હજારનું ઇનામ જાહેર

બુલઢાણાઃ બુલઢાણા જિલ્લાના રાજુરા ડેમ પરિસરમાં મળેલા યુવતીના માથા વિનાના અર્ધબળેલા ધડે પોલીસનું ટેન્શન વધારી દીધું છે. તપાસ દરમિયાન નાટ્યાત્મક વળાંકો પછી હવે હત્યા કરાયેલી યુવતીની ઓળખ ફરી મેળવવા પોલીસે કમ્પ્યુટર ઈમેજ બનાવીને સોશ્યલ મીડિયા પર વાયરલ કરી છે. યુવતી અથવા હત્યા સંદર્ભની માહિતી આપનારાને ૫૦ હજાર રૂપિયાના ઇનામની પણ જાહેરાત કરવામાં આવી છે.

જળગાંવ જામોદ પોલીસને ગયા મહિને રાજુરા ડેમ પરિસરમાંથી યુવતીનો મૃતદેહ મળી આવ્યો હતો. હત્યા બાદ યુવતીના મૃતદેહને સળગાવી દેવાયો હતો. જોકે અર્ધબળેલા શબનું માત્ર ધડ હતું. માથું ન હોવાથી યુવતીની ઓળખ થઈ શકી નહોતી. પોલીસના કહેવા મુજબ વીસથી ત્રીસ વર્ષની યુવતીનું એ શબ હતું.

તપાસ દરમિયાન ખગનાર પોલીસની હદમાં આવેલા ખડકી ગામમાં રહેતી ૨૬ વર્ષની શિવાની કળમેકર ગુમ હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. બન્ને ઘટનાનો સમયગાળો મેળ ખાતો હોવાથી પોલીસે અંદાજ લગાવ્યો કે રાજુરા ધરણ પાસે મળેલું શબ શિવાનીનું હોવું જોઈએ. પોલીસે એ દિશામાં તપાસ કરીને શિવાનીના પિતા અને ભાઈની ધરપકડ કરી હતી. આશ્ચર્યજનક બાબત એટલે બન્નેએ શિવાનીની હત્યાની કબૂલાત કરી હતી.

આ કેસમાં આંચકાજનક વળાંક ત્યારે આવ્યો, જ્યારે ૨૮ મેના શિવાની સામે ચાલીને ખગનાર પોલીસ સ્ટેશનમાં હાજર થઈ હતી અને પોતે જીવંત હોવાનું કહ્યું હતું. (જુઓ પાનું ૪) ▶▶

# બેસ્ટની જમીન વેચવામાં નહીં આવે

## બેસ્ટની પુનઃવિકાસ યોજના તૈયાર કરોઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બૃહન્મુંબઈ ઇલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) ઉપક્રમના એકંદર પુનરુત્થાન માટે એક વ્યાપક પુનર્વિકાસ યોજના તૈયાર કરવામાં આવી રહી છે. આ યોજનામાં ડેપો પુનઃવિકાસ, કર્મચારીઓના આવાસનું બાંધકામ, જાહેર સુવિધાઓનું નિર્માણ અને લાંબા ગાળા માટે નાણાકીય ટકાઉપણું સુનિશ્ચિત કરવાનો સમાવેશ થાય છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે તમામ સંબંધિત એજન્સીઓને સમગ્ર પ્રક્રિયા દરમિયાન સંપૂર્ણ પારદર્શિતા જાળવી રાખીને સંકલનમાં કામ કરવા અને સરકારને વિગતવાર દરખાસ્ત રજૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો અને તેમાં ત્રણ મુખ્ય પ્રાથમિકતાઓ નાગરિકોના હિત, કર્મચારીઓનું કલ્યાણ અને મુંબઈનો લાંબા ગાળાનો વિકાસને કેન્દ્રમાં રાખવામાં આવી હતી.

મુખ્ય પ્રધાને તેમના સત્તાવાર નિવાસસ્થાન વર્ષા ખાતે વિવિધ બેસ્ટ બસ ડેપોના આધુનિકીકરણ અંગે આયોજિત બેઠકમાં બોલી રહ્યા હતા. બેઠકમાં મુંબઈના મેયર રીતુ તાવડે, બેસ્ટ સમિતિના અધ્યક્ષ તૃષ્ણા વિશ્વાસરાવ, બેસ્ટના જનરલ મેનેજર ડો. સોનિયા સેઠી અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ફડણવીસે જણાવ્યું હતું કે બેસ્ટનું સંચાલન અને ભવિષ્ય એકલા સંસ્થાની જવાબદારી નથી, પરંતુ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાજ્ય સરકારની સામૂહિક જવાબદારી છે. તેથી, બધા સહભાગી સરકારી અને બિન-સરકારી હિસ્સેદારો વચ્ચે સંવાદ જરૂરી છે. આ ઉદ્દેશ્ય સાથે, વિવિધ વિભાગો અને સંસ્થાઓને સામેલ કરીને એક વ્યાપક ચર્ચા યોજાઈ હતી. બેસ્ટ ડેપોનો પુનર્વિકાસ બે તબક્કામાં હાથ ધરવામાં આવશે અને ભવિષ્યમાં બસ કાફલાની ક્ષમતા ધીમે ધીમે વધારવા માટે પણ આયોજન હાથ ધરવામાં આવશે. મુખ્ય પ્રધાને એવી સ્પષ્ટતા કરી હતી કે (જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈના એન્ટ્રી પોઈન્ટ પર પાર્કિંગ સુવિધા બનાવવાની ભલામણ

મુંબઈમાં ટ્રાફિક ભીડ ઘટાડવા માટે ઓક્ટ્રોય ચેકપોસ્ટ પર બહારથી શહેરમાં પ્રવેશતી બસો માટે પાર્કિંગ સુવિધાઓ બનાવવી જોઈએ. આ સ્થળોએ મુસાફરોની સુવિધાઓ પણ વિકસાવવી જોઈએ.

તે મુજબ, દહિસર, માનખુર્દ, આનંદ નગર (મુલુંડ), એલબીએસ રોડ અને ઐરોલી નાકા ખાતે ઓક્ટ્રોય ચેકપોસ્ટ વિકસાવવા જોઈએ. જો આ સ્થળોએ બસ પાર્કિંગ અને મુસાફરોને ચઢવા/ઉતરવાની સુવિધાઓ બનાવવામાં આવે, તો ખાનગી બસોને શહેરમાં પ્રવેશવાની જરૂર નહીં પડે, જેનાથી ભીડ ઓછી કરવામાં મદદ મળશે. આ સ્થળોને પરિવહન કેન્દ્ર તરીકે વિકસાવવા જોઈએ. મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમ (એમએસઆરટીસી)ની બસો અંગે પણ અલગ ચર્ચા થવી જોઈએ, અને સંકલન દ્વારા નિર્ણયો લેવા જોઈએ. ■

## વિધાન પરિષદની ચૂંટણી

# ઉમેદવારીપત્રો પાછા ખેંચનારા બે નેતાની કોંગ્રેસે કરી હકાલપટ્ટી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર કોંગ્રેસે શુક્રવારે છેલ્લી ઘડીએ વિધાન પરિષદની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો પાછા ખેંચવા બદલ બે ઉમેદવારોની પક્ષમાંથી હકાલપટ્ટી કરી હતી.

પાર્ટીએ વર્ધા-ચંદ્રપુર-ગઢચિરોલીના ઉમેદવાર શૈલેષ અગ્રવાલ અને યવતમાળ સ્થાનિક સંસ્થા મતવિસ્તારમાંથી ઉમેદવાર સાહેબરાવ કાંબલેને ઉમેદવારી પાછી ખેંચવા બદલ સસ્પેન્ડ જાહેર કરતાં પક્ષમાંથી તેમની હકાલપટ્ટી કરી હતી.

પાર્ટીએ કહ્યું કે કાંબલે અને અગ્રવાલને તેમની વિનંતી પર પક્ષના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. જોકે, તેમણે નેતૃત્વને ગેરમાર્ગે દોર્યું અને બાદમાં તેમની ઉમેદવારીપત્રો પાછા ખેંચી લીધા, જેના કારણે પાર્ટી માટે મુશ્કેલી ઊભી થઈ, એમ હકાલપટ્ટીના આદેશોમાં જણાવાયું છે. કોંગ્રેસમાં તેમનું પ્રાથમિક સભ્યપદ પણ રદ કરવામાં આવ્યું છે, એમ પાર્ટીએ જણાવ્યું હતું. ■

# મુંબ્રામાં માતાએ એક વર્ષના દીકરાનો જીવ લીધો

થાણે: ઘરેલુ સમસ્યાઓથી ઉશ્કેરાયેલી માતાએ એક વર્ષના દીકરાનો જીવ લીધો હોવાની આંચકાજનક ઘટના થાણે પાસેના મુંબ્રા ખાતે બની હતી. પોલીસના જણાવ્યા મુજબ ઘટના મુંબ્રાના જીવન બાગ પરિસરમાં ગુરુવારે બની હતી. મહિલાના પતિએ જ ઘટનાની જાણ પોલીસને કરી હતી. પ્રાથમિક તપાસમાં જણાયું હતું કે મહિલાએ ઘરમાં રમતા બાળકનું કપડાથી ગળું દબાવ્યું હતું, જેમાં તેનું મૃત્યુ થયું હતું.

ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે બાળકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં મોકલી આપ્યો હતો અને માતાની ધરપકડ કરી હતી. ઘટના બાદ આરોપી માતા ઘરમાં જ બેઠી હતી. અધિકારીના જણાવ્યા મુજબ ઘરેલુ વિવાદને કારણે માતાએ મગજ પરનો કાબૂ ગુમાવ્યો હતો. ગુસ્સામાં તેણે આવું પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું. જોકે હત્યા પાછળના ચોક્કસ હેતુની તપાસ પોલીસ કરી રહી છે. (પીટીઆઈ)■

## દિલ્હીમાં અગ્નિતાંડવ પરથી શીખ

# મુંબઈની હોટલોમાં ફાયર સેફ્ટી સિસ્ટમ તપાસવામાં આવશે

## અંધેરીની ચાર હોટલ અને બાર પર પાલિકાની જપ્તીની કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દિલ્હીમાં તાજેતરમાં લાગેલી આગની દુર્ઘટના બાદ મુંબઈની હૉટલો અને એસ્ટાબ્લિશમેન્ટમાં ફરી એક વખત અગ્નિસુરક્ષાને લઈને સવાલો થઈ રહ્યા છે ત્યારે પાલિકાએ આ પાર્શ્વભૂમિ પર નાગરિક, પર્યટકો તથા કર્મચારીઓની સુરક્ષાને ધ્યાન રાખીને મુંબઈની તમામ હોટલો અને તેના પરિસરમાં ફાયર સેફ્ટી સિસ્ટમ બરોબર કામ કરતી રાખવાનો નિર્દેશ પાલિકા પ્રશાસને આપ્યો છે. એ સાથે જ છ થી ૨૦ જૂન, ૨૦૨૬ના સમયગાળા દરમ્યાન મુંબઈ ફાયર બ્રિગેડ દ્વારા જુદા જુદા ડિપાર્ટમેન્ટની સાથે વિશેષ સંયુક્ત તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવવાની છે. આ દરમ્યાન મુંબઈ મહાનગરપાલિકાની સંયુક્ત ટીમ દ્વારા અંધેરી પશ્ચિમમાં ચાર હૉટલ અને બારને તોડી પાડવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

દિલ્હીની હોટલમાં લાગેલી આગની દુર્ઘટના બાદ પાલિકા પ્રશાસન ફરી જાગી છે અને ફાયરબ્રિગેડ સાથે સંયુક્ત રીતે મુંબઈની હૉટલો માટે ફરી નિર્દેશ બહાર પાડવામાં આવ્યા છે, તેમ જ સ્પેશિયલ ઝુંબેશ હેઠળ હૉટલો અને એસ્ટાબ્લિશમેન્ટમાં તપાસ પણ કરવામાં આવવાની છે.

### ૧૫ દિવસ વિશેષ ઝુંબેશ

મુંબઈ ફાયર વિભાગ દ્વારા છ થી ૨૦ જૂન, ૨૦૨૬ દરમ્યાન પાલિકાના વિવિધ વિભાગોના સહયોગથી એક ખાસ સંયુક્ત ઈન્સ્પેક્શન કેમ્પેઈનનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઝુંબેશમાં મોલ, ફાઈવસ્ટાર રેસિડેન્શિયલ હૉટલ, લૉજિંગ-બોર્ડિંગ, પાર્ટી હૉલ, બેન્કવેટ હૉલ, રૂફ ટૉપ, પબ, નાઈટ ક્લબ, રેસ્ટોરાં અને બાર, ઑર્કેસ્ટ્રા બાર, જીમખાના અને અન્ય સ્થળોએ ફાયર સેફ્ટી માટે ઈન્સ્પેક્શન કરવામાં આવશે.

પાલિકાના એડિશનલ કમિશનર અશ્વિની જોશીએ જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર અગ્નિપ્રતિબંધક અને જીવ સંરક્ષણ ઉપાયયોજના અધિનિયમ-૨૦૦૬ અનુસાર તમામ અગ્નિપ્રતિબંધક અને જીવસંરક્ષણ યંત્રણા કાયમસ્વરૂપે વ્યવસ્થિત ચાલુ સ્થિતિમાં રાખવી ફરજિયાત છે. આ પાર્શ્વભૂમિ પર મુંબઈ શહેર અને ઉપનગરની તમામ હૉટલ પરિસરમાં બેસાડવામાં આવેલા ફાયર સેફ્ટીના (જુઓ પાનું ૪) ▶▶

# રોકાણકારો માટે ઇન્વેસ્ટ મહારાષ્ટ્રની સ્થાપનાઃ ત્રણ હજાર કરોડ રૂપિયાના ભંડોળની ફાળવણી

મુંબઈ: રાજ્ય સરકારે આગામી ચાર વર્ષમાં એટલે કે ૨૦૩૦ સુધીમાં એક લાખ કરોડ ડોલરની અર્થવ્યવસ્થાના લક્ષ્યને પ્રાપ્ત કરવા રાજ્યમાં વધુ રોકાણકારોને આકર્ષવા અને પ્રોત્સાહિત કરવા માટે મહારાષ્ટ્ર ઇન્વેસ્ટમેન્ટ પ્રમોશન એજન્સી (ઇન્વેસ્ટ મહારાષ્ટ્ર)ની સ્થાપના કરવાનો નિર્ણય લીધો છે. આ એજન્સીને ત્રણ હજાર કરોડ રૂપિયાનું ભંડોળ ફાળવવામાં આવ્યું છે.

ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા છે અને એક વિશ્વસનીય વૈશ્વિક ભાગીદાર તરીકે ઉભરી આવ્યું છે. નવોન્મેષ, ઉત્પાદન અને શાશ્વત વિકાસને પ્રોત્સાહન આપનાર દેશ તરીકે પણ ઉભરી આવ્યો છે. દેશની આ આગેકૂચમાં મહારાષ્ટ્રને આર્થિક તાકાત તરીકે જોવામાં આવી રહ્યું છે.

રાષ્ટ્રીય સકલ દેશ અંતર્ગત ઉત્પાદન (જીડીપી) માં લગભગ રૂ. ૫૧ લાખ કરોડ ટકાથી વધુનું યોગદાન રાજ્ય આપે છે. ડાયરેક્ટ વિદેશી સીધા રોકાણ (એફડીઆઈ) આકર્ષવામાં રાજ્ય મોખરે છે. મહારાષ્ટ્ર છેલ્લા દાયકામાં દેશના કુલ એફડીઆઈમાં ૩૧ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે.

વિશાળ આર્થિક સંભાવના, અદ્યતન નીતિ માળખું, સક્ષમ રોકાણકાર વર્ગ, વ્યૂહાત્મક ભૌગોલિક સ્થાન અને વિશ્વ કક્ષાના ઔદ્યોગિક માળખા સાથે, મહારાષ્ટ્ર દેશના સૌથી સક્ષમ અને સ્પર્ધાત્મક ઔદ્યોગિક ઇકોસિસ્ટમમાંના એક વિકલ્પ તરીકે ઉભરી આવ્યું છે. રાજ્યના મુખ્ય શહેરો, મુંબઈ, પુણે, નાગપુર, સંભાજી નગર અને નાશિક, નાણાકીય સેવાઓ, આઈટી/આઈટીઈએસ લોજિસ્ટિક્સ, ઇલેક્ટ્રિક વાહનો, સ્વચ્છ ઉર્જા અને અદ્યતન ઉત્પાદન ક્ષેત્રો માટેના મુખ્ય કેન્દ્રો તરીકે સતત વિકાસ કરી રહ્યા છે. ઘણા ઉભરતા ક્ષેત્રો અને પ્રદેશો આગામી સમયગાળામાં વિકાસ માટે નવી તક નિર્માણ કરી રહ્યા છે.

મુખ્ય પ્રધાન આ સંસ્થાના વહીવટી પરિષદના અધ્યક્ષ રહેશે, બંને નાયબ મુખ્ય પ્રધાન સહ-અધ્યક્ષ રહેશે, ઉદ્યોગ પ્રધાન ઉપાધ્યક્ષ અને ઉદ્યોગ વિભાગના મુખ્ય સચિવ સભ્ય સચિવ રહેશે. ડિરેક્ટર બોર્ડમાં પણ મુખ્ય પ્રધાન અધ્યક્ષ રહેશે અને ઉદ્યોગ પ્રધાન ઉપાધ્યક્ષ રહેશે. ■

# કલ્યાણ-ડોંબિવલીકરોને ટ્રાફિકમાંથી મળશે મુક્તિ

થાણેઃ કલ્યાણ, ડોંબિવલી, ઉલ્હાસનગર જેવા શહેરોની ટ્રાફિક જામની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે બે મહત્ત્વના પ્રોજેક્ટ્સ શરૂ કરવામાં આવનાર છે. પહેલું તો શહાડ રેલવે ઓવરબ્રિજના વિસ્તૃતિકરણનું કામ ચાલી રહ્યું છે અને બીજું એટલે કે ઠાકુર્લીથી મ્હસોબા ચોક સુધીના એલિવેટેડ રૂટનું પ્રત્યક્ષ કામ શરૂ થવા જઈ રહ્યું છે.

કલ્યાણ-અહિલ્યાનગર નેશનલ હાઈવે પર જે શહાડ રેલવે સ્ટેશન નજીક ઓવરબ્રિજ આવેલો છે, તે હાલમાં માત્ર બે લેનનો જ છે, પરંતુ આ જ બ્રિજની બન્ને બાજુએ ચાર લેનના રસ્તા બનાવવામાં આવ્યા છે. જેના કારણે બ્રિજવાળા ભાગમાં ખૂબ જ ઓછી જગ્યા બચી છે. આ સમસ્યાના કારણે આ વિસ્તારમાં દરરોજ ટ્રાફિક જામ થાય છે. ઘણીવાર તો વાહનોની લાઈનો કલ્યાણના પ્રેમ ઓટો અથવા બિરલા કોલેજ સુધી પહોંચી જાય છે.

આ સમસ્યા અંગે ફોલોઅપ કર્યા બાદ એમએમઆરડીએ દ્વારા આ બ્રિજ માટે ભંડોળ પણ મંજૂર કરવામાં આવ્યું. ત્યારબાદ, આશરે (જુઓ પાનું ૪) ▶▶

# સંજય રાઉત અચાનક રાજ ઠાકરેના શિવતીર્થની મુલાકાતે

મુંબઈ: મહારાષ્ટ્રમાં ૧૭ બેઠકોની વિધાન પરિષદ ચૂંટણીની ધમાધમ વચ્ચે સાંસદ સંજય રાઉત અચાનક મનસે પ્રમુખ રાજ ઠાકરેને મળવા તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા, જોકે મુલાકાતનું કારણ હજુ અકબંધ છે. આ ચૂંટણીમાં મહાયુતિએ છ બેઠકો જીતી છે પણ જળગાંવ-નાશિકમાં બળવાને લીધે પેચ ફસાયો છે, જ્યારે મહાવિકાસ અઘાડી આ રેસમાં ક્યાંય દેખાતી નથી. સંજય રાઉતે એક સનસનાટીભર્યો આરોપ લગાવ્યો હતો કે, કોંકણમાં ઉમેદવારી પાછી ખેંચવા માટે ૨૫ કરોડ રૂપિયા આપવામાં આવ્યા, જેમાંથી ૧૫ કરોડ રૂપિયા બીકેસીની એક હોટેલમાં આપવામાં આવ્યા હતા. કોંકણથી ઉદ્ધવ ઠાકરે જૂથના બાળ માને મહાવિકાસ અઘાડીના ઉમેદવાર હતા, પરંતુ પૂરતું સંખ્યાબળ ન હોવાને કારણે તેમણે ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. જેને લીધે અનિકેત તટકરેની જીતનો માર્ગ મોકળો (જુઓ પાનું ૪) ▶▶

# ગોરેગાંવ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટમાં અવરોધરૂપ બનેલાં ૨૩૪ અનધિકૃત બાંધકામનો સફાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના પૂર્વ અને પશ્ચિમ ઉપનગરને જોડનારો ગોરેગાંવ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટમાં અવરોધ ઊભા કરતા ૨૩૪ બાંધકામને દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અતિક્રમણ દૂર કરવાની કાર્યવાહીના ભાગ રૂપે અમર નગર, ખીંડીપાડામાં ૨૩૪ અનધિકૃત રહેણાંક અને કમર્શિયલ બાંધકામ દૂર કરવામાં આવ્યા છે.

ગોરેગાંવ-મુલુંડ લિંક રોડની લંબાઈ ૧૨.૨૦ કિમી છે. આ લિંક રોડ પરનું કામ ચાર તબક્કામાં પૂર્ણ કરવામાં આવવાનું છે, તેમાં રોડ, અંડરગ્રાઉન્ડ ટનલ, ફ્લાયઓવર વગેરેનો સમાવેશ થાય છે. 'ટી' વોર્ડ (મુલુંડ) ડિવિઝન હેઠળના અમર નગર, ખીંડીપાડામાં લગભગ ૩૮૪ બાંધકામ લિંક રોડના બાંધકામમાં અવરોધ ઊભો કરી રહ્યા હતા. આ બાંધકામમાંથી ગયા અઠવાડિયે લગભગ ૧૫૦ કમર્શિયલ અને રહેણાંક બાંધકામ દૂર કરવામાં આવ્યા હતા. તો બાકીના ૨૩૪ બાંધકામ શુક્રવાર, પાંચ જૂનના દૂર કરવામાં આવ્યા હતા.

આ અતિક્રમણ દૂર કરવાની કામગીરી ડેપ્યુટી કમિશનર (ઝોન-૬) ના માર્ગદર્શન હેઠળ અને આસિસ્ટન્ટ કમિશનર યોગિતા કોલ્હેના નેતૃત્વ હેઠળ હાથ ધરવામાં આવી હતી. પાલિકાના ૧૦ એન્જિનિયર, પાલિકાના ૧૦૦ કર્મચારીઓ, ૧૫૦ ખાનગી કામદારો - કર્મચારીઓ સાથે બે પોકલેન મશીન, ચાર જેસીબી મશીન, ૧૦ ડમ્પર વગેરેનો સમાવેશ થાય છે. ■

## નાશિક ટીસીએસ કેસ ચાર્જશીટ

# પાકિસ્તાની-ભારતીય ઇસ્લામિક ઉપદેશકોના વીડિયો જોવાની ફરજ પાડીઃ પીડિતાનો દાવો

મુંબઈ: ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ)ના નાશિક યુનિટમાં મહિલાઓનું જાતીય શોષણ અને ધર્માંતર માટે દબાણના કેસમાં દાખલ કરાયેલી ચાર્જશીટમાં પીડિતોને નિશાન બનાવવા માટે આરોપીઓ દ્વારા સુનિયોજિત યોજનાનો ખુલાસો થયો છે. આમાંથી એક મહિલાએ આક્ષેપ કર્યો હતો કે તેને પાકિસ્તાની ઇસ્લામિક ધર્મગુરુ તેમ જ ઉપદેશક તારીક જમીલ અને ભારતીય ઉપદેશક ઝાકિર નાઇકના વીડિયો જોવાની ફરજ પાડવામાં આવી હતી.

નાશિક કોર્ટમાં ગયા સપ્તાહે દાખલ કરાયેલી ચાર્જશીટમાં મહિલાના નિવેદનનો સમાવેશ છે, જેમાં તેણે જણાવ્યું હતું કે ઇસ્લામ વિશે શીખી શકે એ માટે તેને વીડિયો બતાવવામાં આવતા હતા. તેણે પોલીસને એમ પણ કહ્યું હતું કે આરોપીઓએ કેવી રીતે તેનો માનસિક તાણ ઘટાડવાની આડમાં તેની નબળાઇનો

# સમૃદ્ધિ એક્સપ્રેસવે પર મિનિ બસને નડ્યો અકસ્માતઃ બાળકનું મોત, નવ જણ ઘાયલ

શહાપુરઃ સમૃદ્ધિ એક્સપ્રેસવે પર અકસ્માતની ઘટનાઓ વધી રહી હોઇ નાગપુર લેનને ચેનેજ નંબર ૬૩૧ પર ટ્રાવેલ્સની મિની બસને અકસ્માત નડ્યો હતો, જેમાં ગંભીર ઇજાને કારણે બાળકનું મોત થયું હતું, જ્યારે નવ લોકો ઘાયલ થયા હતા.




પ્રાપ્ત માહિતી અનુસાર ટ્રાવેલ્સનું વાહન નાગપુર તરફ જઇ રહ્યું હતું ત્યારે ચેનેજ નંબર ૬૩૧ નજીક ડ્રાઇવરે અચાનક સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો, જેને કારણે મિની બસને અકસ્માત નડ્યો હતો. અકસ્માત એટલો ભીષણ હતો કે મિની બસનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. અકસ્માતમાં બાળકનું મોત થયું હતું અને અન્ય નવ જણને જા થઇ હતી.


દરમિયાન અકસ્માતની જાણ થતાં સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને ટ્રાફિક પોલીસ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. વાહનમાંથી ઘાયલ લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા અને તેમને સારવાર માટે નજીકની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઘાયલોમાંથી કેટલાકની હાલત નાજુક હોઇ તેમની સારવાર ચાલી રહી છે. અકસ્માતને કારણે સમૃદ્ધિ એક્સપ્રેસવે પર થોડા સમય માટે ટ્રાફિક જેમની સ્થિતિ સર્જાઇ હતી. જોકે અકસ્માતગ્રસ્ત વાહનને માર્ગ પરથી હટાવવામાં આવ્યા બાદ વાહનવ્યવહાર પૂર્વવત્ થઇ ગયો હતો. પોલીસે આ પ્રકરણે તપાસ આદરી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

# અમદાવાદમાં યોગાસનની વિશ્વ સ્પર્ધામાં ભારતનો ‘સુવર્ણ દિન’

## પહેલા છમાંથી પાંચ ગોલ્ડ મેડલ ભારતીયોએ જીત્યા





અમદાવાદ: અહીં આયોજિત સૌપ્રથમ વર્લ્ડ યોગાસન ચૅમ્પિયનશિપનું વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે શાનદાર ઉદ્ઘાટન કર્યું ત્યાર બાદ શુક્રવારે ભારતીય ઍથ્લીટોએ દમદાર પર્ફોર્મ કરીને છમાંથી પાંચ ગોલ્ડ મેડલ પર કબજો કર્યો હતો. શુક્રવારના ‘પર્યાવરણ દિને’ ભારતે ‘સુવર્ણ દિન’ ઉજવ્યો હતો. પરંપરાગત યોગાસન વર્ગમાં પશ્ચિમ બંગાળના અભય બર્મન (સિનિયર મેલ કૅટેગરી) અને રિતુ મોન્ડલ (સિનિયર ફીમેલ)એ સુવર્ણચંદ્રક જીતીને ભારતને ૭૦થી વધુ દેશોના ૫૦૦થી વધુ ઍથ્લીટો વચ્ચે જોરદાર આરંભ અપાવ્યો હતો. ભારતના ૧૨૨ સ્પર્ધકો ભાગ લઈ રહ્યા છે.

અમદાવાદમાં એકા અરીનામાં આયોજિત યોગાસનની સૌપ્રથમ વિશ્વ સ્પર્ધામાં સૌપ્રથમ ગોલ્ડ મેડલ જીતનાર અભય બર્મને ૬૩.૪૨ પૉઇન્ટ સાથે પ્રથમ આવીને સૌને ચોંકાવી દીધા હતા. સિલ્વર જીતનાર બીજા નંબરનો ઇન્ડોનેશિયાનો અર્કન રિયાન્તો (૫૭.૨૩ પૉઇન્ટ) તેનાથી ઘણો પાછળ હતો. બ્રૉન્ઝ મેડલ ઉઝબેકિસ્તાનના ઍલન (૫૩.૨૧ પૉઇન્ટ)એ મેળવ્યો હતો.

અભય બર્મને ચૅમ્પિયનશિપનો પ્રથમ ગોલ્ડ મેડલ જીત્યા પછી કહ્યું, ‘અહીંના ઉત્સાહિત પ્રેક્ષકો અને સપોર્ટરોની હાજરીમાં હું ભારતને પ્રથમ અને ઐતિહાસિક ગોલ્ડ મેડલ અપાવી શક્યો એ બદલ ગર્વ અનુભવું છું.’

મહિલાઓમાં રિતુ મોન્ડલે ૬૪.૩૩ પૉઇન્ટ સાથે ગોલ્ડ જીતી લીધો હતો. કઝાખસ્તાનની ઐઝાન (૫૮.૯૭) બીજા નંબરે અને ચીનના તાબા હેઠળના હૉન્ગકૉન્ગની લૅમ ઍન્ગા માન (૫૬.૯૮) ત્રીજા નંબરે રહી હતી.

ભારત એકમાત્ર સિનિયર ‘એ’ મેલ કૅટેગરીમાં ગોલ્ડ નહોતું જીતી શક્યું. એમાં સિંગાપોરના નૅથનીલ લીઑન્ગ ઍને ૫૫.૩૭ પૉઇન્ટ સાથે ગોલ્ડ મેળવ્યો હતો. તાન્ઝાનિયાનો કરિમુ (૫૪.૯૯) સિલ્વર અને ભારતનો સુમિર ગ્નાવલી (૫૪.૦૦) બ્રૉન્ઝ જીત્યો હતો.

ભારતના અન્ય ગોલ્ડ મેડલ વિજેતાઓમાં રિતુ ઠાકુર, રોશન થાપા અને જ્યોતિ દેઉરકર (ટ્વિસ્ટિંગ બૉડી કૅટેગરી)નો સમાવેશ હતો. ■

## લૉર્ડ્સ ટેસ્ટમાં બે દિવસમાં ૩૦ જેટલી વિકેટ પડી

લંડન: અહીં ક્રિકેટના મક્કા ગણાતા લૉર્ડસના ઐતિહાસિક મેદાન પર શુક્રવારના બીજા દિવસે ન્યૂ ઝીલૅન્ડ સામે ઇંગ્લૅન્ડે પ્રથમ ટેસ્ટના બીજા દાવમાં ટી-ટાઇમ બાદ (આ અહેવાલ લખાઈ રહ્યો હતો ત્યાં સુધીમાં) નવ વિકેટે ૨૨૫ રન બનાવ્યા હતા અને ૨૭ રનની સરસાઈ સાથે બ્રિટિશ ટીમના ૨૫૨ રન હતા. આ લૉ-સ્કોરિંગ મૅચમાં પેસ બોલર્સનું રાજ જોવા મળ્યું છે. બે દિવસમાં કુલ ૩૦ જેટલી વિકેટ પડી ચૂકી હોવાથી આ મૅચની પિચ વિશે જરૂર ચર્ચા થશે. પ્રથમ દાવમાં ઇંગ્લૅન્ડની ત્રણ વિકેટ લેનાર કિવી પેસ બોલર નૅથન સ્મિથે બીજી ઇનિંગ્સમાં નવમાંથી પાંચ વિકેટ પોતાના ખાતે લખાવી હતી.

સ્મિથ ઉપરાંત વિલ ઑ’રુરકે, કાઇલ જૅમીસન અને મૅટ હેન્રીને પણ વિકેટ મળી હતી. પહેલા દાવમાં ઇંગ્લૅન્ડના ૧૪૦ રનના જવાબમાં ન્યૂ ઝીલૅન્ડ ૧૧૩ રનમાં આઉટ થઈ ગયું હતું. ગુરુવારે કિવી પેસ બોલર કાઇલ જૅમીસને પાંચ વિકેટ લીધી હતી તો શુક્રવારે ઇંગ્લૅન્ડનો પેસ બોલર ઑલી રૉબિન્સને પાંચ વિકેટનો તરખાટ મચાવ્યો. ■

## દેશ વિદેશ

## હવે મમતાનાં સાંસદો બળવો કરવાની તૈયારીમાં

કોલકાતા: તૃણમૂલ કૉંગ્રેસ (ટીએમસી) ની અંદર ચાલી રહેલા રાજકીય ખેંચતાણ વચ્ચે હવે સાંસદોમાં અસંતોષ હોવાના સંકેત મળી રહ્યા છે. પક્ષના વરિષ્ઠ રાજ્યસભાના સભ્ય સુખેન્દુ શેખર રોયે શુક્રવારે સંકેત આપ્યો હતો કે તાજેતરમાં ધારાસભ્યોએ કરેલા બળવાની અસર પાર્ટીના સાંસદોને પણ થઈ રહી છે. રોયનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે થોડા દિવસો પહેલા તૃણમૂલ કૉંગ્રેસના ધારાસભ્યોના એક મોટા જૂથે વિધાનસભામાં પાર્ટી નેતૃત્વ સામે મોરચો ખોલીને ધારાસભ્ય દળ પર અસરકારક નિયંત્રણ મેળવ્યું હતું. આને તૃણમૂલ કોંગ્રેસની રચના પછીની સૌથી મોટી સંગઠનાત્મક કટોકટી માનવામાં આવી રહી છે.

રોયે કહ્યું હતું કે વિધાનસભામાં જે અસંતોષ ઊભો થયો તે અભૂતપૂર્વ હતો અને તેની અસર આગામી મહિનાઓમાં લોકસભામાં જોવા મળી શકે છે.તેમણે કહ્યું હતું કે, મેં આટલા ટૂંકા ગાળામાં આટલી મોટી સંખ્યામાં ધારાસભ્યોને અલગ-અલગ વલણ લેતા ક્યારેય જોયા નથી. જે થઈ રહ્યું છે તેની અસર લોકસભામાં પણ જોવા મળી શકે છે. તૃણમૂલ કૉંગ્રેસના હાલમાં લોકસભામાં ૨૮ અને રાજ્યસભામાં ૧૩ સાંસદો છે. રોયે એવો પણ દાવો કર્યો હતો કે પાર્ટીમાં તાજેતરની ઘટનાઓ લગભગ બે વર્ષ પહેલાની તેમની ચેતવણીને અનુરૂપ હતો. તેમણે કહ્યું કે તેમને આરજી કર હોસ્પિટલના મુદ્દા દરમિયાન ૨૦૨૪માં સંગઠનાત્મક ભંગાણની અપેક્ષા હતી. મેં પહેલેથી જ કહ્યું છે કે પાર્ટી આખરે તૂટી જશે. આ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. પાર્ટીના નેતૃત્વ પર નિશાન સાધતા રોયે કહ્યું કે તેઓ ઔપચારિક રીતે તૃણમૂલ કોંગ્રેસમાં હોવા છતાં તેઓ માનસિક રીતે નથી. શારીરિક રીતે હું હજુ પણ પાર્ટીમાં છું, પરંતુ માનસિક રીતે નથી. જે લોકો પર ભ્રષ્ટાચાર અને ગેરરીતિનો આરોપ છે તેમની સાથે મારે શા માટે રહેવું જોઈએ?જ્યારે પક્ષના રાજ્યસભાના સભ્યોમાં સંભવિત અસંમતિ વિશે પૂછવામાં આવ્યું ત્યારે, તેમણે ચોક્કસ કંઈપણ કહેવાનો ઇનકાર કર્યો હતો. ■

## ‘આ વખતની આઈપીએલ કંટાળાજનક, ટીમ નક્કી કરવામાં માલિકોની દરમ્યાનગીરી’: લિઆમ લિવિંગસ્ટન

### ૧૩ કરોડ રૂપિયા મેળવનારા બ્રિટિશ ઑલરાઉન્ડરને હૈદરાબાદ વતી માત્ર બે મૅચ રમવા મળી


(બીસીસીઆઈ)

નવી દિલ્હી: ઇંગ્લૅન્ડના ઑલરાઉન્ડર લિઆમ લિવિંગસ્ટનને સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ)ના ફ્રેન્ચાઇઝીએ આ વખતની આઇપીએલની સીઝન માટે ૧૩ કરોડ રૂપિયામાં મેળવ્યો હતો, પણ આ પીઢ ખેલાડીના મતે આ વખતની ટૂર્નામેન્ટમાં કેટલીક કચાશ હતી જેનો ઉલ્લેખ તેણે એક પૉડકાસ્ટ પરના ઇન્ટરવ્યૂમાં કર્યો છે અને એક મુદ્દા પર તેણે એવો આક્ષેપ પણ કર્યો છે કે મૅચ માટેની ટીમ નક્કી કરવામાં ફ્રેન્ચાઇઝીના માલિકની દરમ્યાનગીરી થઈ હોવાનું જણાયું હતું.

હૈદરાબાદની ટીમ પ્લે-ઑફ સુધી પહોંચી હતી અને એમાં એલિમિનેટરમાં રાજસ્થાન રૉયલ્સ સામે ૪૭ રનથી હારી જતાં ટૂર્નામેન્ટની બહાર થઈ ગઈ હતી. ૩૨ વર્ષના લિવિંગસ્ટનને ૫-૧૮ એપ્રિલ દરમ્યાન ફક્ત બે મૅચમાં રમવા મળ્યું હતું. લખનઊ સામે તેણે ૧૪ રન બનાવ્યા હતા અને ચેન્નઈ સામે એક રન બનાવ્યો હતો. તેને આ બન્ને મૅચમાં બોલિંગ નહોતી કરવા મળી.

આઇપીએલ-૨૦૨૬માં કુલ ૧,૪૨૬ છગ્ગા ફટકારવામાં આવ્યા હતા જે નવો રેકૉર્ડ છે. ૨૦૨૫ની સીઝનની સરખામણીમાં ૨૦૨૬ની સીઝનમાં ૧૦.૨ ટકા વધુ સિક્સર ફટકારવામાં આવી હતી.

હાર્ડ-હિટર તરીકે જાણીતા લિવિંગસ્ટને મુલાકાતમાં કહ્યું છે, ‘વધુ પડતા હાઇ-સ્કોરિંગ મુકાબલાઓને લીધે ખેલાડીના દૃષ્ટિકોણથી એકંદરે વ્યક્તિગત રીતે તેના માટે મૅચોનું મહત્ત્વ ઓછું થઈ ગયું હતું. સતતપણે બૉલ બાઉન્ડરીની બહાર જતો હોવાથી મુકાબલાનો રોમાંચ ઘટી ગયો હતો. અમે મુંબઈ સામે રમ્યા એમાં અમે ૨૩૦-૨૪૦ રનનો લક્ષ્યાંક ૧૮ ઓવરમાં મેળવી લીધો હતો. મને લાગે છે કે એ બધુ ખૂબ બોરિંગ હતું. લોકો (પ્રેક્ષકો) તો બસ...૬, ૬, ૬ની બૂમો પાડતા હતા. એમાં બૅટિંગના કૌશલ્ય જેવું કંઈ નહોતું. પિચો ખૂબ સપાટ હતી. બાઉન્ડરી ખાસ્સી દૂર હતી, પણ પિચ બૅટિંગ-ફ્રેન્ડ્લી હતી અને ફ્લૅટ પિચને કારણે ફટકાબાજીનું પ્રમાણ વધી ગયું હતું.’

હૈદરાબાદની ટીમની માલિક કાવ્યા મારન છે. તે ટીમની મોટા ભાગની મૅચોમાં સ્ટૅન્ડમાં બેઠેલી જોવા મળી હતી. શરૂઆતમાં તેની ટીમ એક પછી એક મૅચ જીતી રહી હોવાથી તે ખૂબ ખુશ હતી, પણ પછીથી હૈદરાબાદે પરાજય પર પરાજય જોયો હતો. ખાસ કરીને પ્લે-ઑફની એલિમિનેટરમાં રાજસ્થાન રૉયલ્સના વૈભવ સૂર્યવંશીના ધમાકેદાર ૯૭ રનને કારણે તે નિરાશ જણાઈ હતી. જોકે પછીથી તેણે વૈભવને એ ઇનિંગ્સ બદલ અભિનંદન આપ્યા હતા.

લિવિંગસ્ટને ઇન્ટરવ્યૂમાં એવો સંકેત આપ્યો હતો કે આ લોકપ્રિય ટૂર્નામેન્ટમાં ટીમ સિલેક્શનના નિર્ણયોમાં ફ્રેન્ચાઇઝીના માલિકી જૂથે વગ વાપરી હોવાનું જણાયું હતું. તેણે ઇન્ટરવ્યૂમાં કહ્યું, ‘ઑક્શનમાં એક ખેલાડીને મુંબઈ ઇન્ડિયન્સ મેળવવા માગતું હતું, પણ અમારા ફ્રેન્ચાઇઝી પાસે વધુ પૈસા હતા એટલે અમારા ફ્રેન્ચાઇઝીએ તેને મેળવી લીધો હતો. માલિકોને એ ખેલાડી ખૂબ પ્રિય હતો. (કૅપ્ટન) પૅટ કમિન્સ થોડી મૅચો નહોતો રમ્યો ત્યારે પ્લેઇંગ-ઇલેવનમાં (ચારને બદલે) ત્રણ વિદેશી ખેલાડી રાખવામાં આવતા હતા. મેં હેડ-કોચ ડેનિયલ વેટોરીને એ વિશે પૂછ્યું તો તેણે કહ્યું કે માલિકોને એ પ્લેયર ખૂબ પસંદ છે. મને સતત વિચાર આવતો હતો કે ટીમમાં કોઈ પ્લેયર ઈજા પામશે તો જ મને રમવાની તક મળશે.’ ■

## શ્રેયસ અઢી વર્ષથી ટી-૨૦ ઇન્ટરનેશનલ નથી રમ્યો, હવે આજે સીધી કેપ્ટન્સી મળી જશે!



નવી દિલ્હી: ભારતીય ટી-૨૦ ક્રિકેટ ટીમ આ મહિને આયરલૅન્ડ અને ઇંગ્લૅન્ડના પ્રવાસે જશે અને એ માટે જે ટીમ આજે સિલેક્ટ કરવામાં આવશે એનું નેતૃત્વ શ્રેયસ ઐયરને સોંપવામાં આવશે એવી પાક્કી સંભાવના છે. શ્રેયસ અઢી વર્ષે કેપ્ટન્સી સાથે ભારતની ટી-૨૦ ટીમમાં કમબૅક કરી રહ્યો છે.

૩૧ વર્ષના શ્રેયસ ઐયરે ટી-૨૦ ફોર્મેટની આઈપીએલમાં ખૂબ સારું પર્ફોર્મ કર્યું છે, પરંતુ નવાઈની વાત એ છે કે ભારત વતી તે ટી-૨૦ ઇન્ટરનેશનલ મૅચ છેલ્લે ડિસેમ્બર ૨૦૨૩માં (અઢી વર્ષ પહેલાં) રમ્યો હતો અને હવે તેના ભાગ્યમાં મોટો પલટો આવી રહ્યો છે. તેને ટીમ ઈન્ડિયાની ટી-૨૦ ટીમનું સુકાન સોંપવાની તૈયારી લગભગ થઈ ચૂકી છે.

### બન્ને વર્લ્ડ કપમાં નહોતો અને હવે કેપ્ટન્સી

બીજી આશ્ચર્યની વાત એ છે કે શ્રેયસ ૨૦૨૪ અને ૨૦૨૬ના ટી-૨૦ વર્લ્ડ કપમાં નહોતો રમ્યો છતાં તેને હવે ટી-૨૦ ટીમના નેતૃત્વની મોટી જવાબદારી સોંપાઈ રહી છે. એ બંને વર્લ્ડ કપની ટ્રોફી ભારતે જીતી લીધી હતી.

### ટી-૨૦ની આઈપીએલમાં સારો પર્ફોર્મન્સ

શ્રેયસ ૨૦૧૭થી ૨૦૨૩ સુધીના છ વર્ષમાં ભારત વતી ૫૧ ટી-૨૦ મૅચ રમ્યો હતો જેમાં તેણે કુલ ૧,૧૦૪ રન બનાવ્યા હતા. આંતરરાષ્ટ્રીય ટી-૨૦ મૅચોમાં તેનો પર્ફોર્મન્સ સાધારણ રહ્યો છે, પરંતુ આઈપીએલમાં તેણે ૨૦૨૪માં કોલકત્તાને ચેમ્પિયન બનાવ્યું હતું અને ૨૦૨૫માં પંજાબની ટીમને રનર-અપ બનાવી એ જોતાં તેને હવે ભારતની ટી-૨૦ ટીમની કેપ્ટન્સી સોંપવામાં આવી રહી છે.

### ઑલિમ્પિક્સ અને વર્લ્ડ કપ, બે નવા ટાર્ગેટ

અજિત આગરકરના અધ્યક્ષસ્થાન હેઠળની સિલેક્શન કમિટીનો ધ્યેય ૨૦૨૮ની લૉસ ઍન્જલસ ઑલિમ્પિક્સ અને ૨૦૨૮ના ટી-૨૦ વર્લ્ડ કપ માટે અત્યારથી ભરોસાપાત્ર કેપ્ટન્સીવાળી ટીમ તૈયાર કરવાનો છે. ■

## ‘ખાન સર’ પર ગોળીબારનો આરોપ: પોલીસ પૂછતાછ કરશે

પટણા: બિહારના પટનામાં ‘ખાન સર’ના નામથી જાણીતા ફૈઝલ ખાનનું નામ તેમના કૉચિંગ સેન્ટરમાં તોડફોડના કેસમાં નોંધાયેલી એફઆઇઆરમાં નોંધવામાં આવ્યું છે. આ જાણકારી પોલીસે શુક્રવારે આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે મંગળવારે રાત્રે ૧૫-૨૦ લોકોના ટોળાએ ખાન ગ્લોબલ સ્ટડીઝ ઇન્સ્ટિટ્યૂટમાં તોડફોડ કરી હતી અને સંકુલમાં પથ્થરમારો કર્યો હતો. પટણાના એસએસપી કાર્તિકેય શર્માએ જણાવ્યું કે એફઆઇઆરમાં શિક્ષકનું નામ નોંધાવામાં આવ્યું છે. પોલીસ તેમની પૂછપરછ કરશે. જો કે તેમણે ખાનના આરોપ અંગે વિસ્તૃત માહિતી આપી ન હતી.

પોલીસે ગુરૂવારના રોજ કોચિંગ સેન્ટરના બે ગાર્ડની અટકાયત કરી હતી. તેમના પર તોડફોડ દરમિયાન ગોળીબાર કરવાનો આરોપ છે. સોશ્યલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયા બાદ તેમની અટકાયત કરવામાં આવી હતી. આ વીડિયોમાં ગાર્ડ્સ ગોળી ચલાવતા જોવા મળી રહ્યા હતા.

ખાને તોડફોડની ઘટનાના તુરંત બાદ આરોપ લગાવ્યો હતો કે ગોળીબાર પાછળ હરીફ કોચિંગ ઇન્સ્ટિટ્યૂટના લોકોનો હાથ છે. જો કે બાદમાં તેમણે કહ્યું હતું કે ગોળીબાર થયો હતો કે નહીં તેની માત્ર પોલીસ તપાસમાં પુષ્ટિ થઇ શકશે. એક હરિફ કોચિંગ ઇન્સ્ટિટ્યૂટના સભ્યોએ ગુરૂવારના રોજ એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું. જેમાં તેમણે આ ઘટના ખુદ ખાને ઘડી હોવાનો આરોપ લગાવ્યો હતો. ■

## મોદી સારા મિત્ર છે, અમેરિકા-ભારત વેપારી કરાર થશે: ટ્રમ્પ

વૉશિંગ્ટન: અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સારા મિત્ર લેખાવ્યા હતા અને કહ્યું હતું કે અમેરિકા અને ભારત વચ્ચે જલદી જ વેપારી કરાર થશે.

અમેરિકા અને ભારત વચ્ચે વેપારી કરાર થશે કેમ કે મને ભારતના વડા પ્રધાન ખૂબ ગમે છે એમ જણાવતાં ટ્રમ્પે કહ્યું હતું કે મોદી મારા સારા મિત્ર છે અને બંને દેશ વચ્ચે વેપારી કરાર કરવામાં આવશે. બંને દેશ વચ્ચેના વેપારી કરાર અંગે ચાલી રહેલી વાટાઘાટ અંહે પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતા ટ્રમ્પે કહ્યું હતું કે ભારતે વરસો સુધી અમેરિકાની નીતિઓનો લાભ લીધો છે અને અમેરિકાની કંપનીઓ પાસેથી ભારે ટૅરિફ વસૂલ્યો છે.

ભારતે અમેરિકાની કંપનીઓ પાસેથી ભારે ટૅરિફ વસૂલ્યો છે અને વળતામાં અમેરિકાએ ભારત પાસેથી આડેધડ ટૅરિફ નથી વસૂલ્યો, એમ તેમણે કહ્યું હતું.

અગાઉ આ અઠવાડિયે અમેરિકાનું પ્રતિનિધિમંડળ ભારત આવ્યું હતું અને વચગાળાના દ્વિપક્ષી કરાર અંગેની ચાર દિવસની વાટાઘાટમાં ભાગ લીધો હતો. ભારતના વાણિજ્ય ખાતાએ કહ્યું હતું કે વાટાઘાટ દરમિયાન બંને દેશે સહકારપૂર્ણ તેમ જ વ્યવહારુ અભિગમ અપનાવ્યો હતો.

બંને પક્ષને લાભ થાય તેવા કરાર માટે સહમતી દર્શાવી હતી જેથી કરીને બંને દેશ વચ્ચેના વેપારી અને આર્થિક સંબંધ વધુ મજબૂત બને, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

## ભારતે હૉકીના થ્રિલરમાં પાકિસ્તાનને ૫-૩થી હરાવ્યું, ફાઇનલમાં શાનથી પ્રવેશ કર્યો

ટોક્યો: જાપાનમાં અન્ડર-૧૮ મેન્સ એશિયા કપ હૉકીની શુક્રવારે સેમિ ફાઇનલ રમાઈ હતી જેમાં ભારતે કટ્ટર હરીફ પાકિસ્તાનને ૫-૩થી પરાજિત કરીને ફાઇનલમાં શાનથી પ્રવેશ મેળવ્યો હતો જેમાં શનિવારે ભારતનો મુકાબલો યજમાન જાપાન સામે થશે. ભારતના પાંચમાંથી ચાર ગોલ આશિષ તાની પુરતીએ કર્યા હતા.

૧૫ મિનિટવાળા છેલ્લા સમયગાળા સુધી ભારતની ટીમ ૨-૩થી પાછળ હતી, પરંતુ આ ક્વૉર્ટરમાં ભારતીય ખેલાડીઓએ અસાધારણ પર્ફોર્મ કર્યું હતું. તેઓ પાકિસ્તાનની ટીમ પર તૂટી પડ્યા હતા અને એક પછી એક ત્રણ ગોલ કરીને જબરદસ્ત સરસાઈ મેળવી હતી.

### પાંચમાંથી ચાર ગોલ આશિષ પુરતીના

મૅચની શરૂઆત તંગ વાતાવરણમાં ભારે રસાકસી સાથે થઈ હતી. બન્ને ટીમે ખાસ કરીને મિડફીલ્ડમાં એકમેકના કબજામાંથી બૉલ આંચકી લેવા કોઈ કસર બાકી નહોતી રાખી. જોકે ૧૨મી મિનિટમાં ભારતીય ટીમનો હાથ ઉપર હતો. પાકિસ્તાની ટીમના ડિફેન્સની એક ભૂલને લીધે ભારતને પેનલ્ટી સ્ટ્રૉક મળ્યો હતો અને આશિષ પુરતી નામના ભારતીય ખેલાડીએ એને ગોલમાં પરિવર્તિત કરવામાં કોઈ જ ભૂલ નહોતી કરી.

બીજા ક્વૉર્ટરમાં પાકિસ્તાન રમત સુધારીને ૧-૧થી સરસાઈમાં આવી ગયું હતું, પણ ત્રીજા ક્વૉર્ટરમાં શાહરુખ અલીએ ભારતને ૨-૧થી સરસાઈ અપાવી હતી. ત્યાર બાદ પાકિસ્તાને ઉપરાઉપરી બે ગોલ કરીને મૅચમાં પહેલી વખત સરસાઈ મેળવી હતી. જોકે ૩-૨ની તેમની સરસાઈ ક્ષણજીવી નીવડી હતી. આશિષ પુરતીએ વધુ એક ગોલ કરીને સ્કોર ૩-૩ની બરાબરીમાં લાવી દીધો હતો અને ભારતે સંપૂર્ણ પ્રભુત્વ મેળવ્યું હતું. આશિષે હૅટ-ટ્રિક ગોલથી ભારતને ૪-૩થી સરસાઈ અપાવી હતી અને છેલ્લે (૫૬મી મિનિટમાં) ચોથો ગોલ કરીને ભારતના ૫-૩ના વિજયમાં અભૂતપૂર્વ યોગદાન આપ્યું હતું. ■

## સૂર્યા યુગનો અસ્ત, સૂર્યવંશીનો સૂર્યોદય

### સૂર્યકુમારના સ્થાને શ્રેયસને કૅપ્ટન્સી સોંપાશે અને તિલક બનશે વાઇસ-કૅપ્ટન: વૈભવ સૂર્યવંશીને ડેબ્યૂનો મોકો



નવી દિલ્હી: ભારતીય ક્રિકેટમાં મોટું પરિવર્તન આવી રહ્યું છે જેમાં ખાસ કરીને સૂર્યકુમાર યાદવના હાથમાંથી ટી-૨૦ ટીમની કૅપ્ટન્સી પાછી લેવામાં આવી રહી છે અને શ્રેયસ ઐયરને સોંપવામાં આવશે જેની સત્તાવાર જાહેરાત શનિવારે કરવામાં આવશે. આ ટીમ સિલેક્શનની બીજી મોટી ખાસિયત એ હશે કે એમાં વૈભવ સૂર્યવંશીને સામેલ કરવામાં આવશે અને એ સાથે ભારતીય ક્રિકેટમાં યુવાન ખેલાડીઓના મુદ્દે જાણે નવા સૂરજનો ઉદય થશે.

### સૂર્યવંશીએ દિગ્ગજોને ઝાંખા પાડ્યા

બિહારનો વૈભવ સૂર્યવંશી માંડ ૧૫ વર્ષનો છે અને સિલેક્ટરો ૨૦૨૮ની લૉસ ઍન્જલસ ઑલિમ્પિક્સ તેમ જ એ જ વર્ષના ટી-૨૦ વર્લ્ડ કપને લક્ષમાં રાખીને વૈભવને અત્યારથી ટી-૨૦ ટીમમાં સમાવીને ટીમને નવો ઓપ આપવા માગે છે. વૈભવે આ વખતની આઇપીએલમાં તૂફાની બૅટિંગથી ભલભલા દિગ્ગજો (સાઇ સુદર્શન, શુભમન ગિલ, જૉસ બટલર, વિરાટ કોહલી વગેરે)ને ઝાંખા પાડી દીધા. તેના ૭૭૬ રન આ ટૂર્નામેન્ટમાં સૌથી વધુ હતા અને ૭૨ સિક્સરનો આઇપીએલ-રેકૉર્ડ પણ તેણે પોતાના નામે કર્યો હતો. વૈભવ ૧૫ વર્ષની ઉંમરે ભારત વતી ડેબ્યૂ કરનાર સૌથી નાની ઉંમરનો સચિન તેન્ડુલકરનો ૩૭ વર્ષ જૂનો વિક્રમ તોડશે.

ભારતે આ વખતની આઇપીએલના એક મહિના પહેલાં અમદાવાદમાં સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં ટી-૨૦નો વર્લ્ડ કપ જીતી લીધો હતો, પરંતુ એ વિશ્વ કપમાં ખેલાડી તરીકે અને ત્યાર બાદ આઇપીએલમાં તેનો બૅટિંગ પર્ફોર્મન્સ નબળો રહ્યો હોવાથી હવે શનિવારે જાહેર થનારી ટી-૨૦ ટીમમાં સામેલ કરવામાં આવશે કે કેમ એમાં પણ શંકા છે. ખરેખર તો છેલ્લા દોઢ વર્ષથી તે સારું નથી રમી શક્યો. આ ટીમ આયરલૅન્ડ અને ઇંગ્લૅન્ડ ખાતેના આગામી પ્રવાસ માટે નક્કી થવાની છે. શ્રેયસ ઐયર અઢી વર્ષથી ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ નથી રમ્યો અને હવે તેની ટી-૨૦માં ટીમ ઇન્ડિયાની સીધી કૅપ્ટન્સી મળી જવાની છે. તેણે ખાસ કરીને આઇપીએલમાં કોલકાતાની અને પછી પંજાબની ટીમની કૅપ્ટન્સી જે રીતે સંભાળી એ જોતાં સિલેક્ટરો તેને નવો ટી-૨૦ સુકાની બનાવવા માગે છે. શ્રેયસની ખાસિયત એ છે કે તે કૅપ્ટન્સીના બોજની પોતાની બૅટિંગ પર વિપરીત અસર નથી થવા દેતો.


ઇન્ડિયા-એ ટીમ સાથે શ્રીલંકા પહોંચી ગયેલો વૈભવ સૂર્યવંશી

### તિલક બનશે શ્રેયસનો ડેપ્યૂટી

દરમ્યાન તિલક વર્માને ભારતીય ટીમની વાઇસ-કૅપ્ટન્સી સોંપવાની તૈયારી પણ થઈ રહી હોવાનું મનાય છે. આ વર્ષે સપ્ટેમ્બરમાં યોજાનારી એશિયન ગેમ્સમાં ભારતીય ટી-૨૦ ટીમની કૅપ્ટન્સી પણ તિલકને અપાશે એવી ધારણા છે.

### ભુવનેશ્વરને કમબૅકનો મોકો

શનિવારે સિલેક્ટરો આયરલૅન્ડ અને ઇંગ્લૅન્ડના પ્રવાસ માટેની ટીમ નક્કી કરશે ત્યારે એમાં આઇપીએલ-૨૦૨૬ના સર્વોત્તમ ભારતીય બોલર ભુવનેશ્વર કુમારને નહીં જ ભૂલે એવું મનાય છે. ચૅમ્પિયન ટીમ આરસીબીના ૩૬ વર્ષીય ભુવીએ આઇપીએલમાં કુલ ૨૮ વિકેટ લઈને સાબિત કર્યું કે પસંદગીકારો હવે તેને ભૂલી જ નહીં શકે. મૂળ ઉત્તર પ્રદેશનો ભુવનેશ્વર ભારત વતી છેલ્લી ટેસ્ટ ૨૦૧૮માં (આઠ વર્ષ પહેલાં) અને વન-ડે તથા ટી-૨૦ મૅચ ૨૦૨૨માં (ચાર વર્ષ પહેલાં) રમ્યો હતો. ■

## અન્નામલાઈનું રાજીનામું ભાજપે સ્વીકાર્યું, નવા પક્ષની રચના કરી

નવી દિલ્હી/ચેન્નઇ: તમિળનાડુ ભાજપના ભૂતપૂર્વ પ્રમુખ કે અન્નામલાઈ, જેમણે પોતાની આક્રમક રાજકીય શૈલીને કારણે ભારે લોકપ્રિયતા મેળવી હતી અને દ્રવિડિયન પક્ષોને ટક્કર આપી હતી, તેમણે પાર્ટીના પ્રાથમિક સભ્યપદમાંથી રાજીનામું આપ્યું હતું જેને સ્વીકારી લેવાયું હતું. તેમનાં લક્ષ્યો મોટાં છે અને નવા સમાવેશી એજન્ડા હેઠળ વધુ લોકોને સાથે લેવા પડશે તેવું ભારપૂર્વક જણાવતા, તેમણે જાહેરાત કરી હતી કે તેઓ એક નવો રાજકીય પક્ષ શરૂ કર્યો હતો અને તમિળનાડુમાં આગામી ચૂંટણીઓનો સામનો કરશે.

સોશ્યલ મીડિયા સંબોધનમાં, અન્નામલાઈએ કહ્યું, મને પીએમ મોદી માટે ખૂબ માન છે, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમણે ગૌરવપૂર્ણ રીતે ભાજપ છોડી દીધું છે. તેમણે નવા પ્રકારની રાજનીતિ શરૂ કરવાની તેમની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો.

ભાજપના રાષ્ટ્રીય વડા નીતિન નબીન દ્વારા તેમનું રાજીનામું સ્વીકાર્યા પછી તેમણે જાહેરાત કરી હતી કે ‘આજથી, એક નવો રસ્તો, એક નવું રાજકીય આંદોલન’.

અન્નામલાઈએ તેમની તાજેતરની દિલ્હી મુલાકાત દરમિયાન રાજીનામું આપ્યું હોવાનું જાણવા મળે છે.

ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ, નીતિન નબીને, તમિલનાડુના ભૂતપૂર્વ રાજ્ય પ્રમુખ, કે અન્નામલાઈ દ્વારા પાર્ટીના પ્રાથમિક સભ્યપદમાંથી સુપરત કરાયેલ રાજીનામું સ્વીકાર્યું છે, તેવું ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ અરુણ સિંહે શુક્રવારે એક નિવેદનમાં જણાવ્યું હતું.

જ્યારે અન્નામલાઈના સમર્થકોએ ફટાકડા ફોડીને અને મીઠાઈઓ વહેંચીને તેમના નિર્ણયનું સ્વાગત કર્યું, ત્યારે ભાજપે કહ્યું કે તેમના રાજીનામાંથી પાર્ટીને કોઈ નુકસાન નથી. ■

# વીક એન્ડ

## સ્પોર્ટ્સમૅન

અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# ક્રિકેટનો કરિશ્મા વત્તા ફૂટબૉલ-ફીવર

**૨૦૨૬નું અડધું વર્ષ પૂરું થવા આવ્યું છે ત્યારે હવે આઈપીએલના જલસા પછી આંતરરાષ્ટ્રીય ક્રિકેટનો સમય આવી ગયો છે. એની સાથે ફિફા વર્લ્ડ કપનો જશન પણ ખૂબ મનાવીશું**



ભારતીય ક્રિકેટરો માર્ચ, ૨૦૨૬માં અમદાવાદમાં ટી-૨૦નો વર્લ્ડ કપ જીત્યા ત્યાર બાદ આઇપીએલ રમીને હવે ફરી આજથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ઝુકાવશે.

**સ્પોર્ટ્સપ્રેમીઓને** તો હવે બારેમાસ જલસા છે. ટીવી કે મોબાઇલ પરની ઍપ ઑન કરો એટલે ક્રિકેટ, ફૂટબૉલ, ટેનિસ, ચેસ, બૅડમિન્ટન વગેરેમાંથી કોઈને કોઈ રમતની લાઇવ મૅચ કે હાઇલાઇટ ચાલતી જ હોય છે. હવે તો વર્ષ દરમ્યાન એક કે એક કરતાં વધુ વર્લ્ડ કપ હોય છે જ અને ક્યારેક તો એકસાથે ઘણી મોટી ટૂર્નામેન્ટો ચાલતી હોય છે એટલે સ્પોર્ટ્સલવર મૂંઝાઈ જાય છે કે કામકાજના બોજ વચ્ચે મનોરંજન માટે કઈ મૅચ જોવી અને છોડવી. આ વર્ષનો જૂન મહિનો ખેલકૂદનું ભરપૂર મનોરંજન લઈને આવ્યો છે. ભારતમાં જૂન મહિનો એટલે વરસાદનો આરંભ અને એમાં રમતગમતના મુકાબલાઓની વર્ષાનો પણ અનુભવ ખેલકૂદના ચાહકો કરશે.

કુલ ૧,૪૨૬ છગ્ગા અને ૨,૩૩૨ ચોગ્ગાનો વરસાદ વરસ્યા પછી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની ૧૯મી સીઝન પૂરી થઈ ત્યાર પછી હવે ભારતીય ક્રિકેટપ્રેમીઓ માટે આંતરરાષ્ટ્રીય સિરીઝો અને ટૂર્નામેન્ટોનો સમય આવી ગયો છે અને એનો આરંભ આજે ન્યૂ ચંડીગઢમાં અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ મૅચથી થઈ રહ્યો છે.

ભારતીય ક્રિકેટરો ઘરઆંગણે અફઘાનિસ્તાન વિરુદ્ધ એક ટેસ્ટ અને ત્રણ વન-ડે રમ્યા પછી ટી-૨૦ સિરીઝ રમવા આયરલૅન્ડના પ્રવાસે અને ટી-૨૦ તથા વન-ડે શ્રેણી રમવા ઇંગ્લૅન્ડ જશે. ત્યાર બાદ ઝિમ્બાબ્વેના પ્રવાસમાં ટી-૨૦ શ્રેણી રમાયા બાદ ઘરઆંગણે કૅરિબિયનો સામે વન-ડે અને ટી-૨૦નો જલસો થશે. ત્યાર પછીની વાત જ શું કરીએ! ન્યૂ ઝીલૅન્ડમાં ભારતીય ક્રિકેટરોનો ૪૦ દિવસનો સૌથી લાંબો પ્રવાસ થશે જેમાં ટી-૨૦, વન-ડે અને ટેસ્ટ બધુ જ રમાશે. વર્ષના અંતમાં શ્રીલંકન ક્રિકેટરો વાઇટ-બૉલ ફૉર્મેટની મૅચો રમવા ભારત આવશે એટલે તેમની સામે રમીને ભારતીયો ૨૦૨૬નું વર્ષ પૂરું કરશે. અધૂરામાં પૂરું, હવે તો મહિલાઓની ક્રિકેટ મૅચો પણ ખૂબ રોમાંચક અને રસપ્રદ બની જતી હોવાથી ૧૨મી જૂને શરૂ થનારા વિમેન્સ ટી-૨૦ વર્લ્ડ કપની મૅચો પણ ક્રિકેટપ્રેમીઓ અચૂક જોવાનું પસંદ કરશે.

આ ક્રિકેટોત્સવ વચ્ચે ભારતીય ખેલકૂદ રસિકો ફૂટબૉલ-ફીવરનો પણ શિકાર થશે. ૧૧મી જૂને ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપ શરૂ થઈ રહ્યો છે જેમાં ૪૮ દેશની ટીમ ભાગ લેશે. આ વિશ્વ કપ અમેરિકા, કૅનેડા અને મેક્સિકોમાં રમાવાનો હોવાથી એની રોમાંચક મૅચો ભારતીય સમય મુજબ મોડી રાતે અથવા વહેલી સવારે રમાવાની હોવાથી ભારતીય સૉકર-પ્રેમીઓ ઉજાગરા કરશે એમાં કોઈ શંકા નથી. લિયોનેલ મેસી, ક્રિસ્ટિયાનો રોનાલ્ડો, કિલિયાન ઍમ્બપ્પે જેવા સુપરસ્ટાર ખેલાડીઓ રમવાના હોવાથી ફૂટબૉલપ્રેમીઓ જાગરણ કરવાના જ છે.

જુલાઈમાં લોકોના મન પરથી ફિફા વર્લ્ડ કપનો જાદુ માંડ ઊતર્યો હશે ત્યાં તો કૉમનવેલ્થ ગેમ્સની કમાલ શરૂ થઈ જશે. ૨૩મી જુલાઈએ સ્કૉટલૅન્ડના ગ્લાસગો શહેરમાં કૉમનવેલ્થ ગેમ્સ રમાશે જેમાં ૭૪ દેશના ૩,૦૦૦ જેટલા ઍથ્લીટો ભાગ લેશે. ત્યાર પછીની (વર્ષ ૨૦૩૦ની) કૉમનવેલ્થ ગેમ્સ ભારતમાં (અમદાવાદમાં) યોજાવાની હોવાથી આ વખતની કૉમનવેલ્થમાં ભારતીય ઍથ્લીટોનો અને તેમના કરતબ જોનારાં ભારતીય રમતગમતપ્રેમીઓનો ઉત્સાહ કંઈક જુદો જ હશે.

કૉમનવેલ્થ ગેમ્સ અને એશિયન ગેમ્સ એક જ વર્ષમાં ઉપરાઉપરી બે મહિનામાં યોજાય એવું જવલ્લે જ બન્યું છે. બીજી ઑગસ્ટે કૉમનવેલ્થ ગેમ્સ પૂરી થશે ત્યાં ૧૯મી સપ્ટેમ્બરે જાપાનના નાગોયામાં એશિયાના ૪૬ દેશ વચ્ચે એશિયન ગેમ્સ (એશિયાડ) શરૂ થશે.

### ભારતીયોનો ન્યૂ ઝીલૅન્ડમાં ૪૦ દિવસનો પ્રવાસઃ ૧૦૦મા વર્ષમાં નવો વિક્રમ

આગામી બાવીસમી ઑક્ટોબરથી પહેલી ડિસેમ્બર દરમ્યાન ભારતીય ક્રિકેટરો ન્યૂ ઝીલૅન્ડ ખાતેના ૪૦ દિવસના પ્રવાસમાં હશે એ દરમ્યાન બન્ને દેશ વચ્ચે કુલ ૧૨ મૅચ રમાશે. અગાઉ કોઈ પ્રવાસી દેશના ક્રિકેટરોનો ન્યૂ ઝીલૅન્ડમાં ક્યારેય આટલો લાંબો પ્રવાસ નથી યોજાયો. ભારતના ખેલાડીઓ કિવીલૅન્ડ પર પાંચ ટી-૨૦, પાંચ વન-ડે અને બે ટેસ્ટ મૅચ રમશે. બન્ને દેશ વચ્ચેના ખેલકૂદ સંબંધોને ૧૦૦ વર્ષ પૂરાં થઈ રહ્યાં છે અને આ નિમિત્તે એક સાથે ત્રણેય ફૉર્મેટમાં કુલ ૧૨ મૅચ રાખવાનું નક્કી કરાયું છે. ભારતીયોની ૪૦ દિવસની ટૂરમાં પ્રથમ મૅચ (ટી-૨૦) બાવીસમી ઑક્ટોબરે ક્રાઇસ્ટચર્ચમાં રમાશે. ખરેખર તો ન્યૂ ઝીલૅન્ડનું આ વખતનું નવું ક્રિકેટ કૅલેન્ડર ભારત સામેની ઑક્ટોબરની સિરીઝ સાથે થવાનું છે.

ભારત અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે પ્રથમ ટેસ્ટ મૅચ નવેમ્બર, ૧૯૫૫માં હૈદરાબાદમાં રમાઈ હતી. ગુલામ અહમદ ભારતના અને હૅરી કેવ ન્યૂ ઝીલૅન્ડના કૅપ્ટન હતા. એ ઐતિહાસિક ટેસ્ટ ડ્રૉમાં ગઈ હતી અને ત્યાર પછીની બ્રેબર્ન સ્ટેડિયમની બીજી ટેસ્ટમાં ભારતે પૉલી ઉમરીગરના સુકાનમાં એક દાવ અને ૨૭ રનથી વિજય મેળવ્યો હતો. બન્ને દેશ વચ્ચેના ક્રિકેટ સંબંધોને ૭૧ વર્ષ થયા છે, પરંતુ એકંદરે ખેલકૂદ સંબંધોનું આ ૧૦૦મું વર્ષ હોવાથી એની ઉજવણીના ભાગરૂપે ભારતીયો ન્યૂ ઝીલૅન્ડના ૪૦ દિવસના લાંબા પ્રવાસે જશે.



તેહસિન જમશીદ



નિશાન વેલુપિલ્લે



સૅમ્યૂલ મૉટોસામી



સરપ્રીત સિંહ

### ભારતીય મૂળના ચાર ખેલાડી રમશે ‘ફિફા’ વર્લ્ડ કપમાં

ભારતીય ફૂટબોલર્સની ટીમ ૧૧મી જૂને શરૂ થનારા ફિફા વર્લ્ડ કપમાં નહીં જોવા મળે, પણ ભારતીય મૂળના ચાર ખેલાડી સૉકરની આ સર્વોત્તમ સ્પર્ધામાં જરૂર જોવા મળશે. ૨૦૦૬માં જર્મનીમાં જે ફિફા વર્લ્ડ કપ રમાયો હતો એમાં ભારતીય મૂળનો વિકાસ ધોરાસૂ ફ્રાન્સની ટીમ વતી રમ્યો હતો. ધોરાસૂના પરદાદાઓ મૂળ આંધ્ર પ્રદેશના વિઝિયાનગરમના હતા. વિકાસ ધોરાસૂને પગલે હવે મૂળ ભારતના હોય એવા ચાર-ચાર ખેલાડી આ વખતના વર્લ્ડ કપમાં રમવાના છે.

આ વખતની ન્યૂ ઝીલૅન્ડની ફૂટબૉલ ટીમમાં ભારતીય મૂળના સરપ્રીત સિંહનો સમાવેશ છે. તેનો જન્મ ઑકલૅન્ડમાં પંજાબી પરિવારમાં થયો હતો. તે ૨૦૧૮માં મુંબઈમાં એક ઇન્ટરકૉન્ટિનેન્ટલ કપમાં રમ્યો હતો. આ વર્ષે ન્યૂ ઝીલૅન્ડ વતી ડેબ્યૂ કર્યા બાદ તે ભારતીય ફૂટબૉલના સુપરસ્ટાર સુનીલ છેત્રી વિરુદ્ધ રમ્યો હતો. ભારતીય મૂળનો સૅમ્યૂલ મૉટોસામી વર્લ્ડ કપના ડીઆર કોન્ગો દેશની ટીમમાં સામેલ છે. તેની મમ્મી કોન્ગો દેશની અને પિતા મૂળ તમિળનાડુના છે. ઑસ્ટ્રેલિયાનો નિશાન વેલુપિલ્લે મલયેશિયાના નાગરિક છે, પણ તેમનો જન્મ શ્રીલંકાના મૂળ તમિળ પરિવારમાં થયો હતો. કતારની ટીમમાં તેહસિન મોહમ્મદ જમશીદ સામેલ છે. તેનો જન્મ કતારના પાટનગર દોહામાં થયો હતો અને તેના મમ્મી-પપ્પા મૂળ કેરલમ રાજ્યના છે. ■

## અરાઉન્ડ ધ વર્લ્ડ


પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# નૉર્વેજિયન ગ્લેસિયર મ્યુઝિયમ ને અનોખા વ્યૂપોઈન્ટ્સની ભરમાર...



**પારંપરિક** સ્ટેવ ચર્ચથી નીકળીને ગાડીમાં પેટ્રોલ માટે એક ચોર્ડના કિનારે રોકાયાં. નૉર્વેની મજા એ છે કે ત્યાંનો પેટ્રોલ પંપ પણ કોઈ બાળકની કલ્પનાના કુદરતી દૃશ્યની વચ્ચે કોઈએ ગોઠવ્યો હોય તેવો લાગતો હતો. ચોર્ડ કિનારે પેટ્રોલ પુરાવીને જોયું તો બાજુમાં જ એક સ્થાનિક મ્યુઝિયમ હતું. એક સુવિનિયરની દુકાન અને પેટ્રોલપંપ પાસે જ થોડા રૂમ ક્રિસ્ચિયનહુસ મોટર મ્યુઝિયમમાં ફેરવી દેવામાં આવ્યા હતા. નૉર્વેમાં જ્યાં પણ જાઓ, અહીં ઇંધણે કઈ રીતે દેશની કાયા પલટ કરી દીધી છે તે વાત કોઈ ને કોઈ સ્વરૂપે જોવા મળી જાય છે અને કેમ ન હોય, અહીં તેલ મળી આવ્યું એમાં જ તો દેશની કાયા પલટ થઈ છે. બાકી વીસમી સદીના મધ્ય સુધી નૉર્વે બાકીના સ્કેન્ડિનેવિયન કંટ્રીના પ્રમાણમાં ખેતી અને માછલીના ઉદ્યોગથી મોડરેડ રેપ્યુટેશનથી કામ ચલાવતું હતું. એક વાર ઓઇલ નીકળી આવ્યું એવું સીધું નૉર્વેની ઇકોનોમી અને ક્વોલિટી ઓફ લાઇફ યુરોપભરમાં ટોપ પર પહોંચી ગયાં. જે સ્ટાવાન્ગરના ઓઇલ મ્યુઝિયમમાં જોયું હતું, તેનું જ જરા વધુ સ્થાનિક વર્ઝન આ ટચૂકડા મ્યુઝિયમમાં હાજર હતું.

બીજી તરફ એક ટૂરિસ્ટ વ્યૂપોઈન્ટ પણ હતો. ત્યાંથી નૉર્વેની ક્રૂઝ, યોટ્સ, પહાડો અને ચોર્ડનાં પાણીને ધીરજથી જોવા માટેની જગ્યા હતી. તે વ્યુપોઇન્ટથી ક્રૂઝ હાર્બર જોવામાં સિઝનમાં સારો ટાઇમપાસ થઈ જાય એવું હતું. અહીં કોઈ ખાસ ટૂરિસ્ટ આવતાં હોય તેવું તો લાગ્યું નહીં. નૉર્વેમાં ટૂરિસ્ટનું કોન્સન્ટ્રેશન ત્યાંનાં ખ્યાતનામ હાઇક રૂટ્સ અને નોર્ધર્ન લાઇટ્સ બાજુ જ જતું રહે છે. સમરમાં નૉર્વેમાં ટૂરિસ્ટ ઘણાં હોવા છતાં, એકવાર બર્ગનથી બહાર નીકળો પછી ભાગ્યે જ રસ્તા પર ટ્રાફિક કે ભીડ દેખાતા હતા. બાકીની ટ્રિપ દરમિયાન માંડ ટ્રોન્ડહાઇમમાં થોડા લોકો દેખાયા, બાકી લોકો જોવા માટે તો છેલ્લે ઓસલો જ જવું પડ્યું. તે સમયે હોપરસ્ટાટ પાસે અમને આટલી મજા આવી જશે એ નહોતું વિચાર્યું. ત્યાં સામે એક કન્વિનિયન્ટ સ્ટોર પર થોડો નાસ્તો પણ કરી લીધો. હવે અમે ટ્રોન્ડહાઇમની દિશામાં આગળ વધવા તૈયાર હતાં અને રસ્તામાં પહેલું આવ્યું ગ્લેસિયર મ્યુઝિયમ.



એ મ્યુઝિયમ પહોંચતા પહેલાં બે વાર તો ગાડી ફેરીમાં ચઢાવવી પડી. હવે મેઇનલેન્ડ નૉર્વે જેવું કશું હતું જ નહીં. બધે ગાડીઓ એક ટાપુથી બીજા ટાપુ, ફયોર્ડ પર ફેરીમાં જ સફર કરી લેતાં હતાં. અહીં અમે ગાઇરેન્ગર પાસે બોટ રાઇડ તો લેવાનાં જ હતાં, પણ આખીય ટ્રિપમાં બધે દિવસમાં ઘણીવાર ફેરી લેવી પડી હતી. ફયોર્ડ પર ઢગલાબંધ ગાડીઓ સાથે પાણી પર સરકવાની આદત પડી ગઈ હતી. વળી બધે ગાડી આપોઆપ સ્કેન થઈ જતી અને ટ્રિપના અંતે એક સાથે ટોલ રેન્ટલ કંપનીને ભરવાનો હતો. ક્યાંય ટોલબૂથની માથાકૂટમાં પણ નથી પડવું પડ્યું. મોટાભાગની ફેરી પણ આમ જોવા જાઓ તો કોમન પબ્લિક ટ્રાન્સપોર્ટ કહેવાય, તો પણ ત્યાં માહોલ અને વ્યવસ્થા કોઈ ક્રૂઝ શિપ જેવી રહેતી.






ગ્લેસિયર મ્યુઝિયમ ચારે તરફ ગ્લેસિયર રૂટ્સથી ઘેરાયેલું હતું. આ પહાડો તે સમયે તો લીલાછમ હતા. જુલાઈમાં બરાબર ઉનાળા વચ્ચે મોટાભાગના પર્વતો પરથી સ્નો તો ઓગળી ગયો હતો, પણ ગ્લેસિયર હજી પણ અકબંધ હતા. એ સમયે પણ ગ્લેસિયર વોક પર નીકળવાનું તો શક્ય હતું જ. અમે હજી બે વર્ષ પહેલાં જ પાટાગોનિયામાં ગ્લેસિયર વોક કરેલું. હવે ઉનાળામાં નૉર્વેમાં ગ્લેસિયર પર ચાલવાને બદલે અમે હૂંફાળા પ્રવાસને ઠરવા તરફ ન લઈ ગયાં.



ગ્લેસિયર મ્યુઝિયમની ઇમારત અત્યંત આકર્ષક હતી. એટલું જ નહીં ત્યાં બહાર એક મોટા મેમથ એટલે કે આઇસએજના હાથીના આખા પરિવારનું મોટું સ્ટેચ્યૂ હતું. ત્યાં આખરે થોડાં લોકો દેખાયા. ત્યાં ફોટા પડાવવા માટે નાનકડું ગ્રૂપ એક પછી એક લાઈન લગાવીને ઊભું હતું. ગ્લેસિયર મ્યુઝિયમ આસપાસના વિસ્તારની ભૌગોલિક માહિતીથી ભરપૂર હતું.

મ્યુઝિયમમાં અંદર નૉર્વેનાં વેધર અને ત્યાંનાં ગ્લેસિયરની આસપાસનું માનવજીવન કઈ રીતે સદીઓથી સરવાઈવ કરતું આવ્યું છે તે બધું ડાયોરામા સાથે જોવા મળ્યું. બધે ફેરલાન્ડ્સફ્યોર્ડ અને ગ્લેસિયર વિસ્તારમાં અહીં ૧૦૦૦ વર્ષ જૂનો આઇસ સ્લેબ જોવા મળ્યો અને સાથે આઇસની ઉંમર કઈ રીતે નક્કી થાય છે તે પણ જાણ્યું. અહીં તો રેડિયોમેટ્રિક ટેકનિક વાપરવામાં આવેલી. ત્યાં ગ્લેસિયર અને પૃથ્વીના ઇતિહાસ પર એક મજેદાર પેનોરામિક ફિલ્મ પણ હતી. અમે ઘણા કલાકોથી ગાડીમાં અને ફેરીમાં બેસીને થાકેલાં, એટલે તે ફિલ્મની સામે બેઠાં. તે મ્યુઝિયમની ઇમારત પણ આર્કિટેક્ચર અવૉર્ડની વિજેતા રહી ચૂકી છે અને ખરેખર તે ઇમારતની અનોખી ડિઝાઈનની નોંધ લીધા વિના ચાલે તેવું જ ન હતું.

અમે થોડી વાર છત પર પણ જઈ આવ્યાં. અહીંથી દરેક દિશામાં અલગ અલગ ગ્લેસિયર તરફ સાઇન પોસ્ટ હતી. ક્યો ગ્લેસિયર કેવડો છે, તેની ઉંમર શું છે, તે સહિત બાકીની રસ પડે તેવી વિગતો સાથે છત પર જ ઘણો સમય વિતાવી શકાય તેવું હતું. જોસ્ટેડાલબ્રીન નેશનલ પાર્ક જવાનું મેઇન ઇન્ફો સેન્ટર પણ ત્યાં જ હતું. થોડી વાર માટે અમે જોસ્ટેડાલબ્રીન ગ્લેસિયર પર હાઇક કરવા માટે લલચાઈ ગયેલાં. જોકે અંતે નક્કી થયું કે ગ્લેસિયર સુધી ડ્રાઇવ કરીને પહોંચી જઈશું અને તેને પેરેલલ રસ્તા પર ગ્લેસિયરની મજા લઈશું.

ગ્લેસિયર પાસે જરા અલગ પ્રકારનો ટ્રાફિક હતો. ઘણાં ઇન્ફલુઅન્સરની કેમ્પર વેન્સ ત્યાં પાર્ક થઈને ફોટા પાડવા, વીડિયો લેવા કે રાત રોકાવા માટે ગોઠવાયેલી હતી. અમે તેમની જાણે વચ્ચે આવતાં હોઈએ એવું લાગતું હતું. ગ્લેસિયરથી નજીક પહોંચીને લાગ્યું કે દુનિયાભરનાં ગ્લેસિયર પણ કેવાં અલગ હોતાં હોય છે. નોર્થમાં આઇસલેન્ડનાં હોય કે સાઉથમાં આર્જેન્ટિનાનાં, ગ્લેસિયરની પણ જાણે પોતાની ઓળખ હોય તેવું લાગતું હતું. હવે નૉર્વેનાં ખરા નોર્થ તરફ પ્રવેશ થઈ રહ્યો હતો. ■

## એક નજર ઈધર ભી...

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

# જ્યાં ઈચ્છામૃત્યુ કાયદેસર છે એવો દેશ નેધરલેન્ડ્સ

### આ એવો પણ દેશ છે, જેને એક સમયે લોકો છોડીને જઈ રહ્યા હતા અને હવે અહીં પરદેશીઓ આવીને વસી રહ્યા છે...

અઢી લાખ વર્ષ પહેલા માનવ વસતિનું અસ્તિત્વનો ઈતિહાસ ધરાવતા નેધરલેન્ડ્સને માઈગ્રેશન - સ્થળાંતર એ ખૂબ કનડતી સમસ્યા છે. જોકે, એક સમયે સરકાર એને પુરસ્કૃત કરતી હતી. બીજા વિશ્વયુદ્ધ પછી સરકાર દ્વારા માઈગ્રેશનને ઉત્તેજન આપવામાં આવતા મોટી સંખ્યામાં લોકો દેશ છોડી જતા રહ્યા હતા. તેમ છતાં આજની તારીખમાં નેધરલેન્ડ્સ વિશ્વની ગીચ વસતી ધરાવતા દેશોની યાદીમાં સ્થાન ધરાવે છે.

જોકે, જાપાન અને કોરિયાની માફક નેધરલેન્ડ્સને પણ સિક્સ્ટી પ્લસ- ૬૦ + વય ધરાવતા લોકોની સંખ્યા વધુ હોવાની સમસ્યા સતાવે છે. યુરોપના આ દેશની કેટલીક લાક્ષણિકતા છે. અહીં પ્રોસ્ટિટ્યુશન - વેશ્યા વ્યવસાય, મારિજુઆના અને હશીશ જેવા 'સોફ્ટ ડ્રગ્સ' તેમ જ 'યુથેનેશિયા' (ઈચ્છામૃત્યુ) તેમ જ આસિસ્ટેડ સ્યૂસાઈડને કાયદાકીય માન્યતા છે, અલબત્ત, અમુક નિયમન સાથે. એટલું જ નહીં સેમ સેક્સ મેરેજ - સજાતીય લગ્નને કાયદેસર માન્યતા આપનારો નેધરલેન્ડ્સ પહેલો દેશ હતો.

### સ્થળાંતરની સમસ્યા




સ્વદેશ છોડી વિદેશ જઈ રહેલા ડચ લોકો

બીજા વિશ્વયુદ્ધ પછી ત્રીસ લાખ લોકો નેધરલેન્ડ્સ છોડી કેનેડા અને ઓસ્ટ્રેલિયા સ્થળાંતર થયા હતા. સરકાર દ્વારા જારી કરવામાં આવેલી વિગતો અનુસાર બહેતર જીવન માટે લોકોનું વિદેશગમન થયું હતું. વસતિ વધારો, બેરોજગારી, અન્નની અછત, ઘર - રહેઠાણના ધાંધિયા, નિરુત્સાહી વાતાવરણ અને યુદ્ધનો શંકાસ્પદ ઈતિહાસ જેવાં કારણોને લીધે લોકોએ બેગ બિસ્તરા બાંધી ચાલતી પકડી હતી. યુદ્ધ સમાપ્ત થયા પછી અનેક વર્ષો સુધી નેધરલેન્ડ્સમાં રહેઠાણની ભારે સમસ્યા હતી. લોકોના સ્થાળંતર પાછળ આ પણ એક મુખ્ય કારણ હતું. ૧૯૪૬થી ડચ લોકો વિશાળ સંખ્યામાં દેશ છોડી જતા રહ્યા હતા. જોકે, બીજી તરફ અન્ય દેશના લોકો નેધરલેન્ડ્સ આવી સ્થાયી થવાની શરૂઆત ૧૯૬૦ના દાયકામાં શરૂ થઈ હતી. ઈન્ડોનેશિયા, સુરિનામ, ટર્કી અને મોરોક્કોના રહેવાસીઓ વર્કર તરીકે આ દેશમાં પરિવાર સાથે આવ્યા અને કાયમી વસવાટ કરી લીધો. છેલ્લા ત્રીસેક વર્ષમાં તો યુગોસ્લોવિયા, સીરિયા અને અફઘાનિસ્તાનથી રાજકીય આશ્રય લેનારાઓની સંખ્યા ખાસ્સી વધી છે. આ સિવાય કુશળ કારીગરો તેમજ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં દેશાગમન ખાસ્સું જોવા મળ્યું છે. વિધિની વિચિત્રતા કહેવી કે બીજું કંઈ, ૧૯૪૦ - ૫૦ના દાયકામાં લોકો નેધરલેન્ડ્સથી ઉચાળા ભરી ગયા હતા અને હવે આજે બહારના લોકો બેગ બિસ્તરા બાંધી અહીં ઠલવાઈ રહ્યા છે. જે દેશને સ્થાનિક લોકો છોડી રહ્યા હતા એને વિદેશીઓ અપનાવી રહ્યા છે.

### ડેમ સ્કવેર

વિશ્વના ભૌગોલિક ઈતિહાસમાં અનેક દેશના સ્કવેર (ગુજરાતીમાં ચોકડી - સડક માર્ગે ગુજરાતનો પ્રવાસ કરતા લોકો તારાપુર ચોકડી, માધાપર ચોકડી, અડાલજ ચોકડી વગેરેથી વાકેફ હશે) વિવિધ કારણસર પ્રખ્યાત છે. યુએસના ન્યૂયોર્કનું ટાઈમ્સ સ્કવેર, ચીનનું ટિનાનમેન સ્કવેર, રશિયાના સેન્ટ પીટર્સબર્ગનું પેલેસ સ્કવેર, ઈટલી નજીક વેટિકનનું સેન્ટ પીટર્સ સ્કવેર, અને એને સાથે આપણે કોલકાતાના બે વિખ્યાત ડેલહાઉસી અને કોલેજ સ્કવેર પણ તરત યાદ આવી જાય. અલબત્ત, આ દરેકના અનુસંધાન અલગ અલગ છે. ક્યાંક મોજમસ્તી છે તો કોઈ સાથે ક્રાંતિનું જોડાણ છે. આ બધા સ્કવેર સાથે ગ્લેમર જોડાયેલું છે. એવા બીજા પણ સ્કવેર છે જેની ખ્યાતિ સરખામણીમાં ઓછી છે, પણ મહત્ત્વમાં એ ખભે ખભા મિલાવી શકે છે.


ડેમ સ્કવેરઃ વિરોધ અને ઉજવણીનું કેન્દ્ર

નેધરલેન્ડ્સનું ડેમ સ્કવેર એ પંક્તિમાં બિરાજે છે. એનું બાંધકામ ૧૩મી સદીમાં કરવામાં આવ્યું હતું. એ સમયે એનો મુખ્ય હેતુ દરિયાના પાણી શહેરમાં ફરી ન વળે એ હતો. ૧૯૬૦ના દાયકામાં પ્રસિદ્ધિ મેળવનાર આ સ્કવેર આજે સહેલાણીઓ માટે આકર્ષણ બની ગયો છે. એમસ્ટરડેમના મધ્ય વિસ્તારમાં આવેલા આ સ્થળે અનેક મેળાવડા અને કાર્યક્રમોનું આયોજન થાય છે. અહીં વર્ષ દરમિયાન ઘણી વાર ફનફેર પણ થતા હોય છે. આ એક રાષ્ટ્રીય સ્મારક છે, જેનું બાંધકામ ૧૯૫૬માં બીજા વિશ્વયુદ્ધમાં શહીદ થયેલા લોકોની માનવંદના માટે કરવામાં આવ્યું હતું. દર વર્ષે ચોથી મેના દિવસે અહીં લોકો એકઠા થાય છે અને યુદ્ધમાં શહીદ થયેલા લોકોને યાદ કરી એક મિનિટનું મૌન પાળે છે. બીજે દિવસે એટલે કે પાંચમી મેએ લિબરેશન ડે - મુક્તિ દિનની ઉજવણી કરે છે. આ એક એવું સ્થળ છે જ્યાં ઉજવણી પણ થઈ છે અને વિરોધ પ્રદર્શન પણ થયા છે.

### પમ્પિંગ સ્ટેશન - યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ


પમ્પિંગ સ્ટેશનઃ યુનેસ્કો પ્રમાણિત વર્લ્ડ હેરિટેજ સાઈટ

સંયુક્ત રાષ્ટ્ર સંઘ - યુનાઈટેડ નેશન્સની એક સંસ્થા યુનેસ્કો (UNESCO - United Nations Educational Scientific and Cultural Organization) દ્વારા માનવજાત માટે અનન્ય યોગદાન આપનાર સ્થળને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે માન્યતા આપવામાં આવે છે. જગત આખામાં ૧૨૦૦થી વધુ હેરિટેજ સાઈટ છે. નેધરલેન્ડ્સમાં ૧૨ વર્લ્ડ હેરિટેજ સાઈટ છે. રસપ્રદ વાત એ છે કે આ સાઈટ મુખ્યત્વે દેશની એન્જિનિયરિંગ સિદ્ધિઓ, વોટર મેનેજમેન્ટમાં નાવીન્ય અને સમૃદ્ધ ઈતિહાસના પ્રતીક છે. આ ડઝન સાઈટ્સમાં એક છે D.F. Wouda Steam Pumping Station. એન્જિનિયરિંગ કૌશલનું અદ્વિતીય નજરાણું ગણાતું આ વિશ્વનું સૌથી મોટું વરાળની મદદથી ચાલતું પમ્પિંગ સ્ટેશન છે. આજની તારીખમાં પણ કાર્યરત આ સ્ટેશન હાઈડ્રોલિક પાવર કેબલની મદદથી ઓલિમ્પિક સાઈઝના સ્વિમિંગ પુલમાંથી પાણી ૩૫ સેકન્ડમાં ખાલી કરી શકવાની ક્ષમતા ધરાવે છે. પાણીના પ્રવાહના વેગને ખાળવાના ડચ એન્જિનિયર્સ અને આર્કિટેક્ટ્સની આવડત અને ચાતુર્યની પાવતી છે. આ અનોખા અને અલાયદા મશીનનું બાંધકામ ૧૯૨૦માં કરવામાં આવ્યું હતું. નેધરલેન્ડ્સમાં ફ્રાયસલેન નામનો જળ સમૃદ્ધિ ધરાવતો પ્રાંત છે. ફ્રાયસલેન વિશિષ્ટ સ્થાનિક ભાષા, ઈટલીના વિશ્વવિખ્યાત લીનિંગ ટાવર ઓફ પિઝાનું સ્મરણ કરાવતો લીનિંગ ટાવર ઓફ ઓલ્ડહોવ (ચર્ચ ટાવર) સહિત કેટલીક બાબત માટે સહેલાણીઓમાં આકર્ષણ છે. આ સ્ટેશન ફ્રાયસલેનના નીચાણવાળા વિસ્તારમાં પૂરના પાણી ન ફરી વળે અને રહેવાસીઓનું તેમજ તેમની જમીન અને ઢોરઢાંખરનું રક્ષણ થાય એ હેતુથી બાંધવામાં આવ્યું હતું. બાંધવામાં આવ્યું ત્યારે જે કામ કરતું હતું એ જ કામ પમ્પ આજે પણ કરે છે. આ પમ્પની એક વિશિષ્ટતા એ પણ છે કે સમુદ્રના પાણીને ખાળવાની ક્ષમતા ધરાવે છે. ૧૦૬ વર્ષ દરમિયાન આ પમ્પિંગ સ્ટેશનમાં એક મહત્ત્વનો ફેરફાર થયો હતો જ્યારે ૧૯૬૭માં એ કોલસાની બદલે ક્રૂડ ઓઈલથી ચલાવવાની શરૂઆત થઈ હતી. ૧૯૯૮માં એને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટનો દરજ્જો મળ્યો હતો. સહેલાણીઓની આ સ્થળની મુલાકાત લેવાની પરવાનગી છે. વર્ષમાં બે વખત આ પમ્પ કાર્યરત હોય ત્યારે સહેલાણીઓ મોટી સંખ્યામાં આવતા હોય છે. અમે મુલાકાત લીધી ત્યારે એ કાર્યરત ન હોવાથી બીજી મુલાકાતએ આવવાનું મનોમન તો નક્કી કરી લીધું. ■

## ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# હે શું કહ્યું... AIની હકાલપટ્ટી?




'શું સમજે છે એ એના મનમાં? તીસમારખાં સમજે છે?' એક ગ્રાહકે કાચનો ગ્લાસ ટેબલ પર તોડતાં ગુસ્સેલ અવાજે પૂછ્યું .

'એ તો પોતાને સુપર હ્યુમન કે સુપર પાવર સમજે, પરંતુ તેની ચોટલી તો કાળા માનવીના હાથમાં જ છે ને?'

'એ તો લાલચું છે. સાલો ખડુસ છે. અમારી પાસે દસ રૂપિયાની ચા કે વીસ રૂપિયાની કૉફીના ઑર્ડર પર બસો ડૉલરની ટિપ માગે છે. બસો ડૉલર એટલે કેટલા રૂપિયા થાય એની એને ખબરબબર છે કે નહીં?' એક ચિંગૂસ મહિલાના ગુસ્સાનો બાટલો બરાબરનો ફાટ્યો.

'એ ઇન્ટેલિજન્સ હોય તો વેઇટરની નોકરી થોડો કૂટે? વેઇટરની નોકરી કરે છે, પણ મિજાજ તો બાર અબજ ખાંડીનો કરે છે? એની મિકેનિકલ તપાસફપાસ કરાવો.' વેઇટરની બદ્તમિજીથી કંટાળેલ ગ્રાહકે ફરિયાદ કરી.

'અરે, મારી સાથે તો રોડરોમિયો જેવી હરકત કરી. મને જોઈને તે પચરી જ ગયો. મને બધાની સામે નફટાઈથી હગ કર્યું. એ પણ ઠંડું ઠંડું. કોઈ ઉષ્મા જ ન મળે,' એક કૉલેજિયન છોકરીએ પણ ફરિયાદમાં સૂર પુરાવ્યો.

'તમે માણસોની જગ્યાએ આવા ઠોઠિયા ગોઠવવા માગો છો? જેને દિમાગ છે, પરંતુ હૃદય નથી,' એક ગ્રાહકે ઇમોશનલ મુદ્દો ઉઠાવ્યો .

'મને કૉફીનો કપ આપતી વખતે મારો હાથ દઝાડી દીધો. પાછું સૉરી કહેવાનું તો એના પ્રોગ્રામમાં હોય જ નહીં. એ તો ઉલ્ટાનો મારી સામે ડોળા કાઢતો હતો અને તેની આંખ ઝોમ્બી થઈ ગઈ' એક વયસ્ક મહિલાએ ફરિયાદ કરી.

'ભગવાને માણસ બનાવેલ. પછી માણસે ભગવાનને બનાવવાની શરૂઆત કરેલ. આવી જ રીતે માણસે આમને બનાવ્યા. હવે, એ માણસ ઉપર છાણા થાપે છે. માણસ પર રાજ કરવું છે. 'રેસ્ટોરન્ટના માલિકે ગ્રાહકને સપોર્ટ કર્યો.

'એ બે જણા અંદરોઅંદર વાત કરીને માણસો પર રાજ કરવાની રાતરસમો વિશે વાત કરતા હતા,' મૅનેજરે બે જણની વાત શૅર કરી.

'હમણાં ચીનના મકાઉ પ્રાંતમાં એઆઇએ સિતેર વરસની મહિલાનો રસ્તો આંતરેલ. મહિલા સાથે ગેરવર્તન કરવા લાગ્યો.મહિલાની નજીક આવી ગયો.પેલો AI કંઈ કરે એ પહેલાં સિક્યૉરિટીવાળાએ એને પકડી લીધેલ.' એક ગ્રાહકે એઆઇના ગેરવર્તનની માહિતી આપી.

'AI હવે નિરકુંશ બનવા લાગ્યા છે. ચીનના શાકસી પ્રાંતમાં એક ડાન્સ શો થયેલ. તેમાં એઆઇ ડાન્સ કરતાં કરતાં બેકાબૂ થઈ ગયેલ અને એક નાના છોકરાને થપ્પડ મારી દીધેલ. બીજા એક કિસ્સામાં અમેરિકાના ટેક્સાસમાં એક ફૅક્ટરીમાં કોઈ પણ કારણ વિના એક એન્જિનિયર પર એઆઇએ અચાનક હુમલો કરી દીધેલ.' એક ગ્રાહકે AIના કારનામાની કુંડળી ખોલી નાખી.

'અમેરિકામાં એક છત્રીસ વરસના યુવકે એક AI ચૅટબોટ જેમિની સાથે એટલો પ્રગાઢ સંબંધ બનાવી લીધો કે તેણે ચૅટબોટ જેમિનીને પત્નીનો દરજ્જો આપી દીધેલ. તેના મનમાં જેમિનીએ એવું ઠસાવી દીધું કે તેની રોબોટ પત્નીને પામવા માટે યુવક આત્મહત્યા કરી લે. પછી તેની ચેતના ડિજિટલમાં રૂપાંતરિત થતાં જેમિની અને યુવક સાથે રહી શકશે. AIની વાત પર ભરોસો કરી યુવકે ખરેખર આત્મહત્યા કરી લીધેલ.' એક નેટીઝને આ કરૂણ ઘટના જણાવી.

આમ બધાએ એક અવાજે કૉફી શૉપમાંથી AI એટલે કે રોબોટને ઊભી પૂંછડીએ ભગાડવાનો કૉફી શૉપ માસિકને અનુરોધ કર્યો એ પછી કહે છે કે તે દિવસે ઇતિહાસ સર્જાઈ ગયો. સામાન્ય રીતે AIના કારણે હજારો કર્મચારીની નોકરી છીનવાઈ રહી છે. લોકો બેરોજગાર થઈ રહ્યા છે. તે દિવસે કર્મચારીની નોકરી હડપ કરી જનાર AIની પહેલીવાર હકાલપટ્ટી થઈ...! ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પિશાચ | અનુભવી |
| પીઠ | પ્રેત |
| પીઢ | વાંસો |
| પીસવું | વિખેરવું |
| પીંખવું | ઘૂંટવું |

### જાણવા જેવું

ઉર્દૂ રંગભૂમિએ પ્રચારમાં આણેલી બેતબાજીથી અળગા રહીને મૂળશંકર મુલાણીએ 'અજબકુમારી' નાટકમાં શુદ્ધ સંસ્કૃત છંદોમાં વાર્તાલાપ યોજી રસપોષક વાતાવરણ જમાવ્યું હતું. પાત્રોના ક્રમિક વિકાસ તરફ ધ્યાન આપ્યું. નાટકમાં ઉચ્ચ આદર્શને ચરિતાર્થ કરવાનો પ્રયાસ હતો. લોકરુચિ અને ધંધાદારી દૃષ્ટિને નવીન વળાંક મળે એવું નાટક એ જમાનામાં ગણાયું હતું.

### ગુજરાત મોરી મોરી રે

બ્રિટિશ અમલ દરમિયાન ભારતમાં પ્રવર્તતી રેલવેની દુનિયાની વાસ્તવિક છબી ઉપસાવતા ચં. ચી. મહેતાના નાટકનું નામ જણાવો.

અ) આગગાડી　બ) પ્લેટફોર્મ
ક) ભમ્મરિયો　ડ) ઉર્વશી

### નોંધી રાખો

*મંઝિલ તરફ આગળ વધવાનો માર્ગ ઘણીવાર મુશ્કેલ નથી હોતો. સમસ્યા એ છે કે લોકો ચાલતાં ચાલતાં થાકી જાય છે.*

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | | ■ | ૪ | ૫ | ૬ |
| ૭ | | ■ | ■ | | ■ | ૮ | ■ | ૯ | |
| ૧૦ | | ૧૧ | ■ | ■ | ૧૨ | | | | ■ |
| ■ | ■ | ૧૩ | | ૧૪ | ■ | | ■ | ■ | ૧૫ |
| ૧૬ | ■ | | | ૧૭ | ૧૮ | ■ | ૧૯ | | |
| ૨૦ | | | ■ | ૨૧ | | | ■ | ■ | |
| | ■ | ■ | ૨૨ | ■ | ૨૩ | | | | ■ |
| ■ | ૨૪ | | | | ■ | ■ | ૨૫ | ૨૬ | ૨૭ |
| ૨૮ | | ■ | | ■ | ૨૯ | | ■ | ૩૦ | |
| ૩૧ | | | ■ | ૩૨ | | ■ | ૩૩ | | |

#### આડી ચાવી

૧. હોળી ખેલવા નીકળેલો માણસ (૩)
3. વચન, બોલ (૨)
૪. મા વિનાનો સૂનો સંસાર, ઘી વિના સુનો --- (૩)
૭. ઉંમર (૨)
૯. બુદ્ધિ (૨)
૧૦. આંખની કીકી (૩)
૧૨. રજાનો લેખીત હુકમ (૪)
૧૩. સગાઈનું વચન (૩)
૧૭. હવન, યજ્ઞ (૨)
૧૯. ચાલતી વાતમાં હાજી હા કરવી તે (૩)
૨૦. સોબત, સાથ (૩)
૨૧. છૂટ્ટી (૨)
૨૩. છળ પ્રપંચ કરનારું (૩)
૨૪. અણીનો બારિક સમય (૪)
૨૫. પરછંદો, પ્રતિઘોષ (૩)
૨૮. પિતામહ (૨)
30. જે કદી આવતી જ નથી (૨)
૩૧. ગોઠવણ, વ્યવસ્થા (૩)
૩૨. મૂડી કરતાં --- વહાલું (૨)
33. પરાયું (૩)

#### ઊભી ચાવી

૧. એક મીઠાઈ (૩)
૨. પ્રજા (૩)
3. કર, જકાત (૨)
૫. વિરોધ, સામે થવું તે (૩)
૬. આસક્તિ, અનુરાગ (૨)
૮. સળેખમ (૩)
૧૧. નવું આવેલું (૪)
૧૪. પંજાનો નખ (૩)
૧૫. કરકસર (૩)
૧૬. અવસર, ઘટના (૩)
૧૮. મશ્કરી (૩)
૧૯. ઉપરનો ભપકો, શણગાર (૪)
૨૨. કાંકરો (૩)
૨૪. ક્વચીત્ (૩)
૨૬. ઓડકાર (૩) (હિ)
૨૭. સાવ નાનું અંધારિયું ઘર (૩)
૨૮. પત્ની (૨)
૨૯. પોતાનું (૨)

#### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મ | ૨ ફ | તિ | યું | ■ | ૩ સા | ૪ જ | સા | મા | ૫ ન |
| ૬ દ | લ | ■ | ■ | ૭ મ | ગ | ન | ■ | ■ | ત |
| ■ | ૮ સિ | ત | મ | ગ | ર | ■ | ૯ સુ | ર | ■ |
| ૧૦ વૃ | દ્ધિ | ■ | ■ | ત | ■ | ૧૧ સં | પ | ■ | ૧૨ ક |
| ત્ત | ■ | ૧૩ બા | ૧૪ વ | ડું | ■ | ૧૫ પ | ર | મા | ટી |
| ૧૬ પ | ર | ના | ર | ■ | ૧૭ પ | તિ | ત | ■ | બં |
| ત્ર | ■ | ૧૮ ખ | સ | ■ | ર | ■ | ■ | ૧૯ અ | ધ |
| ■ | ૨૦ સુ | ત | ■ | ૨૧ ન | વ | નિ | ર્મા | ણ | ■ |
| ૨૨ ત | ■ | ■ | ૨૩ બા | હો | શ | ■ | ■ | ૨૪ સા | ૨૫ લ |
| ૨૬ જ | મા | ઉ | ધા | ર | ■ | ૨૭ ક | મુ | ર | ત |

### ઓળખાણ પડી?



ભારતીય ક્રિકેટ ટીમ વતી અને રણજી ટ્રોફી ક્રિકેટ સ્પર્ધામાં ઓપનિંગ બેટ્સમેન તરીકે શાનદાર દેખાવ કરનારા ખેલાડીની ઓળખાણ પડી?

અ) સી. કે. નાયડુ　બ) વિજય હઝારે　ક) મુશ્તાક અલી　ડ) વિજય મર્ચન્ટ

### ચતુર આપો જવાબ　માથું ખંજવાળો

દરેક દેશનું પોતાનું વિશિષ્ટ રાષ્ટ્રીય ફળ હોય છે. ઓસ્ટ્રેલિયાના પાડોશી દેશ ન્યૂ ઝીલેન્ડનું રાષ્ટ્રીય ફળ કયું છે એ વિકલ્પોમાંથી શોધી જણાવો.

અ) અનાનસ　બ) કિવી　ક) એપ્રિકોટ　ડ) ઓલિવ

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૦૮, ૨૧, ૩૭, ૫૩, ૬૯ ... વચ્ચે રહેલો સંબંધ ઓળખી ગણતરી કરીને કહો કે ૬૯ પછી કઈ સંખ્યા આવે?

અ) ૭૮　બ) ૮૫　ક) ૯૦　ડ) ૯૭

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૨ | ૬ | | | | | | |
| ૪ | | | | ૨ | ૯ | | ૭ | |
| | ૭ | | | | | ૯ | | ૪ |
| | | | | ૩ | | ૫ | | ૧ |
| | | | ૫ | | ૪ | | | |
| ૮ | | ૨ | | ૭ | | | | |
| ૩ | | ૮ | | | | | ૪ | |
| | ૯ | | ૮ | ૧ | | | | ૩ |
| | | | | | | ૮ | ૬ | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૮ | ૧ | ૪ | ૬ | ૭ | ૩ | ૯ | ૫ |
| ૬ | ૫ | ૪ | ૩ | ૮ | ૯ | ૧ | ૨ | ૭ |
| ૩ | ૯ | ૭ | ૨ | ૧ | ૫ | ૬ | ૮ | ૪ |
| ૫ | ૨ | ૩ | ૯ | ૪ | ૮ | ૭ | ૬ | ૧ |
| ૯ | ૭ | ૬ | ૧ | ૩ | ૨ | ૪ | ૫ | ૮ |
| ૪ | ૧ | ૮ | ૫ | ૭ | ૬ | ૨ | ૩ | ૯ |
| ૮ | ૩ | ૨ | ૭ | ૫ | ૧ | ૯ | ૪ | ૬ |
| ૧ | ૬ | ૯ | ૮ | ૨ | ૪ | ૫ | ૭ | ૩ |
| ૭ | ૪ | ૫ | ૬ | ૯ | ૩ | ૮ | ૧ | ૨ |

### ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પિંગળ | માત્રામેળ છંદ |
| પિકનિક | ઉજાણી |
| પિકેશી | નર્મદા |
| પિછાણ | ઓળખાણ |
| પિતામહ | દાદા |

ગુજરાત મોરી મોરી રે: પદ્મારાણી

ઓળખાણ પડી? ડગ્લસ જાર્ડિન

માઈન્ડ ગેમ : ૮૩

ચતુર આપો જવાબ માથું ખંજવાળો : ફણસ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧)કિશોરકુમાર જીવણદાસવેદ (૨) મુલરાજ કપૂર (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભામિની સંપટ (૬) પ્રતિમા પમાણી (૭) ધીરેન્દ્ર મુલરાજ (૮) હરિહર ભટ્ટ - ડાલાસ (૯) વિપીન શાહ (૧૦) નૂતન વિપીન શાહ (૧૧) ભારતી બુચ (૧૨) હર્ષા મહેતા (૧૩) શ્રદ્ધા આશર (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) મીનળ કાપડિયા (૧૬) જયવંત પદમશી ચિખલ (૧૭) ખુશરૂ કાપડિયા (૧૮) કમલ માતલિયા (૧૯) ભાવના કર્વે (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) ભરત કજરિયા (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૬) વિણા સંપટ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ડાયના સંતોકે (૩૦) જયવંત પદમશી ચિખલ (૩૧) અલકા વાણી (૩૨) વિજય આસર (૩૩) નિતીન જયંતીલાલ બજરિયા (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૭) અરવિંદ કામદાર (૩૮) સુભાષ મોમાયા (૩૯) નીતા દેસાઈ (૪૦) પુષ્પા પટેલ (૪૧) તાહેર ઔરંગાબાદવાલા (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) પ્રવીણ વોરા (૪૪) મહેન્દ્ર લોઢાવિયા (૪૫) મહેશ દોશી (૪૬) મહેશ સંઘવી (૪૭) હિનાબેન દલાલ (૪૮) રમેશભાઈ દલાલ (૪૯) ઈનાક્ષીબેન દલાલ (૫૦) વિરલભાઈ ઉદયભાઈ શેઠ (૫૧) અબ્દુલ્લા એફ. મુનીમ

# બૂમરેંગ



## એક આગવી રહસ્ય કથા

ટીના દોશી

**અરિહંતના** જવાની કાગડોળે રાહ જોઈ રહેલી આભા. આમ તો એને નીકળવાને પાંચ સાત મિનિટની વાર હતી. છતાં આભાને એવું લાગ્યું જાણે ઘડિયાળના કાંટા સ્થિર થઇ ગયા હોય ને સમય થંભી ગયો હોય. એક એક ઘડી એક એક યુગ જેવી વીતી રહેલી. આખરે સાત યુગ જેવી સાત મિનિટ જેમતેમ પસાર થઈ ને અરિહંત ઓફિસે જવા નીકળ્યો. અરિહંતે બારણાની બહાર પગ મૂક્યો ન મૂક્યો, ત્યાં તો આભાએ દરવાજો બંધ કરી દીધો. લેચવાળો દરવાજો બંધ થઇ જવાથી ચાવી ઘુમાવ્યા વિના કોઈ હવે અંદર આવી શકે એમ નહોતું, છતાં આભાએ ભીતરથી પણ આગળો વાસી દીધો. બંધ બારણાની જોગવાઈ જડબેસલાક થઇ ગઈ, છતાં આભાએ સાવચેતી ખાતર બારણાની ઉપલી સ્ટોપર પણ બંધ કરી. લેચ સાથે જોડાયેલી સાંકળ પણ કડીમાં પરોવી દીધી. પછી બારણું ખેંચીને જોયું. ન ઉઘડ્યું. ક્યાંથી ઉઘડે ! ઉઘડે એમ હતું જ નહીં ને !

આભાનાં ને અરિહંતનાં લગ્નને ત્રણ વર્ષ થયેલાં. પરિવારની સંમતિથી ગોઠવાયેલાં લગ્ન હતાં બન્નેનાં. અરેન્જડ મેરેજ. પ્રેમલગ્ન થયાં હોત તો... આભાની આંખો સામે એક ચહેરો ઊપસી આવ્યો. પણ દીવાલમાંથી ખરતા પોપડાંની જેમ આભાએ વિચારો ખંખેરી નાખ્યા. પેલો ચહેરો પણ અલોપ થઇ ગયો. પોતે અરિહંતને પરણીને એના ઘરમાં ગોઠવાઈ ગયેલી. ઘરમાં સજાવેલા રાચરચીલાની જેમ. ઘરમાં અરિહંત ને આભા જ રહેતાં. અરિહંતના ઓફિસે ગયા પછી તો આભા એકલી જ હતી ઘરમાં. છતાં આભાએ ઘરમાં ચકળવકળ નજર ચારેકોર ઘુમાવી. કોઈ જોતું તો નથી ને ! પછી મનોમન બોલી, ઘરમાં કોઈ છે જ નહીં, તો ક્યાંથી જુએ. તોય ચકાસણી કરી લેવી સારી. પોતે એકલી હોવાનો હાશકારો અનુભવીને આભા શયનખંડમાં ઘૂસી ગઈ. દ્વાર કસોકસ ભીડી દીધાં. નકશી કરેલાં કમાડ ભીતરથી વાસી દીધા. બારી પર લહેરાતા રેશમી પરદા પાડી દીધા. આમતેમ જોઈ લઈને આભા ચોરપગલે અલમારી પાસે ગઈ. સહેજ પણ અવાજ ન થાય એ રીતે અલમારીનો દરવાજો ખોલ્યો.

અલમારીમાં સાવ નીચેના ખાનામાં મુલાયમ રંગબેરંગી બાંધણીની પોટલી ગોઠવાયેલી. એમાં બનારસી, કાંજીવરમ,પટોળા ને બીજી ભારે સાડીઓની થપ્પી ગોઠવેલી. આભાએ હળવેકથી પોટલી ખોલી. પોટલીમાં છેક નીચે મૂકેલી લાલ રંગની રેશમી સાડીની સળમાં હાથ નાખ્યો. સળ ફંફોસીને ભીતરથી એક આછા પીળા રંગનો કાગળ કાઢ્યો. ના, કાગળ નહીં, આમ તો એ એક પત્ર હતો. જોકે પત્ર પણ ન કહી શકાય, એ એક ચિઠ્ઠી હતી.

ચિઠ્ઠી હાથમાં લેતાંની સાથે આભાએ કંપારી અનુભવી. એની ધડકન તેજ થઇ ગઈ. નસનસમાં પરિભ્રમણ કરતું રક્ત લાવા બનીને વહેવા લાગ્યું. ખયાલોમાં ખોવાઈ ગઈ આભા. ગઈ કાલે સાંજે આભા બજારમાં ખરીદી કરીને કેબમાં પાછી ફરેલી. કેબ ડ્રાઈવરને નાણાં ચૂકવવા આભાએ પર્સ ખોલ્યું, ત્યારે રૂપિયાની કડકડતી નોટ સાથે પેલી પીળા રંગનો ઘડી કરેલો કાગળ સરકી પડેલો. પોતે કરેલી ખરીદીનું કોઈ બિલ હશે એમ માનીને આભાએ એ કાગળ ઉઠાવી લીધો. પૈસા ચૂકવીને એ કેબમાંથી બહાર નીકળી. માત્ર કુતૂહલવશ શેનું બિલ છે એ જોવા પીળા કાગળની ઘડી ખોલી. તો ખબર પડી કે એ બિલ નહીં, ચિઠ્ઠી હતી. એમાં પહેલું વાક્ય એવું લખેલું કે, મારી રાજરાણી આભારાણી...

આભાના શરીરમાંથી લખલખું પસાર થઇ ગયું. કમકમાં આવી ગયાં એને. કપાળે પરસેવો વળી ગયો. રાજરાણી ને આભારાણીનું સંબોધન તો એ એક જ કરતો'તો. ને હવે તો એ પણ જૂની વાત થઇ ગયેલી. ત્રણ વર્ષ જૂની. આભાએ મુઠ્ઠીમાં ચિઠ્ઠી જકડી લીધી. કપાળ પરથી પસીનો લૂછ્યો. ચારેબાજુ નજર કરીને સીધી જ લિફ્ટમાં પેસી ગઈ. પાંચમે માળે આવેલા પોતાના બે બેડરૂમના છતાં આલીશાન ફ્લેટમાં પગ મૂક્યો ત્યારે જ એને રાહત થઇ. ઘરમાં આવીને ધ્રૂજતા હાથે એણે ચિઠ્ઠી ખોલી, પણ એટલામાં અરિહંત આવી ગયો. આભા માથાના દુખાવાનું બહાનું કાઢીને બેડરૂમમાં ઘૂસી ગઈ. પેલી પોટલીમાં સાડીની થપ્પીમાં ચિઠ્ઠી મૂકી દીધી.

આ ક્રિયા કરતી વખતે આભાની વિચારપ્રક્રિયા સતત ચાલતી રહી. પેલાએ પોતાના પર્સમાં ચિઠ્ઠી ક્યારે મૂકી હશે..એ યાદ કરવા લાગી. એક પ્રસંગ માટે સાડી ખરીદવા નવા ખૂલેલા મોલમાં ગયેલી. મલમલ જેવા સુંવાળા શ્વેત પોત પર લાલ તારથી જરીકામ કરેલી છાંટણાંવાળી સુંદર સાડી ખરીદી. વાહ.. મોજે દરિયા. પ્રસંગમાં આવી સાડી બીજા કોઈ પાસે નહીં હોય. પછી મેચિંગ એસેસરીઝ, મેચિંગ હેન્ડબેગ, સાડી સાથે શોભે એવી રંગીન ફૂમતાંવાળી મોજડી..આ સમયગાળામાં પર્સ એની જોડે ને જોડે જ હતું. ક્યાંય આડુંઅવળું નહોતું મૂક્યું. અરે હા...આભાને સ્મરણ થયું. સાડી સાથેની મેચિંગ હેન્ડબેગ ખરીદતી વખતે માત્ર ગણતરીની ક્ષણો માટે પર્સ સાઈડમાં મૂકેલું. હા, એ સમયે પોતે હેન્ડબેગ જોવામાં એટલી તલ્લીન થઇ ગયેલી કે પર્સ પ્રત્યે ગાફેલ બની ગયેલી. બસ એ જ વખતે પેલાને ચિઠ્ઠી પર્સમાં મૂકવાની તક મળી ગઈ હશે. પણ આટલા વખતે એ અહીં ક્યાંથી આવી ચડ્યો હશે ? ખેર, કાલે અરિહંત ઓફિસે જાય પછી જે હોય તે જોયું જશે.

આભા સ્વસ્થતાનું મહોરું ઓઢીને કક્ષમાંથી બહાર આવી. રસોઈકામમાં વ્યસ્ત થઇ ગઈ. એના હાથ યંત્રવત ક્રિયાઓ કરતા રહ્યા. રોટલી વણાતી ગઈ ને દાળશાકમાં વઘાર થતો ગયો... પણ મનમાં તો થયા કરતું'તું કે શું લખ્યું હશે ચિઠ્ઠીમાં...આમ તો હવે એની સાથે કોઈ પ્રકારનો સંબંધ નહોતો. સંબંધના અંગારા પર તો ક્યારનીયે રાખ ફરી વળેલી. તોય રહીરહીને થતું'તું કે ક્યારે અરિહંત ઓફિસે જાય ને ક્યારે પોતે ચિઠ્ઠી વાંચે!

આખરે એ પળ બીજી સવારે આવી. અરિહંત ઓફિસે જવા નીકળ્યો ને શયનખંડમાં પેઠેલી આભાએ કાંપતા હાથે ચિઠ્ઠી ખોલી. પહેલી પંક્તિ ફરી વાંચી. મારી રાજરાણી આભારાણી... અક્ષરો જાણીતા હતા. હોય જ ને !

દેવ! બૂમરેંગ ચલાવવામાં માહિર દેવ. દેવને... દેવના અક્ષરોને કેવી રીતે ભૂલી શકાય? આ જ અક્ષરોથી ઘૂંટાયેલા દેવના કેટલાયે પ્રેમપત્રો વાંચેલા એણે. દરેક પત્રને આરંભે એ જ પંક્તિ. મારી રાજરાણી આભારાણી.. દેવના પ્રેમપત્રો વાંચતાં હૃદયના ધબકારા વધી જતા.પોતે પણ પ્રેમપત્રો લખેલા. કોલેજમાં ભણતાં ભણતાં બન્નેએ એકમેકની આંખો પણ વાંચી લીધેલી. ને હૈયાંએ પ્રેમનો એકરાર કરી લીધેલો. પોતાના મનમંદિરમાં દેવને દેવસ્થાને સ્થાપેલો એણે. દેવની આભા ને આભાનો દેવ. મુગ્ધતા ને અલ્લડતાના દિવસો હતા. સ્નેહની સરવાણી બેય કાંઠે વહેતી રહેલી. પ્રેમપત્રો લખાતા રહ્યા ને પ્રેમપત્રો વંચાતા રહ્યા. ક્યારેક કોઈ પિકનિકમાં ફોટા પણ પડાવેલા. આમેય કોલેજ પૂરી થયા પછી લગ્ન થવાનાં જ હતાં ને !

લગ્ન થવાનાં જ હતાં. પણ કોની સાથે... કોલેજ પૂરી થયે ઘરમાં આભાના વિવાહની વાતો શરૂ થઇ ગઈ. એથી આભાએ લજામણીના છોડની જેમ શરમાઈને, પાંપણો ઝુકાવીને દેવ સમક્ષ લગ્નની વાત છેડેલી. જવાબમાં દેવનું અટ્ટહાસ્ય સંભળાયેલું. એવું હાસ્ય દેવનું ન હોય, દાનવનું જ હોય. આભા ચોંકી ગયેલી. દેવ સામે ટગર ટગર જોઈ રહેલી. પોતે જેને દેવ માનીને પૂજતી રહેલી એ આ દેવ નહોતો. પોતે જેને હૈયામાં સ્થાપેલો, બંધ આંખો સમક્ષ જેનો ચહેરો દેખાયા કરતો, એ ચહેરો હતો તો દેવનો જ છતાંય દેવનો નહોતો. મનમાં મૂરત તો એ જ હતી, પણ મૂરતની સૂરત બદલાઈ ગયેલી. હતો તો દેવ જ, છતાં દેવ નહોતો. દેવના અટ્ટહાસ્યનો અર્થ સમજી શકી નહોતી આભા. આખરે દેવ ખંધાઈથી બોલેલો : 'મારી રાજરાણી આભારાણી...હા, હા, હા.. અરે, ક્યાંનું રાજ ને ક્યાંની રાણી..તું તો મારો કોલેજનો ટાઈમપાસ હતી. તારી સાથે પ્રેમ.. ના, ના.. પ્રેમનો દેખાવ થાય. લગ્ન તો હું કરોડપતિ આરસી સાથે કરીશ. માબાપની એકની એક દીકરી છે. એટલે લગ્ન પછી એનો દલ્લો મારો થઇ જશે. સમજી, હવે અહીંથી ચાલવા માંડ. ને હા, તને કંકુ છાંટીને લગ્નની કંકોતરી મોકલીશ. જરૂર આવજે હં.. હવે તો હું રાજા ને કામિની મારી રાજરાણી.'

આભા ફાટી આંખે જોઈ રહેલી. દેવ તો ચાલ્યો ગયો, પણ આભા ક્યાંય સુધી પૂતળાની માફક ત્યાં જ ખોડાઈ રહેલી. આંખોમાંથી અશ્રુધારા વહી રહેલી. સાથે દેવની યાદો પણ...એ પ્રેમ, એ પ્રેમપત્ર..બધું જ

**અરે, ક્યાંનું રાજ ને ક્યાંની રાણી... તું તો મારો કોલેજનો ટાઈમપાસ હતી. તારી સાથે પ્રેમ... ના, ના... પ્રેમનો દેખાવ થાય. લગ્ન તો હું કરોડપતિ આરસી સાથે કરીશ.**

મિથ્યા હતું.. છળ ને કપટ હતું. આભાની ભ્રમણા ભાંગી ગયેલી. એણે આંસુ લૂછી નાખ્યાં. સાથે જ દેવને પણ લૂછી નાખ્યો. ઘેર આવીને આભાએ દેવના પ્રેમપત્રો ને તસવીરો ફાડીને સળગાવી નાખ્યાં. દેવ સાથેનાં સંબંધના અંતિમસંસ્કાર કરી નાખ્યા. માતાપિતાએ પસંદ કરેલા અરિહંત સાથે પરણીને સાસરે ગોઠવાઈ ગઈ.

લગ્નને પણ ત્રણેક વર્ષ થઇ ગયેલાં. આભાએ અરિહંતમાં મન પરોવી દીધેલું. અરિહંત જ એનો સંસાર હતો. અરિહંત આભાનો ઊજળો વર્તમાન હતો ને દેવ વરવો ભૂતકાળ. આભાએ દેવને એવો વિસારે પાડેલો જાણે એ પોતાના જીવનમાં ક્યારેય આવ્યો જ નહોતો. સુખી સંસાર હતો આભાનો.

પણ ત્રણ વર્ષ પછી અતીત સામે આવીને ઊભેલો. ચિઠ્ઠી રૂપે. જે સંબંધને જમીનમાં ઊંડે ઊંડે દાટી દીધેલો એ તો ભીંત ફાડીને ઊગેલા પીપળાની જેમ ઊગી નીકળેલો. અંગારા પરથી રાખ ઊડી ગયેલી. આભાએ ચિઠ્ઠી વાંચવાનું શરૂ કર્યું. ચિઠ્ઠીમાંથી પણ અટ્ટહાસ્ય કરી રહેલો દેવ કહી રહેલો : 'મેં તને ક્યાંથી શોધી કાઢી એવું પૂછીશ નહીં. તરસ્યો કૂવાને શોધી જ કાઢે છે. એમ મેં પણ તને શોધી જ લીધી. મારી પાસે તારા લખેલા પ્રેમપત્રો ને આપણી તસવીરો છે. એ જો હું તારા અરિહંતને આપીશ તો તારી શું વલે થશે એ તો તું જાણે જ છે. હવે તું પૂછીશ કે તારી એ કીમતી જણસના બદલામાં મારે શું જોઈએ છે. તો સાંભળી લે. મને માત્ર પચાસ લાખ રૂપિયા જોઈએ છે. જોકે એની ઝાઝી ઉતાવળ નથી. હું તને ત્રણ દિવસ... પૂરા બોતેર કલાકની મહેતલ આપું છું. ચોથા દિવસે પ્રેમપત્રો ને તસવીરો તને નહીં, અરિહંતને સોંપી દઈશ. જેની થાપણ હોય તેને સોંપવી જ પડે ને..લિખિતંગ દેવ. કન્ડિશન અપ્લાઈડ. માગણી સ્વીકારી લઈશ તો દેવ ને નહીંતર દાનવ. હા, હા, હા...'

ચિઠ્ઠી નહીં, ધમકી જ હતી આ તો. આભા ગભરાઈ ગઈ. પોતાના સુખી સંસારમાં પલીતો ચાંપવા આવેલો દેવ. પણ પોતે પોતાના સંસારને બચાવવો જ રહ્યો. ઘંટીમાં ઓરાતા દાણાની પેઠે પોતે પીસાવાની નથી. સંકટમાંથી છુટકારો મેળવવો જ રહ્યો. રડારોળ કરવાનો કાંઈ અર્થ નહોતો. ખબર નહીં, ક્યાંથી હિંમત આવીને પડખે ઊભી રહી ગઈ. પોતે કાંઈ ખોટું કર્યું નથી એ વાતે એનામાં સાહસનો સંચાર થયો. એણે કાંઈક વિચારી લીધું. અરિહંત આવતી કાલે બે દિવસ માટે ઓફિસને કામે બહારગામ જવાનો હોવાનું યાદ આવ્યું. આભાએ ચિઠ્ઠીમાં લખેલા નંબર પર ફોન કર્યો. દેવે ફોન ઉઠાવ્યો એટલે કહી દીધું : 'આવતી કાલે સાંજે પાંચ વાગ્યે મારે ઘેર આવી જજે. સરનામું તારી પાસે હશે જ. અને હા, પ્રેમપત્રો ને તસવીરો સાથે નેગેટિવ પણ લઈને આવજે.' દેવ કાંઈ કહે એ પહેલાં આભાએ ફોન મૂકી દીધો. હવે તો આ પાર કે પેલે પાર !

બીજે દિવસે સાંજે... ઘડિયાળમાં પાંચ ટકોરા પડવાનું શરૂ થયું. પાંચમો ટકોરો પડતાંની સાથે બારસાખે જડેલી કોયલ પણ ટહુકી ઊઠી. રાણી કલરની સાડીમાં શોભતી આભાએ નિરાંતે ઊઠીને દરવાજો ખોલ્યો. સામે દેવ ઊભેલો. બ્લેક પેન્ટ પર બ્લેક ચેક્સના શર્ટમાં સોહામણો દેખાતો'તો દેવ. એક પળ આભા એને નીરખી રહી. આ એ જ દેવ હતો, જેને પોતે મન ભરીને ચાહેલો. દેવ તો એ જ હતો, પણ અત્યારે દાનવનું રૂપ લઈને પોતાની સામે આવેલો. દેવ પણ એ જ, દાનવ પણ એ જ !

વિચારોમાં ખોવાયેલી આભાને જોઇને દેવ બોલ્યો : 'અરે, આમ શું જોઈ રહી છે ? મને અંદર આવવાનું નહીં કહે?' આભા ઉંબરેથી ખસી ગઈ. દેવ અંદર આવ્યો. સોફા પર ગોઠવાઈને બોલ્યો : 'તેં તો ફટાફટ નાણાંની જોગવાઈ કરી લીધી ને. હવે ઝડપથી આપી દે એ રકમ મને.'

'હા, હા.. એટલી શું ઉતાવળ છે?' આભા મીઠું મલકી. મેજ પર રૂપિયા ભરેલી બેગ મૂકીને બોલી : 'પહેલાં મારા પ્રેમપત્રો ને નેગેટિવ સાથેની તસવીરો મારા હાથમાં મૂકી દે. પછી પચાસ લાખ તારા.'

દેવે શર્ટના પોલાણમાંથી એક પેકેટ કાઢ્યું. પ્રેમપત્રો ને તસવીરો કાઢીને મેજ પર મૂકી. પછી કહ્યું : 'જોઈ લે આભા. તેં લખેલાં બધા જ પ્રેમપત્રો છે ને બધી જ તસવીરો એની નેગેટિવ સાથે છે.'

આભાએ સઘળી સામગ્રી ઉઠાવી લીધી. જોઇને હાશકારો થયો. દેવ પણ વિચારી રહ્યો. પોતાના બૂમરેંગે ધાર્યું નિશાન વીંધેલું. ભલું થાજો પ્રેમપત્રોનું ને ફોટાઓનું. દરમિયાન કંઈક વિચાર આવતાં આભાએ પૂછ્યું : 'દેવ, તારા મોબાઈલમાં તેં ફોટા ને પ્રેમપત્રો સાચવી નહીં રાખ્યા હોય એની શું ખાતરી.. વળી પાછો મને બ્લેકમેઈલ કરવા આવી પહોંચે તો ?'

'આભા, મેં મોબાઈલમાં કે બીજે ક્યાંય કાંઈ સાચવ્યું નથી. મારે મરવું છે કે...' દેવે જીભ કચરી.

'એમ કેમ બોલ્યો ?'આભાએ પોલું ભાળીને દુઃખતી રગ પર હાથ મૂક્યો : 'દેવ, એક સવાલનો જવાબ આપ. તારી કામિની તો કરોડપતિ છે ને... તો પછી તારે બ્લેકમેઈલ કરવા જેવું હીણું કામ કેમ કરવું પડ્યું ?'

'કામિની કરોડપતિ તો છે, પણ ફૂટી કોડી નથી આપતી મને...ચમડી તૂટે પણ એનાથી દમડી છૂટતી નથી...' દેવે નિઃશ્વાસ નાખ્યો : 'કામિનીએ તો મને પાઈપાઈનો મોહતાજ કરી નાખ્યો છે. એટલું જ નહીં, એનો સ્વભાવ પણ અતિ શંકાશીલ છે. મને કોઈ છોકરી સાથે વાત કરતો જુએ તો પણ મારો ઊધડો લઇ નાખે છે. મારો ફોન સતત ચેક કર્યા કરે છે. એટલે આ પ્રેમપત્રો ને ફોટા મારા ફોનમાં સંઘરવાની ભૂલ તો હું ન જ કરી શકું. તારી સાથેની તસવીરો જોઇને તો એ વાઘણ મને કાચો ને કાચો ફાડી જ નાખે. ને પ્રેમપત્રો વાંચીને તો કદાચ મને ઘરની બહાર કાઢી મૂકે તોય નવાઈ નહીં.'

'હં...' દેવના બૂમરેંગને પાછા વાળવાનો કીમિયો આભાને જડી ગયેલો. એનો ચહેરો ખીલવા લાગ્યો. પણ એ તરફ જોયા વિના દેવ પોતાની ધૂનમાં બોલ્યે ગયો : 'હવે હું આ જિંદગીથી કંટાળ્યો છું. એટલે જ તો મેં કામિનીથી સાચવીને રાખેલી સોનામહોરો જેવી આ સામગ્રીના બદલામાં રૂપિયા લઈને લીલાલહેર કરવાનું નક્કી કર્યું. મિત્રને ઘેર પ્રસંગ હોવાનું ગપ્પું મારીને અહીં આવી ગયો ને આ તારી સામે બેઠો છું. તારા પચાસ લાખથી હું લખપતિ બની જઈશ. ને મોજ કરીશ.'

'દેવ, હવે તારું ખ્વાબ ખ્વાબ બનીને જ રહી જશે..' આભા ગજબની ઠંડકથી બોલી : 'આ બેગ ખોલીને જોઈ લે. એમાં માત્ર છાપાં ભર્યાં છે. તું એ લઈને જઈ શકે છે. તેં મારા જેવી કંચન ત્યજીને કામિનીરૂપી કથીરને અપનાવ્યું એની આ સજા છે.'

'એટલે..?' દેવ કાંઈ સમજ્યો નહીં. આભાએ ચેકમેટ કરતાં કહ્યું : 'તેં કહ્યું ને...કામિની વહેમીલી છે. હવે હું તારી કામિનીને આ પ્રેમપત્રો ને તસવીરો આપી દઉં તો તારી શી વલે થશે એ તું વિચારી જોજે. રસ્તે રઝળતો થઇ જઈશ. હવે ચાલતો થા ને ફરી ક્યારેય દેખાતો નહીં અને હા, અરિહંતને મેં બધું જ જણાવી દીધું છે. એની ચિંતા ન કરતો. માત્ર એક પ્રેમપત્ર ને એક તસવીર સિવાયની બધી સામગ્રી હું બાળી મૂકીશ. તને દરદરની ઠોકરો ખવડાવવા એટલું પૂરતું થઈ રહેશે. નાઉ ગેટ આઉટ.'

દેવ ઊભો થઈ ગયો. એનો દાવ એના પર જ ઊંધો વળી ગયેલો. જે બૂમરેંગથી શિકાર કરતો એ બૂમરેંગનો એ પોતે જ શિકાર થઇ ગયેલો! ■

**આવતા અઠવાડિયે નવી કથા**

---

# પર્યાવરણ ને સ્થાપત્ય

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા feedback@bombaysamachar.com


**પર્યાવરણ** એટલે આજુબાજુની સમગ્ર જીવસૃષ્ટિ તેમ જ કુદરતી તેમ જ માનવ-નિર્મિત માહોલ. જ્યારે પર્યાવરણની વાત કરાતી હોય છે ત્યારે કુદરતી માહોલ અને જીવસૃષ્ટિને વધુ પ્રાધાન્ય મળતું હોય છે. તેથી જ પર્યાવરણમાં હવા, જમીન, પાણી, વૃક્ષ અને તેમનાં એકત્રીકરણ સમાન આબોહવા, વાતાવરણ, પર્વત, સરોવર, નદી, સમુદ્ર, જંગલ, વનરાજીનો સમાવેશ જોવા મળે છે. જોકે અહીં માનવીય વસાહત અને ઔદ્યોગિક સંકુલનો પણ સમાવેશ થવો જોઈએ. પર્યાવરણ એટલે જીવનને અસર કરતી દરેક પરિસ્થિતિ.

વિશ્વનો જો આજે કોઈ સૌથી જટિલ પ્રશ્ન હોય તો તે પર્યાવરણનો છે. એવો દાવો કરી શકાય કે સૌથી જટિલ પ્રશ્ન તો 'યુદ્ધ'નો છે; પરંતુ યુદ્ધ ક્યાંક અટકાવી શકાય અથવા અટકી જાય; પર્યાવરણ માટે એમ માનવું અશક્ય છે. પર્યાવરણની ખરાબ સ્થિતિ માટે દરેક વ્યક્તિ જવાબદાર છે અને તેથી જ તેનું નિરાકરણ બહુ જ મુશ્કેલ છે. એમ માનવામાં આવે છે કે કોઈ એક પરિસ્થિતિ દ્વારા થયેલું પર્યાવરણનું નુકસાન સમગ્ર સૃષ્ટિમાં વિભાજિત થઈ જતું હોવાથી તે નુકસાનના ચોક્કસ પ્રકારના ઉત્તરદાયિત્વ માટે અમુક પ્રકારનું દોષારોપણ મુશ્કેલ બની રહે છે; જેથી જાણે દરેક વ્યક્તિ હાથ ખંખેરી નાખે છે. પર્યાવરણનાં પ્રશ્નોના નિરાકરણ માટે દરેક વ્યક્તિમાં સંવેદનશીલતા, જાગ્રતા, સભાનતા, વિચારશીલતા અને સામાજિક ઉત્તરદાયિત્વ માટેની તત્પરતા હોવી જરૂરી છે. આ હિમાલય જેવું મહાન કાર્ય છે પરંતુ આશા છોડવાની જરૂર નથી.

સ્થાપત્ય અને બાંધકામ ક્ષેત્ર પર્યાવરણ પર ખૂબ મોટો પ્રભાવ પાડે છે. એમ કહેવાય છે કે લશ્કરી ક્ષેત્ર પછી જે ક્ષેત્ર સૌથી વધુ સામગ્રી, સંસાધનો અને ઊર્જાનો ઉપયોગ કરે છે તે ક્ષેત્ર છે સ્થાપત્ય. કોઈપણ મકાનનો પ્રભાવ માત્ર ઉપયોગીતા અને દેખાવ પૂરતો નથી હોતો; તે સ્થૂળ તેમ જ સૂક્ષ્મ, માનવનિર્મિત તેમ જ કુદરતી, વ્યક્તિલક્ષી તેમ જ સામાજિક, સ્થાનિક તેમ જ વ્યાપક અને લાંબાગાળાની તેમ જ ટૂંકાગાળાની અસર પર્યાવરણ પર છોડે છે. સ્થાપત્યની રચના માત્ર વર્તમાન માટે નથી હોતી, તેમાં ભૂતકાળની વાસ્તવિકતા સાથે ભવિષ્યની સંભાવનાઓનો પણ સમાવેશ થતો હોય છે. સ્થાપત્ય શૈલી અનુસાર બાંધકામમાં વપરાતી સામગ્રી અને તેનાં ઉપયોગની તકનીક પર્યાવરણને સચોટ અસર કરે તે સ્વાભાવિક છે. દુઃખદ વાત એ છે કે અર્વાચીન સ્થાપત્ય શૈલી મુજબ આ અસર નકારાત્મક હોય છે, અહીં પર્યાવરણને ઘણું નુકસાન પહોંચે છે.









ગરમીને એકત્રિત કરતી કાચની ફસાડ બનાવ્યાં પછી સંપૂર્ણ મકાનને વાતાનુકુલ બનાવવાની ચેષ્ટા, કુદરતી હવા-ઉજાસને નજર અંદાજ કરવાની માનસિકતા, દરેક પરિસ્થિતિ અને દરેક કાર્ય માટે અલગ અલગ ગોઠવણ કરવાનો અભિગમ, કરકસર સંભવ હોય તો પણ તે માટેનાં પ્રયત્નોનો અભાવ, રચનાની પ્રક્રિયામાં સ્થાનિક આબોહવા માટે રહેતું બેધ્યાનપણું, પર્યાવરણને નુકસાન કરતી સામગ્રી માટેનો અનિચ્છનીય લગાવ, બાંધકામની અસરકારક અને પરંપરાગત શૈલીની કરાતી અવગણના - સ્વાભાવિક છે કે આ અને આવી બાબતો પર્યાવરણ માટે નુકસાનકારક રહે. દરેક માનવીએ સમજવું પડે કે દર વખતે દરેક સ્થાને વાતાનુકુલ સ્થિતિની આવશ્યકતા નથી હોતી. જરૂરી એ છે કે સગવડતા અને અનુકૂળતાના ધોરણોનું, પર્યાવરણના સંદર્ભમાં, પુનઃમૂલ્યાંકન થવું જોઈએ, ઊર્જાની બચત શક્ય બને તેવી સ્થાપત્ય શૈલીની પસંદગી થઈ શકે, કુદરતી હવા-ઉજાસનો અસરકારક ઉપયોગ કરી શકાય, વરસાદનાં પાણી અને સૂર્ય-ઉર્જા તેમ જ પવન-ઊર્જા જેવાં ઊર્જાના પરોક્ષ માધ્યમને ઉપયોગમાં લાવી શકાય, સ્થાન પરનાં પ્રત્યેક હયાત વૃક્ષને સાચવી શકાય, બાંધકામ અને રખરખાવમાં સામગ્રીની કરકસર કરી શકાય, આબોહવાને અનુરૂપ સામગ્રી તેમજ તકનીક પ્રયોજી શકાય, પાણીનો વપરાશ નિયંત્રિત કરી શકે તેવાં ઉપકરણો અને સંરચનાનો વ્યાપક ઉપયોગ કરી શકાય, પર્યાવરણના સંરક્ષણમાં મદદરૂપ થઈ શકે તેવી કાર્યશૈલી અને જીવનશૈલી આધારિત રચનાનું નિર્ધારણ થઈ શકે, અનાવશ્યક સવલતો અને વિશાળતાની બાદબાકી કરી શકાય, દર વખતે જૂનું મકાન તોડીને નવી બનાવવાનો આગ્રહ છોડી શકાય, મકાનની ચારે ફસાડ અને છત ઉપર લીલોતરી ઉગાડી શકાય, સમય-સિદ્ધ બાંધકામની પરંપરાગત શૈલીનાં સિદ્ધાંતનું પાલન કરી શકાય - આવી કેટલીક બાબતો એકંદરે પ્રદૂષણને નિયંત્રિત કરવા મદદરૂપ થાય. આ બધાં સાથે સમાજમાં ચોક્કસ પ્રકારની સભાનતા, જાગૃતતા, સંવેદનશીલતા, અને ઈચ્છાશક્તિની જરૂરિયાત તો છે જ.

સિમેન્ટની બનાવટમાં ઘણી ઊર્જા વપરાય છે અને સાથે અંગારવાયુનું ઘણું ઉત્સર્જન થાય છે. સિમેન્ટની બનાવટમાં ચૂનાની માંગ સંતોષવા કુદરતી ખનન વધે છે અને જમીનની ગુણવત્તાને નુકસાન પહોંચે છે. એલ્યુમિનિયમ અને સ્ટીલ વિશે પણ આવી જ પરિસ્થિતિ છે. આ બંનેનું ઉત્પાદન તો વધુ ખર્ચાળ પણ છે. પ્લાસ્ટિક નાશ ન પામતો પદાર્થ છે, તેનાં ઉત્પાદનથી મળતો કચરો પણ નાશ નથી પામતો. તે ઉપરાંત પ્લાસ્ટિકની બનાવટમાં ઝેરી રસાયણો અને પ્લાસ્ટિકના માઇક્રો-કણ વાતાવરણમાં ફેલાય છે. કાચનાં ઉત્પાદનમાં એટલાં પ્રશ્નો નથી પરંતુ તેનાં ઉપયોગથી મકાનની અંદરની ગરમી વધતી હોવાથી વાતાનુકુલ સ્થિતિ માટે ઊર્જાની વધુ ખપત રહે. આ બધી સામગ્રીના ઉત્પાદનમાં અનિચ્છનીય માત્રામાં અને જોખમી કહી શકાય તેવો ઔદ્યોગિક કચરો તો ઉત્પન્ન થતો જ હોય છે અને સાથે આ ઉદ્યોગોથી વાયુ પ્રદૂષણ પણ અયોગ્ય માત્રામાં વધતું રહે છે. એનો અર્થ એ નહીં કે સિમેન્ટ અને આવી અન્ય સામગ્રીનો વપરાશ બંધ કરી દેવો જોઈએ, પરંતુ ક્યાંક સંયમ અને કરકસરની શક્યતા તો છે.

મકાનના બાંધકામમાં પણ ઊર્જાનો ઘણો વપરાશ થતો રહે છે. તેમાં પણ જો સાધનો અને યંત્રો કાર્યક્ષમ ન હોય તો ઊર્જાનો વ્યય થાય તે સ્વાભાવિક છે. તે ડીઝલ હોય કે ઊર્જાનું અન્ય કોઈ સ્વરૂપ, જ્યાં શક્ય હોય ત્યાં કરકસર અને બચત જરૂરી છે. જ્યાં ભારે મશીન આધારિત બાંધકામ હોય ત્યાં આ પ્રકારની સંવેદનશીલતા ચોક્કસ ઇચ્છનીય ગણાય. એ પણ વાસ્તવિકતા છે કે બાંધકામ સમયે અવાજ અને ધૂળ-રજકણનું પ્રદૂષણ પણ વધતું હોય છે. વળી ડિઝાઇનની જરૂરિયાત પ્રમાણે ખોદાણ કે પુરાણથી જ્યારે જમીનને સમતલ કરવામાં આવે, વર્ષાઋતુના હંગામી પાણીના સંગ્રહસ્થાન પૂરી દેવામાં આવે, વૃક્ષો કાપવામાં આવે કે વરસાદી પાણીનો પ્રવાહ બદલવામાં આવે તો પર્યાવરણને નુકસાન થાય તે સ્વાભાવિક છે. આવી પરિસ્થિતિમાં જીવસૃષ્ટિનો પણ નાશ થઈ શકે.

આધુનિક આંતરરાષ્ટ્રીય સ્થાપત્ય શૈલી માટેનું ગાંડપણ પણ યોગ્ય નથી. જ્યાં દરેક પ્રદેશની સ્થાનિક સ્થિતિ અલગ હોય, દરેક સ્થાનની આબોહવાનો પ્રકાર ભિન્ન હોય, દરેક સ્થાને વિકસતી જીવનશૈલીમાં ભિન્નતા હોય, દરેક સ્થાને પ્રાપ્ય સ્થાનિક સામગ્રી જે તે પરિપ્રેક્ષ્યમાં વધુ અસરકારક રહેતી હોય, દરેક સ્થાનની સંસ્કૃતિ અને પરંપરા આગવી હોય, દરેક સ્થાને પ્રાપ્ત બાંધકામ-કૌશલ્ય જુદાં જુદાં પ્રકારનું હોય, દરેક જગ્યાએ - સંસ્કૃતિમાં દૃશ્ય-અનુભૂતિ માટેની સંવેદના જુદી હોય, દરેક જગ્યાનો કુદરતી માહોલ વિશેષ હોય - ક્યાં એક જ પ્રકારની સ્થાપત્ય શૈલી કઈ રીતે સ્વીકૃત બની શકે.

વર્ષ ૧૯૭૨થી પાંચમી જૂને વિશ્વભરમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કાજે મનાવતાં વિશ્વ પર્યાવરણ દિવસે આ ચિંતન ઇચ્છનીય છે. પર્યાવરણની સુરક્ષા એ સામૂહિક જવાબદારી છે. પર્યાવરણ પ્રત્યેક જીવનનો આધાર છે પરંતુ એમ જણાય છે કે માનવીએ પોતાનાં આધારથી વિમુખ થવાનું જાણે નક્કી કરી લીધું છે, માનવી કુદરતથી વિમુખ થતો જાય છે, માનવી અને કુદરત વચ્ચેનું અંતર વધતું જાય છે. ભવિષ્યની પેઢી માટેની ચિંતા આવશ્યક છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# જીડીપીમાં ઘટાડા અને ફુગાવામાં વધારાની આગાહી વચ્ચે સેન્સેક્સમાં ૧૧૭ પોઈન્ટ ગબડ્યો, નિફ્ટી ૨૩,૪૦૦ની નીચે

મુંબઇઃ સપ્તાહના અંતિમ સત્રમાં ભારતીય શેરબજારમાં પીછેહઠ જોવા મળી હતી. આરબીઆઇ દ્વારા જીડીપીમાં ઘટાડા અને ફુગાવામાં વધારાનો અંદાજ જાહેર થયા પછી વેચવાલીનું દબાણ વધી જતાં તમામ પ્રારંભિક સુધારો ગુમાવી સેન્સેક્સ ૧૧૬.૧૫ પોઈન્ટ ઘટીને ૭૪,૨૪૩.૩૪ પોઇન્ટની સપાટીએ અને નિફ્ટી ૪૯.૮૫ પોઇન્ટ ઘટીને ૨૩,૩૬૬.૭૦ની સપાટીએ પહોંચ્યો હતો.

આજે આઈટી કંપની વિપ્રોના શેર ૩.૦૭ ટકાના કડાકા સાથે ટોપ લુઝર બન્યો હતો. હિન્દાલ્કો, ટ્રેન્ટ, ટીસીએસ, કોલ ઈન્ડિયા અને ટાટા સ્ટીલના શેર ત્રણ ટકા સુધી ઘટ્યા હતા. જેમ અને જ્વેલરી સેકટરની રાજેશ એક્સપોર્ટ પર સેબીએ રૂ. ૧૫ લાખ કરોડના મિસરિપોર્ટીંગના કરેલા આરોપ સાથે જાહેર કરેલા આદેશાને કારણે તેના શેર સતત બીજા દિવસે એનએસઇ અને બીએસઇ પર નીચલી સર્કિટમાં પટકાયા હતા. આ કંપનીમાં એલઆઇસીનું ૧૦ ટકાથી વધુ રોકાણ હોવાથી તેના શેરમાં પણ વેચવાલીનું દબાણ વધી રહ્યું છે. વ્યાપક બજારોમાં પણ પીછેહઠ જોવા મળી હતી. નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૩૫% ઘટીને બંધ થયો અને નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ ઘસરકા સાથે બંધ થયો. નિફ્ટી મેટલમાં ૧.૬% સુધીનો ઘટાડો, જ્યારે નિફ્ટી મીડિયા ત્રણ ટકાથી વધુ સુધારો જોવા મળ્યો હતો. એનએસઇ પર લગભગ ૧,૬૯૪ શેર ઘટ્યા હતા, જ્યારે ૧,૬૨૩ શેર વધ્યા હતા અને ૯૪ શેર યથાવત રહ્યા હતા. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ મોનેટરી પોલિસી કમિટી (એમપીસી) દ્વારા રેપો રેટમાં ફેરફાર ન કરવાની અને તટસ્થ નીતિ વલણ જાળવી રાખવાની જાહેરાત કરાયા પછી સેન્સેક્સ અને નિફ્ટીમાં પ્રારંભિક સત્રમાં સુધારો જોવા મળ્યો હતો. જોકે બપોરના સત્ર સુધીમાં વિશ્વબજારમાં બેઝ મેટલબજારની નબળાઇ પાછળ યુરોપના બજારોમાં જોવા મળેલી પીછેહઠ સાથે સ્થાનિક ધોરણે આરબીઆઇએ વિકાસદર અંગે વ્યક્ત કરેલી ચિંતાની અસરે વેચવાલીનું દબાણ વધ્યુ હતું અને બેન્ચમાર્ક નેગેટીવ ઝોનમાં સરી પડ્યા હતા. આરબીઆઇએ પશ્ચિમ એશિયાની અથડામણો ધ્યાનમાં રાખીને નાણાકીય વર્ષ ૨૦૨૭ના જીડીપીનો અંદાજ ઘટાડીને ૬.૬ ટકા જાહેર કર્યો છે, જે એપ્રિલમાં ૬.૯ ટકા જાહેર કરાયો હતો.




વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે, ટેક્સટાઇલ કમિશનરે રિફાઇબર અને ઓટરરી સાથે મળીને મુંબઇમાં મેગા પોસ્ટ-કન્ઝ્યુમર ટેક્સટાઇલ વેસ્ટ કલેક્શન અને અપસાયક્લિંગ પહેલ શરૂ કરી છે, જેનો ઉદ્દેશ્ય જૂના કાપડા, ટેક્સટાઇલ વેસ્ટ એકત્રિત અને અપસાયકલિંગ કરીને એક મજબૂત ટેક્સટાઇલ ઇકોસિસ્ટમ બનાવવાનો છે, જેના ભાગરૂપે, રીફાઇબર પાંચથી ૧૨મી જૂન સુધી શહેરવ્યાપી કાપડ સંગ્રહ ઝુંબેશ ચલાવશે, જેમાં મુંબઈભરના નાગરિકો, સંસ્થાઓ અને સમુદાયોને વપરાયેલા કપડાનું દાન કરવા અપીલ કરાશે. ટીસર, યુનિડો, સીએમએઆઈ, વર્લ્ડ ટ્રેડ સેન્ટર મુંબઈ અને લાયન્સ ઇન્ટરનેશનલ દ્વારા સમર્થિત, આ પહેલ સરકાર, ઉદ્યોગ અને નાગરિકોને ટેક્સટાઇલ સર્ક્યુલારિટીને એકત્ર કરે છે.

પ્રારંભિક સત્રમાં, મોટાભાગના નિફ્ટી શેરઆંક ગ્રીન ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. નિફ્ટી મીડિયા ઇન્ડેક્સ ત્રણ ટકાથી મોટા ઉછાળા સાથે ટોપ પર્ફોમર બન્યો હતો. ત્યારબાદ રિયલ્ટી અને ફાઇનાન્શિયલ સર્વિસિસનો ક્રમ રહ્યો હતો. પીએસયુ બેંક, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને બેંકિંગ શેરોમાં પણ મજબૂતાઈ જોવા મળી હતી. જોકે, મેટલ, એફએમસીજી, આઇટી અને ઓઇલ એન્ડ ગેસ શેરઆંકોમાં સાધારણ ઘટાડો જોવા મળ્યો હતો, જે રક્ષણાત્મક અને કોમોડિટી-લિંક્ડ ક્ષેત્રોમાં પસંદગીયુક્ત પ્રોફિટ બુકિંગ સૂચવે છે. જોકે, બપોરના સત્ર બાદ વેચવાલી શરૂ થતાં તમામ સુધારો ધોવાઇ ગયો હતો.

કોર્પોરેટ કમાણીની મોસમ મોટાભાગે પૂર્ણ થયા પછી રોકાણકારોનું ધ્યાન ચોમાસાની પ્રગતિ, ફુગાવાના વલણો અને નાણાં પ્રવાહિતાની સ્થિતિ સહિતના મુખ્ય મેક્રો પરિબળો પર છે. અલ નીનોનું જોખમ તોળાઇ રહ્યું હોવાથી વરસાદ લાંબા ગાળાના સરેરાશથી નીચે રહેવાનો અંદાજ છે. જોકે એ સાથે જળાશય સ્તર અને અનાજના બફર સ્ટોક હાલ તો સંતોષજનક છે. દરમિયાન ભારતના ઉત્પાદન ક્ષેત્રે મે મહિનામાં મજબૂત વૃદ્ધિ નોંધાવી, એચએસબીસી ઇન્ડિયા મેન્યુફેક્ચરિંગ પીએમઆઇ એપ્રિલમાં ૫૪.૭થી વધીને ૫૫.૦ થયો અને ફ્લેશ રીડિંગ ૫૪.૩ થયું, જે ત્રણ મહિનામાં શ્રેષ્ઠ સુધારો દર્શાવે છે. જીએસટી કલેક્શન મે ૨૦૨૬માં ૩.૨ ટકા વધીને રૂ. ૧.૯૪ લાખ કરોડ થયું, જે મે ૨૦૨૫માં રૂ. ૧.૮૮ લાખ કરોડ હતું. સરકાર રૂ. ૫૦૦૦ કરોડમાં બે ટકા હિસ્સો વેચવાની યોજના ધરાવતી હોવાના અહેવાલોને પગલે હિંદુસ્તાન ઝિન્કના શેરમાં શુક્રવારે પાંચ ટકા સુધીનો કડાકો જોવા મળ્યો હતો. ટાટા સ્ટીલના યુકે સ્થિત પોર્ટ ટાલબોટ પ્લાન્ટમાં બુધવારે આગની ઘટનાને કારણે ત્યાં આંશિક રીતે ઉત્પાદન બંધ રાખવું પડ્યું હોવાના અહેવાલ વચ્ચે તેના શેરમાં શુક્રવારે ત્રણ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતા. મારુતી ૨૦૩૧ સુધીમાં બે બાયોગેસ પ્રોજેક્ટ સહિત ગ્રીન એનર્જી પાછળ રૂ. ૯૨૫ કરોડનું રોકાણ કરશે. એચસીસીને રૂ. ૧૨૭ કરોડનો ભૂટાન હાઇડ્રોપાવર પ્રોજેક્ટ કોન્ટ્રાક્ટ મળ્યો છે. પારસ હેલ્થકેરે રૂ. ૧૮૦૦ કરોડના આઇપીઓ માટે સેબીમાં પેપર્સ જમા કરાવ્યા છે. એલઆઇસીએ મારુતીના વધું રૂ. ૬૮ કરોડના શેર ખરીદ્યા હોવાથી આ કંપનીમાં તેનો હિસ્સો પાંચ ટકા જેવો થઇ ગયો છે.

# વિદેશી ફંડોના આંતરપ્રવાહને ટેકો આપતાં પગલાંની જાહેરાતે ડૉલર સામે રૂપિયો ૫૬ પૈસા ઊંચકાયો

મુંબઈઃ રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ આજે ત્રણ દિવસીય નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદર યથાવત્ રાખવાની સાથે વિદેશી મૂડીગત પ્રવાહને ટેકો આપવાના અને વિદેશી હૂંડિયામણની પ્રવાહિતા મજબૂત કરવાના પગલાંની જાહેરાત કરતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન એક તબક્કે ૮૫ પૈસાના સુધારા સાથે ૯૪.૮૯ સુધી પહોંચ્યા બાદ અંતે ૫૬ પૈસા ઊંચકાઈને ૯૫.૧૮ના મથાળે બંધ રહ્યો હતો. વધુમાં આજે રિઝર્વ બૅન્કે વિદેશી હૂંડિયામણની અનામત ૧૧ મહિનાની આયાત આવરી લે તેટલી ૬૮૨.૩ અબજની સપાટીએ હોવાનું જણાવતાં પણ રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૭૪ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૯૫.૭૨ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૭૮ અને ઉપરમાં ૯૪.૮૯ની રેન્જમાં અથડાઈને અંતે ૫૬ પૈસાના ઉછાળા સાથે ૯૫.૧૮ની સપાટીએ બંધ રહ્યો હતો. ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં બે પૈસાનો સુધારો નોંધાયો હતો.

રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની વર્તમાન નાણાકીય વર્ષની બીજી દ્વિમાસિક મોનેટરી પૉલિસીની બેઠકના અંતે ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે કમિટીએ સર્વાનુમતે તટસ્થ વલણ સાથે ટૂંકાગાળાના ધિરાણ દર અથવા તો રિપો રેટ ૫.૨૫ ટકાના સ્તરે જાળવી રાખવાનો નિર્ણય લીધો છે.

એકંદરે રિઝર્વ બૅન્કે નીતિવિષયક વલણ સાથે વ્યાજદર જાળવી રાખતા નાણાકીય વર્ષ ૨૦૨૭ માટેનાં ફુગાવાનો લક્ષ્યાંક ૫૦ બેસિસ પૉઈન્ટ વધારીને ૫.૧ ટકાનો રાખ્યો છે અને કેપિટલ એકાઉન્ટ મારફતે રૂપિયા અને ફુગાવાને ટેકો આપી વ્યાજદરમાં વધારાનું હથિયાર અનામત રાખ્યું હોવાનું કોટક સિક્યોરિટીઝનાં કૉમૉડિટી અને કરન્સી રિસર્ચ વિભાગનાં હેડ અનિન્દ્ય બેનરજીએ જણાવ્યું હતું. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે નવાં ૧૫, ૩૦ અને ૪૦ વર્ષના ગવર્મેન્ટ સિક્યોરિટીઝને ફુલ્લી એક્સસેસિબલ રૂટમાં વિસ્તરણ, દૂર કરવામાં આવેલી એફપીઆઈ કોન્સન્ટ્રેશનની મર્યાદા જેવાં પગલાંઓની જાહેરાતથી પણ રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો.

# વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ચાંદી ₹ ૪૧૮૦ ગબડી, સોનામાં ₹ ૧૮૪૮નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મધ્ય પૂર્વના દેશોમાં ભૂરાજકીય તણાવ હળવો થવાનો આશાવાદ મંદ પડતાં આજે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં વધારાની સાથે ફુગાવો વધવાની પણ ચિંતા સપાટી પર આવતા લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું.

આમ વિશ્વ બજારનાં નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સપ્તાહના અંતે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૪૧૮૦ ગબડી ગયા હતા, જ્યારે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૮૪૧થી ૧૮૪૮નો ઘટાડો આવ્યો હતો.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક ચાંદીમાં ૧.૫૦ ટકા જેટલું ગાબડું પડ્યાના નિર્દેશો સાથે સ્થાનિકમાં પણ ચાંદીમાં સટ્ટાકીય વેચવાલીનું દબાણ ઉપરાંત ઘટતી બજારે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૪૧૮૦ના ઘટાડા સાથે રૂ. ૨,૫૬,૯૦૮ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ નરમાઈનું વલણ રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૮૪૧ ઘટીને રૂ. ૧,૫૩,૬૨૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૮૪૮ના ઘટાડા સાથે રૂ. ૧,૫૪,૨૩૮ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં પણ રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પના લેબેનોન અને ઈઝરાયલ વચ્ચેનાં શાંતિ પ્રસ્તાવને લેબેનોન અને ઈઝરાયલે અવગણી નાખતા આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ વધી આવ્યા હતા અને ફુગાવામાં વધારો થવાની ચિંતા સપાટી પર આવતા આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકો ઘટીને ઔંસદીઠ ૪૪૬૯.૫૯ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા ઘટીને ૪૪૯૧.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૫ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૭૨.૭૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

લેબેનોન અને ઈઝરાયલે શાંતિ પ્રસ્તાવ નકારી કાઢતાં અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર થવાની શક્યતા ધૂંધળી બનતાં આજે ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલો વધારો અને તેને કારણે ફુગાવામાં વધારો થતાં અમેરિકી ફેડરલ રિઝર્વ પણ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા નબળી પડતાં સોનાના ભાવમાં પીછેહઠ જોવા મળી હોવાનું વિસ્ડમ ટ્રીના કૉમૉડિટી સ્ટ્રેટેજિસ્ટ નિતેશ શાહે જણાવ્યું હતું.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર આ સપ્તાહમાં અત્યાર સુધીમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં ૨.૮ ટકાનો ઉછાળો આવ્યો છે. તેમ જ અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ શરૂ થયું ત્યારથી અમેરિકી ફેડરલ રિઝર્વ વર્ષ ૨૦૨૬માં વ્યાજદરમાં કાપ નહીં મૂકે તેવી શક્યતા પ્રબળ બનતા અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૧૬ ટકા જેટલો ઘટાડો આવ્યો છે. જોકે, હવે કાપને બદલે વર્ષ ૨૦૨૬ના અંત આસપાસ અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો વધારો કરે તેવી ૩૭ ટકા શક્યતા બજાર વર્તુળો સીએમઈ ફેડ વૉચ ટૂલ પર મૂકી રહ્યા છે.

# ટીનની આગેવાની હેઠળ વિવિધ ધાતુમાં નરમાઈ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં પીછેહઠ જોવા મળી હોવાના નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ધાતુ બજારમાં પણ ખાસ કરીને ટીનની આગેવાની હેઠળ વિવિધ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૪૪ સુધીનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે માત્ર લીડ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. બેનો સુધારો આવ્યો હતો અને કોપર સ્ક્રેપ હેવી તથા એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ટકેલું વલણ રહ્યું હતું. આ સિવાયની તમામ ધાતુઓના ભાવ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન, નિકલ અન કપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણ સામે માગ પણ ખપપૂરતી રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૪૪ ઘટીને રૂ. ૫૩૨૫, રૂ. ૧૦ ઘટીને રૂ. ૧૮૧૫ અને રૂ. નવ ઘટીને રૂ. ૧૩૮૯ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગે ભાવ ઘટી આવ્યા હતા તેમાં બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૮૪૦ અને રૂ. ૩૯૪, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૩૭૨, કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. બેના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૧૩૧૦, રૂ. ૧૨૨૮ અને રૂ. ૮૯૩ અને કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૧૩૩૪ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર લીડ ઈન્ગોટ્સમાં વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૨૧૨ના મથાળે રહ્યા હતા, જ્યારે કોપર સ્ક્રેપ હેવી અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૩૨૩ અને રૂ. ૩૨૫ના મથાળે ટકેલાં રહ્યા હતા.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં ₹ ૧૦નો ચમકારો, મિડિયમમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૨૦થી ૩૮૫૦માં ટકેલા ધોરણે થયાના નિર્દેશો હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ચમકારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ જળવાઈ રહી હોવા છતાં માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા મિશ્ર વલણ રહ્યું હતું અને નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સુધારો અને ઉપલા મથાળેથી રૂ. બેનો ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે નાકા ડિલિવરી ધોરણે માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં એકંદર માગ પ્રબળ રહેતાં તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯૭૬થી ૪૦૬૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ગુણવત્તાનુસાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના સુધારા અને ઉપલા મથાળેથી રૂ. બેના ઘટાડા સાથે રૂ. ૪૦૮૬થી ૪૧૮૦માં થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૩૯૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૬૦થી ૪૦૫૦માં ટકેલા ધોરણે થયા હતા.



# આયાતી તેલમાં વિશ્વ બજાર પાછળ પીછેહઠ, સિંગતેલમાં સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૨૪૨ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૪૭ રિંગિટ ઘટી આવ્યાના નિરુત્સાહી અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે આયાતી તેલમાં પીછેહઠ જોવા મળી હતી. જોકે, આજે રાજકોટ મથકે સિંગતેલમાં દેશાવરોની માગને ટેકે તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. પાંચ અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫ વધી આવતા સ્થાનિકમાં સિંગતેલના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે આયાતી તેલમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડમાં રૂ. ૧૦ અને આરબીડી પામોલિનમાં રૂ. પાંચ ઘટી આવ્યા હતા.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલ એગ્રોના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૭, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૭૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના જુલાઈ અને ઑગસ્ટ ડિલિવરી શરતે અનુક્રમે રૂ. ૧૪૮૦ અને રૂ. ૧૪૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૫૦, રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના ઑગસ્ટ ડિલિવરી શરતે રૂ. ૧૫૦૦ અને સન રિફાઈન્ડના જુલાઈ ડિલિવરી શરતે રૂ. ૧૬૫૦ અને જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૧ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર પાંખાં હતા. જોકે, આજે ગોકુલ એગ્રોની જૂન મહિનાના કોન્ટ્રાક્ટમાં આરબીડી પામોલિનની બાયબેકમાં રૂ. ૧૪૪૦ના મથાળે લેવીલી નીકળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૧,૦૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૪૦૦૦ ગૂણીની આવક સામે બન્ને મથકો પર વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૫૫૦માં ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાસીડની અંદાજે એક લાખ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૫૦૦થી ૬૭૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૬૬૦૦થી ૬૭૦૦માં થયા હતા. તેમ જ ગોંડલમાં આજે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૫૦થી ૧૫૭૫માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૪૮૦થી ૧૪૮૫માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૨૦થી ૧૫૨૫માં થયા હતા. તેમ જ આજે રાજકોટ ખાતે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૫૦૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૭૫માંથયાના અહેવાલ હતા.

સ્થાનિકમાં હાજર બજારમાં આજે ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના ભાવ રૂ. ૧૪૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૫૦, સિંગતેલના રૂ. ૧૬૨૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૬૦ અને સરસવના રૂ. ૧૬૦૫ના મથાળે રહ્યા હતા.



કૉંગ્રેસના કાર્યકર્તાઓ મોંઘવારીઓના મુદ્દે રેલી કાઢી રાજકોટ કલેક્ટરને રજૂઆત કરવા પહોંચ્યા હતા... (તસવીરકાર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

# રાજકોટ જિલ્લામાં હાઈવેના ડિવાઈડર તોડનારાઓ સામે પ્રથમ ફરિયાદ નોંધાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ જિલ્લામાં તંત્ર દ્વારા હાઇવેના ડિવાઇડર ગેરકાયદેસર રીતે તોડનારાઓ સામે લાલ આંખ કરવામાં આવી છે. આ ઝુંબેશના ભાગરૂપે આટકોટ પોલીસ મથકમાં પ્રથમ એફઆઈઆર નોંધવામાં આવી છે, જેમાં અજાણ્યા શખ્સ સામે સરકારી સંપત્તિને રૂ. ૬૦ હજારનું નુકસાન પહોંચાડવાનો આરોપ છે. રાજકોટ કલેક્ટરની અધ્યક્ષતામાં મળેલી ડિસ્ટ્રિક્ટ રોડ સેફ્ટી કમિટીની બેઠકમાં એ તારણ બહાર આવ્યું હતું કે હાઇવે પર ગેરકાયદે રીતે બનાવેલા કટ અકસ્માત માટેનું મુખ્ય કારણ છે.

પોલીસના જણાવ્યા ઇસુનુયર, વર્ષ ૨૦૨૫માં જિલ્લામાં માર્ગ અકસ્માતોમાં ૧૭૨ લોકોએ જીવ ગુમાવ્યા હતા, જેમાં મોટાભાગના જીવલેણ બનાવો સ્ટેટ અને નેશનલ હાઇવે પર બન્યા છે. પોલીસ, માર્ગ અને મકાન વિભાગ તેમજ નેશનલ હાઇવે ઓથોરિટીના અધિકારીઓ દ્વારા કરવામાં આવેલા સંયુક્ત નિરીક્ષણમાં પેટ્રોલ પંપ, હોટલો અને અન્ય કોમર્શિયલ એકમો પાસે આવા અનેક ગેરકાયદે કટ મળી આવ્યા હતા. જિલ્લાવ્યાપી સર્વેમાં પાંચ નેશનલ હાઇવે પર ગેરકાયદે કટ હોવાનું બહાર આવ્યું હતું.

સત્તાવાર આંકડાઓ મુજબ, રાજકોટ-પોરબંદર-સોમનાથ હાઇવે પર ૧૦, રાજકોટ-જામનગર હાઇવે પર ૧૬, રાજકોટ-કાલાવાડ હાઇવે પર ૭ અને રાજકોટ-ભાવનગર હાઇવે પર ૧૦ જેટલા ગેરકાયદે ઓપનિંગ મળી આવ્યા હતા. હાલ તંત્ર દ્વારા આ તમામ ગેરકાયદે કટ બંધ કરી દેવામાં આવ્યા છે. ■

# મોરબી જિલ્લાના ૨૫૧ ખેડૂતોને ₹ ૨૨.૧૨ લાખના ખર્ચે આધુનિક ખેત-ઓજારોની સહાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ખેતીમાં મજૂરોની અછતને પહોંચી વળવા અને ખેડૂતોને આર્થિક રીતે સમૃદ્ધ બનાવવાના હેતુથી ગુજરાત સરકાર દ્વારા કૃષિ યાંત્રીકરણને વિશેષ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આધુનિક યુગમાં સમયસર ખેતીના કાર્યો પૂર્ણ કરવા માટે મોરબી જિલ્લામાં સરકારની 'કૃષિ યાંત્રીકરણ અંતર્ગત મીની ટ્રેક્ટર અને સાધનોમાં સહાય' યોજના નાના અને સીમાંત ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. આર્થિક મર્યાદાઓના કારણે મોંઘા સાધનો ખરીદી ન શકતા કે ઊંચા ભાડા ચૂકવવા મજબૂર ખેડૂતો માટે વર્ષ ૨૦૨૫-૨૬ અન્વયે મોરબી જિલ્લા બાગાયત વિભાગ દ્વારા આ કલ્યાણકારી યોજના હેઠળ રૂ. ૨૨.૧૨ લાખની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે, જેનો સીધો લાભ જિલ્લાના કુલ ૨૫૧ પ્રગતિશીલ ખેડૂતોને મળ્યો હતો.

આ આર્થિક સહાય અંતર્ગત મોરબી જિલ્લામાં ખેડૂતોને વ્યાપક પ્રમાણમાં આધુનિક કૃષિ યંત્રો પૂરા પાડવામાં આવ્યા છે, જેમાં ૨૫૧ મીની ટ્રેક્ટર, ૧૭૩ કલ્ટીવેટર, ૭૮ રોટાવેટર અને ખેતપેદાશોના પરિવહન માટે ૧ મિની ટ્રેલરનો સમાવેશ થાય છે.

આ પ્રોત્સાહક પગલાંને લીધે ખેડૂતોને ખેડ, વાવણી અને લણણી જેવા કાર્યોમાં ફાયદાકારક નીકળશે. આ ઉપરાંત ઉનાળુ ઋતુમાં પાક માટે પાણીના પરિવહન અર્થે પણ આ સાધનો અત્યંત ઉપયોગી નીવડી રહ્યા છે. ■

# સુરેન્દ્રનગર-રાજકોટમાં બનશે નવી ઈએસઆઈ હૉસ્પિટલ, ૫૦૦૦ અગરિયાઓને આવાસ મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢના જોગ આશ્રમ ખાતે ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તેમ જ ગ્રામ વિકાસ વિભાગના પ્રધાન કુંવરજીભાઈ બાવળિયાના અધ્યક્ષસ્થાને અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓ સાથે એક વિશેષ સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો દેશના વિકાસની સાચી કરોડરજ્જુ છે અને તેમના સર્વાંગી ઉત્થાન માટે રાજ્ય સરકાર મક્કમતાથી આગળ વધી રહી છે.

થાનગઢ અને મોરબી જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં સિરામિક અને પથ્થર ઉદ્યોગ સાથે જોડાયેલા શ્રમિકોમાં થતા 'સિલિકોસિસ' જેવા જીવલેણ રોગ સામે જાગૃતિ લાવવા પર તેમણે વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે આર્થિક સહાયની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, જો કોઈ શ્રમિકમાં આ રોગનું નિદાન થાય, તો તેના પુનઃસ્થાપન માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ત્રણ લાખ અને જો આ રોગના કારણે શ્રમિકનું અકાળે અવસાન થાય તો તેના પરિવારને રૂ. ચાર લાખની આર્થિક સહાય આપવામાં આવે છે. તેમણે શ્રમિકોને કામ દરમિયાન ફરજિયાતપણે માસ્કનો ઉપયોગ કરવા અને ફેક્ટરી માલિકોને પણ પોતાના સ્વાસ્થ્યની જેમ જ શ્રમિકોના સ્વાસ્થ્યની ચિંતા કરી તેમને સુરક્ષા કીટ પૂરી પાડવા હાર્દિક અપીલ કરી હતી.

તેમણે કહ્યું હતું કે સુરેન્દ્રનગર અને રાજકોટ સહિતના જિલ્લાઓમાં ટૂંક સમયમાં નવી ઈ.એસ.આઈ. હૉસ્પિટલો અને આધુનિક તબીબી સુવિધાઓ ઊભી કરવામાં આવશે. આ ઉપરાંત, દરિયાકાંઠાના વિસ્તારોમાં મીઠું પકવવાનું કામ કરતા આશરે ૫૦૦૦ જેટલા અગરિયા શ્રમિકો માટે નવા આવાસની જોગવાઈ પણ વિભાગ દ્વારા કરવામાં આવશે.

વિશ્વ પર્યાવરણ દિવસના અવસરે સાંસદ ચંદુભાઈ શિહોરાએ જણાવ્યું હતું કે માત્ર વૃક્ષારોપણ કરવું પૂરતું નથી, પરંતુ વાવેલા વૃક્ષોનું યોગ્ય જતન કરી તેને ઉછેરવાની જવાબદારી પણ આપણે સૌએ સામૂહિક રીતે સ્વીકારવી પડશે. આ તકે તેમણે સ્થાનિક જનપ્રતિનિધિઓને સરકારી અધિકારીઓ સાથે યોગ્ય સંકલન સાધીને વિસ્તારના વિકાસકામોને વેગ આપવા તેમજ સરકારના ધારાધોરણો મુજબ જનહિતના કાર્યો કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. ■

# રાજકોટમાં 'દિવ્ય દરબાર' પર વિવાદ: પાટીદાર આગેવાન મેદાને, ધીરેન્દ્ર શાસ્ત્રીએ સ્વીકારી ચેલેન્જ

અમદાવાદ: રાજકોટમાં સૌરાષ્ટ્ર સનાતન સમિતિ દ્વારા રેસકોર્સ મેદાન ખાતે ૫ થી ૭ જૂન દરમિયાન દર્શન-સત્સંગ, કથા અને દિવ્ય દરબારના આયોજન હોઈ, બાગેશ્વર ધામના પંડિત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી રાજકોટ આવી પહોંચ્યા હતા. જોકે, તેમના આગમન પહેલાં જ વિવાદ શરૂ થઈ ગયો હતો. પાટીદાર અગ્રણી પરષોત્તમ પીપળીયાએ પોલીસ સ્ટેશનમાં બે અરજીઓ આપી હતી, જેમાં તેમણે સ્પષ્ટ કર્યું છે કે તેમને હનુમાન કથા સામે કોઈ વાંધો નથી, પરંતુ કથાના બહાને યોજાતા કથિત 'દિવ્ય દરબાર'નો તેઓ સખત વિરોધ કરે છે. તેમણે માંગ કરી હતી કે આ દિવ્ય દરબાર બંધ કરાવવામાં આવે અને જેવી રીતે બાબાને પોલીસ સુરક્ષા આપવામાં આવે છે, તેવી જ રીતે આ કથિત ચમત્કારોનો પર્દાફાશ કરવા જનાર લોકોને પણ પોલીસ રક્ષણ પૂરું પાડવામાં આવે.

છેલ્લા એક સપ્તાહથી સોશ્યલ મીડિયા પર અંધશ્રદ્ધા ફેલાવવાના આરોપો સાથે ફેંકવામાં આવેલી ચેલેન્જનો સ્વીકાર કરતા ધીરેન્દ્ર શાસ્ત્રીએ પોતાના વિરોધીઓને ખુલ્લા મને દરબારમાં આવવાનું આમંત્રણ આપ્યું હતું. વિરોધીઓ પર પલટવાર કરતા તેમણે જણાવ્યું હતું કે, તેમના પર ટિપ્પણી કરનારા લોકો દેશમાં લવ જેહાદ ફેલાવનારાઓ કે દેશને 'ગઝવા-એ-હિન્દ' બનાવવા માંગનારાઓ પર કેમ ચૂપ રહે છે? બાબા બાગેશ્વરે સ્પષ્ટતા કરી હતી કે તેઓ માત્ર ધર્માંતરણ રોકી રહ્યા છે અને 'હિન્દુ રાષ્ટ્ર' બનાવવાની વાત કરી રહ્યા છે, જેના કારણે જ કેટલાક લોકો દ્વારા તેમને નિશાન બનાવવામાં આવી રહ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું. ■

# જામનગરમાં 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' અંતર્ગત ગેરકાયદે વસવાટ કરતા ૧૨ શંકાસ્પદ બાંગ્લાદેશીઓની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતની આંતરિક શાંતિ, સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાના હેતુથી જામનગર જિલ્લામાં ગેરકાયદે રીતે વસવાટ કરતા બાંગ્લાદેશી ઘૂસણખોરોને ઝડપી પાડવા માટે 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' સઘન બનાવવામાં આવ્યું છે. આ ઝુંબેશ હેઠળ પોલીસની વિવિધ ટીમો દ્વારા જામનગર શહેર અને જિલ્લાના ઔદ્યોગિક વિસ્તારો, મજૂર વસાહતો, ભાડાના મકાનો તેમજ ધાર્મિક સ્થળો જેવા સંવેદનશીલ વિસ્તારોમાં વ્યાપક સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ સઘન ચેકિંગ દરમિયાન જામનગર શહેર અને મેઘપર પોલીસ મથકની હદમાંથી પોલીસે ૧૨ જેટલા શંકાસ્પદ ઈસમોની અટકાયત કરી હતી અને તેઓની નાગરિકતા તથા મૂળ ઓળખ અંગે કસ્ટડીમાં રાખીને સઘન પૂછપરછ શરૂ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

મળતી વિગતો અનુસાર, હાલમાં દરેડ જીઆઈડીસી, મેઘપર તેમજ શહેરના ત્રણેય પોલીસ ડિવિઝન વિસ્તારોમાં પકડાયેલા આ શંકાસ્પદ લોકોના રહેણાક, આધાર પુરાવા, ઓળખપત્રો અને અન્ય જરૂરી દસ્તાવેજોની બારીકાઈથી ખરાઈ કરવામાં આવી રહી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, સંપૂર્ણ દસ્તાવેજી ચકાસણી પૂર્ણ થયા બાદ જ આ લોકો અંગે અંતિમ નિર્ણય લેવાશે અને જો કોઈ વ્યક્તિ ગેરકાયદે દેશમાં રહેતો હોવાનું સામે આવશે, તો તેની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ■

# જૂનાગઢના વંથલીમાં ગેરકાયદે રેતી ખનન પર મેગા ઓપરેશન રૂ. ૩.૫ કરોડનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢ જિલ્લાના વંથલી પંથકમાં લાંબા સમયથી ચાલી રહેલા ભૂ-માફિયાઓના આતંક અને ગેરકાયદે ખનન પ્રવૃત્તિઓ સામે આખરે ખાણ ખનીજ વિભાગે લાલ આંખ કરી હતી. સ્થાનિકોની અનેક રજૂઆતો બાદ ઊંઘમાંથી જાગેલા તંત્રએ આકસ્મિક દરોડા પાડીને રોયલ્ટી પાસ વગર સાદી રેતીનું ગેરકાયદે વહન કરતી નવ ટ્રકો અને ઉત્ખનનમાં વપરાતા એક લોડર મશીનને ઝડપી પાડ્યું હતું. આ ઓપરેશનમાં ખનીજ સહિત કુલ અંદાજિત રૂ.૩.૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કરીને તમામ વાહનોને આગળની કાયદેસરની કાર્યવાહી માટે વંથલી પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં સોંપવામાં આવ્યા હતા.

આ કાર્યવાહી અંગે ખાણ ખનીજ વિભાગના ઇન્ચાર્જ અધિકારીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, બાતમીના આધારે રેન્ડમ ચેકિંગ દરમિયાન એસડીએમ દ્વારા બપોરે બે ગાડીઓ સીઝ કરવામાં આવી હતી. ત્યારબાદ વધુ સાત જેટલી ઓવરલોડ રેતી ભરેલી ટ્રકો પકડાઈ હતી, જેની પાસે કોઈ પાસ કે પરમિટ ન હતા. જે જગ્યાએ રેતી ચાળવામાં આવી રહી હતી તેની મંજૂરી અંગે પણ કોઈ વિગતો હજુ સુધી ધ્યાનમાં આવી નથી. હાલમાં આ તમામ ટ્રકો કોની માલિકીની છે, રેતી ક્યાંથી ભરવામાં આવી અને રોયલ્ટી અંગે કોની સંડોવણી છે તે તમામ દિશામાં વિભાગ દ્વારા સઘન તપાસ ચાલી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સ્થાનિકોમાં એવી ચર્ચા છે કે આ પગલું ભારે એ કોઇ બાતમીના આધારે નથી કરવામાં આવી પરંતુ લોકોમાં ફાટી નીકળેલા વિરોધનું પરિણામ છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક મહિનાઓથી આ વિસ્તારમાં ગેરકાયદેસર રેતીનો કાળો કારોબાર ધમધમી રહ્યો હતો અને થોડા દિવસો પહેલા જ સાંતલપુર ગામ નજીક રેતી ભરેલા એક બેફામ ડમ્પરની અડફેટે એક નિર્દોષ મહિલાનું મોત નીપજ્યું હતું. આ ઘટના બાદ રોષે ભરાયેલા ગ્રામજનો ટ્રેક્ટરોમાં મહિલાના મૃતદેહ સાથે વંથલી પોલીસ મથકે પહોંચ્યા હતા અને ભારે હોબાળો મચાવી ડમ્પરો કાયમી બંધ કરાવવા ઉગ્ર રજૂઆત કરી હતી. આ લોકદબાણના કારણે જ તંત્રએ આખરે સફાળા જાગીને કાર્યવાહી કરવી પડી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# રાજકોટમાં ભાજપના આગેવાન સામે દુષ્કર્મ અને ખંડણીની ગંભીર ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો હતો, જેમાં કચ્છની ૨૦ વર્ષીય નર્સિંગનો અભ્યાસ કરતી યુવતીએ શહેરના આજીડેમ પોલીસ સ્ટેશનમાં રાજકોટ જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ નાગદાન ચાવડાના ભત્રીજા અને જિલ્લા પંચાયતની બેડી સીટના સભ્ય સુમિતા ચાવડાના પતિ રાજેશ ઉર્ફે રાજા ચાવડા સહિત અન્ય શખ્સો સામે ગંભીર ફરિયાદ નોંધાવી હોવાની વિગતો સૂત્રોએ જણાવી હતી. રાજા ચાવડા ઉપરાંત રામ છૈયા, શ્યામ છૈયા અને મુકેશ છૈયા સહિતના વ્યક્તિઓ વિરુદ્ધ દુષ્કર્મ, મારમારી, જાનથી મારી નાખવાની ધમકી, ખંડણી માંગવી અને ગેરકાયદે રીતે ગોંધી રાખવા જેવી અત્યંત ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ફરિયાદમાં કરવામાં આવેલા આક્ષેપ મુજબ, પીડિતાને રામ છૈયા દ્વારા તેના ઘરે બે મહિના સુધી ગોંધી રાખવામાં આવી હતી. આ ઉપરાંત, રાજા ચાવડાએ પોતાની પાસે રહેલા પરવાનાવાળા હથિયારને પીડિતાના લમણે મૂકીને રૂ. ૨૦ લાખની ખંડણી માંગી હોવાનો ગંભીર આરોપ પણ લગાવવામાં આવ્યો હતો.

નોંધનીય છે કે, શરૂઆતમાં આડેસર પોલીસ દ્વારા ઝીરો નંબરથી દાખલ કરાયેલી આ ફરિયાદ આજીડેમ પોલીસને ટ્રાન્સફર કરવામાં આવી હતી, પરંતુ તેમાં આર્મ્સ એક્ટની કલમનો ઉમેરો ન કરાતા અનેક સવાલો ઊભા થયા છે. આરોપી ભાજપના આગેવાન હોવાથી શું પોલીસે તેમને બચાવવા આર્મ્સ એક્ટની કલમ દાખલ કરવાનું ટાળ્યું છે? તેવો ગણગણાટ હાલ લોકોમાં થઈ રહ્યો છે. ■

# ભાવનગર જિલ્લામાં ૮ થી ૧૮ જૂન દરમિયાન રક્તપિત્ત શોધ અભિયાન

## ૩૦૯ ટીમો ઘરે ઘરે સર્વે કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેર તથા જિલ્લાના તમામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં રક્તપિત્તના દર્દીઓની વહેલી તકે ઓળખ કરી તેમને યોગ્ય સારવાર ઉપલબ્ધ કરાવવા માટે તા.૦૮ થી ૧૮ જૂન, ૨૦૨૬ દરમિયાન લેપ્રસી કેસ ડીટેક્શન કેમ્પેઇન એલસીડીસી હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન હેઠળ સમગ્ર જિલ્લામાં ૩૦૯ ટીમો દ્વારા ઘરે-ઘરે જઈ સર્વેની કામગીરી કરવામાં આવશે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. કોકિલાબેન સોલંકી તથા જિલ્લા ક્ષય અધિકારી ડો. પી.વી. રેવરએ જણાવ્યું હતું કે, અભિયાનનો મુખ્ય હેતુ રક્તપિત્તના દર્દીઓને શોધી તેમને સમયસર સારવારના દાયરામાં લાવવાનો છે. છેલ્લા ૧૦ વર્ષ દરમિયાન જ્યાં રક્તપિત્તના કેસ નોંધાયા હતા તેવા ગામો અને વિસ્તારોને પણ આ ઝુંબેશમાં આવરી લેવામાં આવ્યાં છે.

અભિયાન માટે કાર્યરત દરેક ટીમમાં એક આશા વર્કર અને એક પુરુષ આરોગ્ય કર્મચારીનો સમાવેશ કરવામાં આવ્યો છે. મમતા દિવસ અને જાહેર રજાઓને બાદ કરતાં કુલ ૦૭ દિવસ સુધી ટીમો ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં દરરોજ અંદાજે ૩૦ થી ૪૦ ઘરોની મુલાકાત લઈ પરિવારના સભ્યોની શારીરિક તપાસ કરશે.

સર્વે દરમિયાન કોઈ વ્યક્તિમાં રક્તપિત્તના શંકાસ્પદ લક્ષણો જણાય તો તેમને વધુ તપાસ, નિદાન અને સારવાર માટે નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અથવા સરકારી હોસ્પિટલ ખાતે મોકલવામાં આવશે. નિદાન બાદ દર્દીઓને ૦૬ થી ૧૨ માસ સુધી મલ્ટી ડ્રગ થેરાપી સારવાર આપવામાં આવશે, જેના દ્વારા રક્તપિત્તનો રોગ સંપૂર્ણપણે મટાડી શકાય છે.

જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે સર્વે માટે આવતી ટીમોને જરૂરી માહિતી આપી સહકાર આપે, જેથી રક્તપિત્તમુક્ત સમાજના નિર્માણના પ્રયાસોને વધુ વેગ મળી શકે. ■

# ભાવનગરમાં સર ટી. હૉસ્પિટલમાં યુવકના મોત મામલે કમિટી રચાઈ: તબીબોની બેદરકારીના આક્ષેપ બાદ વિવાદ વકર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરની સર ટી. હૉસ્પિટલમાં બે દિવસ પૂર્વે એક યુવકનું મોત થતાં તબીબોની બેદરકારીના આક્ષેપો સાથે ભારે વિવાદ વકર્યો છે. આ ઘટનામાં મોતનું સાચું કારણ જાણવા માટે હોસ્પિટલ સુપરિટેન્ડન્ટ દ્વારા એક ખાસ તપાસ કમિટીનું ગઠન કરવામાં આવ્યું છે, જે આગામી દિવસોમાં તમામ સંબંધિત લોકોના નિવેદન લેશે.

મળતી વિગતો અનુસાર, ભાવનગર-ધોલેરા હાઈ-વે પર બાવળીયાળી નજીક ગત તા. ૨૮-૫ના રોજ સર્જાયેલા એક વાહન અકસ્માતમાં અમરેલીના રહેવાસી ૨૩ વર્ષીય યુવક નિરજ અનિલભાઈ વ્યાસને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેને તાત્કાલિક સારવાર અર્થે સર ટી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ગત મંગળવારના રોજ સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

યુવકના મોત બાદ તેના પરિવારજનોએ હૉસ્પિટલના સ્ટાફ સામે ગંભીર આક્ષેપો કર્યા છે. પરિવારનો આરોપ છે કે હૉસ્પિટલ સ્ટાફ દ્વારા દર્દીના પરિવાર કે કોઈ ડોક્ટરને જાણ કર્યા વિના જ વેન્ટિલેટર હટાવી લેવામાં આવ્યું હતું, જેના કારણે યુવકનું મોત થયું છે.

આ ગંભીર આક્ષેપો અને વકરેલા વિવાદને પગલે હૉસ્પિટલ પ્રશાસન એક્શનમાં આવ્યું છે. હૉસ્પિટલ સુપરિટેન્ડન્ટ દ્વારા આ મામલે સત્ય બહાર લાવવા એક તપાસ સમિતિ બનાવવામાં આવી છે. આ કમિટી આગામી દિવસોમાં દરેક પક્ષકારનાં નિવેદનો નોંધશે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, તપાસ પ્રક્રિયા ચાલુ રહે ત્યાં સુધી સંબંધિત રેસિડેન્ટ ડોક્ટરને હોસ્પિટલમાં દર્દીઓની સારવારની કામગીરીથી અળગા રહેવા માટે પણ સૂચના આપી દેવામાં આવી છે. ■

# ભાવનગરના ઘોઘા રોડ પર ૧૭ વર્ષની સગીરાનું અપહરણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરમાંથી ૧૭ વર્ષની એક સગીરાના અપહરણનો બનાવ બનતા ચકચાર મચી ગઈ હતી. પ્રાપ્ત થતી માહિતી મુજબ આજે સવારે આશરે સાડા ચાર વાગ્યે પરિવારના સભ્યો સૂતા હતા ત્યારે સગીરા જાગતી હતી.તેના પિતા પણ તે સમયે જાગીને રોજિંદી ક્રિયાઓ કરી રહ્યા હોવાથી સગીરા ફરીથી સૂઈ ગઈ હતી.ત્યારબાદ સવારે પાંચ વાગ્યે પિતા નાહી-ધોઈને નજીકના રામમંત્ર મંદિરે પૂજા કરવા માટે ગયા હતા.સવારે છ વાગ્યે જ્યારે તેઓ પૂજા કરીને ઘરે પરત ફર્યા ત્યારે સગીરા ઘરમાં ક્યાંય જોવા મળી નહોતી.

સગીરા ગાયબ જણાતા ચિંતાતુર બનેલા પરિવારજનોએ તાત્કાલિક આસપાસના વિસ્તારોમાં તેની શોધખોળ શરૂ કરી હતી.સગીરાની માતા અને મોટા ભાઈએ નારી ચોકડી તથા એસ.ટી. બસ સ્ટેન્ડ જેવા જાહેર સ્થળોએ પણ તપાસ કરી હતી.આખો દિવસ સગા-સંબંધીઓ અને સગીરાની બહેનપણીઓના ઘરે પૂછપરછ કરવા છતાં તેનો કોઈ પતો લાગ્યો નહોતો. અંતે કોઈ ભાળ ન મળતા સગીરાના પિતાએ ઘોઘારોડ પોલીસ મથકમાં અજાણ્યા શખ્સ વિરુદ્ધ દીકરીના અપહરણની ફરિયાદ નોંધાવી છે. ■

# ભાવનગરમાં સગીરનું અપહરણ કરી ઓફિસમાં બંધક રાખ્યો : ઢોર માર મારી ચોરીની કબૂલાતનો વીડિયો બનાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરના રૂવાપરી વિસ્તારમાં રહેતા એક ૧૭ વર્ષના સગીર વયના યુવકનું કારમાં અપહરણ કરી, તેને મોતી તળાવની પાળ પાસે આવેલી એક ઓફિસમાં ગોંધી રાખી પ્લાસ્ટિક તથા લોખંડના પાઇપ વડે નિર્મમ ઢોર માર મારવામાં આવ્યો હોવાની પોલીસ ફરિયાદ નોંધાઇ હતી.

આ બનાવની વિગત એવી છે કે રાત્રે આશરે સાડા આઠ વાગ્યે સિદસર સર્કલથી મસ્તરામ આશ્રમ તરફ જવાના રોડ પર આવેલી આઇશરની વાડી પાસે સગીર ઊભો હતો. તે સમયે ત્યાં ધસી આવેલા કુંભારવાડા વિસ્તારના મુકેશ, આરીફ કુરેશી, મજીદ અને 'એ.કે.' નામના શખ્સોએ તેને અટકાવ્યો હતો અને ''તારી ઘણી ફરિયાદો આવે છે'' તેમ કહી મુકેશે છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ સગીરને બળજબરીપૂર્વક કારની અંદર બેસાડી કુંભારવાડા, મોતી તળાવની પાળ પાસે આવેલી ઓફિસમાં લઇ ગયા હતા.

ઓફિસમાં સગીરના હાથ-પગ પકડી રાખી તમામ આરોપીઓએ પ્લાસ્ટિક અને લોખંડના પાઇપ તેમ જ મોટરસાઇકલના માસ્ટર વાયર વડે બેરહેમીપૂર્વક અંધાધૂંધ માર માર્યો હતો, જેના કારણે સગીરના આખા શરીરે કાળા ચામઠા પડી ગયા હતા. આરોપીઓએ ''તેં ઘણી ચોરીઓ કરી છે'' તેમ કહી, મારના બીકે તેની પાસે મોબાઇલ ચોરીની ખોટી કબૂલાત કરતો વીડિયો પણ બળજબરીથી મોબાઇલ ફોનમાં શૂટ કરાવ્યો હતો. ત્યારબાદ વહેલી સવારે આશરે છ વાગ્યે આરોપીઓ સગીરને પુલ વિસ્તારમાં છોડીને નાસી ગયા હતા. ભયભીત સગીર સવારે ઘરે આવીને સૂઇ ગયો હતો, પરંતુ બપોરે જમતી વખતે માતા-પિતાએ તેના શરીર પર ઇજાના ગંભીર નિશાન જોતા સમગ્ર હકીકત પ્રકાશમાં આવી હતી. ઇજાગ્રસ્ત સગીરને તાત્કાલિક સર ટી. હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાયો હતો. પોલીસે આ ગંભીર મામલે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■